રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

શ્રી વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા આયોજિત

## ભાવવંદના - પરિસંવાદ



તારીખ : ૦૯-૦૭-૨૦૨૩, રવિવાર

સ્થળ: ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

વર્ષ: ૭૭ અંક : ૦૧ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩

શ્રી વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા અને ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા આયોજિત

# ભાવવંદના - પરિસંવાદની ઝલક





આયોજક : શ્રી દેવચંદભાઈ સાવલિયા



પ્રેરણાસ્રોત : શ્રી પ્રવીણભાઈ ઠક્કર







યજમાન : શ્રી સુરસંગભાઈ ચૌહાણ





# કોડિયું

વર્ષ : ૭૭ ઓગસ્ટ : ૨૦૨૩ અંક : ૦૧


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | વર્તમાન યુગ<br>ભાણદેવજી | ...૦૬ |
| ૦૨ | લોકભારતીત્વ : ગુરુમહિમા અને ગુરુપરંપરા<br>ડૉ. મનહર ઠાકર | ...૦૯ |
| ૦૩ | લોકભારતીના દાદાઓ : મૂળશંકરભાઈ મો. ભટ્ટ- 'ભાઈ'<br>મનોહર ત્રિવેદી | ...૧૨ |
| ૦૪ | ભારતભૂમિની ઊર્જાવાન નારીઓ : દુર્ગાબાઈ દેશમુખ<br>ટીના દોશી | ...૧૭ |
| ૦૫ | ભૂરી છત્રી<br>રસ્કિન બૉન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા | ...૨૦ |
| ૦૬ | પ્રૂફ-રીડરની આવડતો<br>મુનિ દવે | ...૨૨ |
| ૦૭ | પૃથ્વી પરનો સૌથી સુખી માણસ શું કહે છે?<br>વિશાલ ભાદાણી | ...૨૪ |
| ૦૮ | ભારતમાં કેવા ગામડાં હોવા જોઈએ?<br>ડૉ. નાનક ભટ્ટ | ...૨૫ |
| ૦૯ | આપણી તાળીનાં આંદોલનો આકાશગંગા સુધી પહોંચે છે : તિક નાટ હાન<br>સોનલ પરીખ | ...૨૭ |
| ૧૦ | ગાડરિયા પ્રવાહથી દિવ્યતા તરફ<br>હા. શ. ભટ્ટ | ...૨૯ |
| ૧૧ | વિકાસના વેગવાન પ્રવાહની વચ્ચે ઘસારો અને નવસર્જનની પ્રક્રિયા<br>માવજી મહેશ્વરી | ...૩૧ |
| ૧૨ | શ્રેષ્ઠ ધર્મ કયો છે?<br>ડૉ. યોગેશ એસ. ત્રિવેદી | ...૩૪ |
| ૧૩ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ગ્લોબલ વોર્મિંગના પરિણામે સમગ્ર વિશ્વમાં અતિ વર્ષા, અતિ ગરમી, ભૂસ્ખલન, ધરતીકંપ, વાવાઝોડાં, નદીઓમાં ઘોડાપૂર, સુનામી વગેરે પ્રાકૃતિક પ્રકોપ પૃથ્વી ઉપર વરસી રહ્યા છે. એક અર્થમાં માનવજાત 'કર્યા ભોગવી રહી છે.' હજુ પણ 'જાગ્યા ત્યાંથી સવારનો' પ્રારંભ ક્યાંય આચરણમાં નજરે પડતો નથી. ભૌતિક વિકાસનું ભૂત વિકરાળ અને વિકૃત બની રહ્યું છે. એટલે આપણે હજુ આથી પણ ભયંકર વિનાશક ઘટનાઓ માટે તૈયાર રહેવું પડશે! રહેવું પડશે! The Future We Choose: Surviving the Climate Crisis નામના પુસ્તકમાં લખ્યું છે કે "આ ગ્રહ એનાં જુદાં સ્વરૂપે ટકશે એમાં કોઈ જ શંકા નથી. પણ સવાલ એટલો જ છે કે આપણે ટકીશું કે નહીં?"

નવા નીર આવે ત્યારે જૂનાં-નવાં પાણી ભેગાં થાય, તેને આછરતા સમય લાગે. શિક્ષણમાં પણ ચાલુ શિક્ષણનીતિ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ સંદર્ભે આવું જણાય છે! શિક્ષકો-પ્રાધ્યાપકોને ભણાવ્યા વગર ઊંચા પગાર જોઈએ છે. અને વિદ્યાર્થીઓને ભણ્યા વગર ઊંચી ટકાવારી જોઈએ છે. ખાનગી શાળા-કૉલેજોને તગડી ટ્યૂશન-ફી જોઈએ છે! દરેકનું 'યે દિલ માંગે મોર...' વલણ વધતું જાય છે. આ 'મોર' કલ્ચરે શિક્ષણક્ષેત્રને બજારુ બનાવી દીધું છે.

વળી, ચંદ્રયાન-૩ની ઘટના કે ફુલોમાંથી 'ફ્લેધર' નામે બનાવેલું પ્રાકૃતિક ચામડું આપણને રોમાંચ સાથે જ્ઞાન-અનુભવનો સર્જનાત્મક - રચનાત્મક અભિગમ ઊજળા ભવિષ્યનું સ્વપ્નદર્શન કરાવી જાય છે. ભારે ખટ - મીઠોછતાં મુંઝવણભર્યો અનુભવ થઈ રહ્યો છે ! પ્રકૃતિના ગૂઢ રહસ્યો ખોલતાં યુવાનો આપણા શુભ ભવિષ્યનું સંકેતરૂપ દર્શન કરાવે છે.

બુનિયાદી નઈ તાલીમની સારી સંસ્થાઓમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે શુભેચ્છકો પોતાનાં સંતાનોને શિક્ષણ સાથે સંસ્કાર આપવાના આગ્રહથી ભણવા મૂકે છે. આજની યુવા પેઢીમાં મોટાભાગનાને ફી ભરીને ભણ્યા વગર ડિગ્રી લઈ જવાની કુટેવ પડી ગઈ છે અને કોઈ પણ પ્રકારનું કષ્ટ, મુશ્કેલી, મુંઝવણ, શરીરશ્રમ, સમૂહજીવન તેમને પસંદ જ નથી. એમને એ સમજાતું નથી કે જીવનઘડતર માટે આ બધું જરૂરી છે. ઈંડામાંથી બહાર નીકળવા માગતા બચ્ચાની પાંખો તો જ મજબૂત થાય જો એ ઈંડાના સખત કોચલાને જાતે મહેનત કરીને તોડે. કોઈ તોડી આપે તો એની પાંખો કાચી રહી જાય. એનામાં ઊડવાની ક્ષમતા ન આવે.

થોડા વિદ્યાર્થીઓ સાચા-સારા પણ નીકળે જ, પણ સૂકા ભેગું લીલું બળે એવો ઘાટ થાય છે.

મા-બાપ આવી સંસ્કારઘડતરની શાળા-કૉલેજોમાં ભણાવવા ઈચ્છે છે અને બાળકોને ત્યાં ભણવું નથી ત્યારે આ શાળા-સંસ્થા સંચાલકોની ભારે કસોટી થાય છે. અણધાર્યા અને કદી ન કલ્પેલા પ્રશ્નોનો સામનો કરવાનું આ સંસ્થાઓને સુનામી સ્વરૂપે આવી પડે છે!!

વિજ્ઞાન-ટૅક્નૉલૉજી તો એક અમાપ શક્તિ છે, એને સારા-નરસાનું મૂલ્ય-ભાન હોતું નથી. આથી આજે આ પાનકુટીની જેમ વિકરાળ સ્વરૂપે વિસ્તરેલી સમૂહમાધ્યમોની ટૅક્નૉલૉજી સર્જનાત્મક માર્ગે જ વપરાશે તેવી આશા રાખવી કે કેમ? સમૂહમાધ્યમો એ સામાજિક મનોવૈજ્ઞાનિકનો પ્રશ્ન અધિક અને ટેકનોલોજીનો પ્રશ્ન વધુ છે!

શક્ય છે માટે કરવું એ અમાનવીય અભિગમ છે જયારે જરૂર હોય તો કરવું એ માનવીય અભિગમ છે.

આ સંજોગોમાં તો એક જ પ્રાર્થના, 'સબકો સંમતિ દે ભગવાન'

— [signature]

ભાણદેવજી

**પ્રસ્તાવના :**

આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું કે સમય ચતુર્થ પરિમાણ છે. લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ એ ત્રણ પરિમાણતો સર્વવિદિત છે. હવે વિજ્ઞાન કહે છે, સમય ચતુર્થ પરિમાણ-ફોર્થ ડાયમેન્શન છે. વળી આઈન્સ્ટાઈન આદિ વિજ્ઞાનીઓ કહે છે કે, 'દેશ અને કાળ(સમય) બંને સાપેક્ષ છે, રિલેટિવ છે. અહીં કશું નિરપેક્ષ-એબ્સોલ્યુટ નથી.' 'યોગવસિષ્ઠ મહારામાયણ', 'ત્રિપુરારહસ્ય' આદિ ગ્રંથો દેશ અને કાળની સાપેક્ષતાને ગહન અને વિશદ સ્વરૂપે અભિવ્યક્ત કરતી કથાઓથી ભરપૂર છે. પ્રત્યેક યુગની એક તાસીર હોય છે. પ્રત્યેક યુગની ખામીઓ અને ખૂબીઓ હોય છે. યુગના સ્વરૂપ અનુસાર જે-તે યુગના માનવોની જીવનશૈલી ઘડાય છે અને યુગના માનવોની જીવનશૈલી પ્રમાણે યુગનું સ્વરૂપ નિર્ધારિત થાય છે. બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. પ્રત્યેક યુગનાં ત્રણ સ્વરૂપો બને છે. યુગજ્યારે પ્રવર્તમાન હોયત્યારે તો તે વર્તમાનયુગ જ કહેવાય છે. યુગ જ્યારે વિગત બને ત્યારે આપણે તેને ભૂતકાલીન યુગ કહીએ છીએ અને જે યુગ હજુ આવવાનો હોય છે તેને આપણે ભવિષ્ય કહીએ છીએ.

**ભૂતકાળ અને વર્તમાનકાળ :**

ચીનમાં એક અતિપ્રાચીન ગ્રંથ છે. એની પ્રસ્તાવનામાં આવા અર્થનું વિધાન છે : 'પ્રાચીનકાળ બહુ સારો હતો અને વર્તમાનકાળનઠારો છે. વર્તમાનકાળમાં બધું બગડી ગયું છે. પ્રાચીનકાળના લોકો સારા હતા અને વર્તમાનકાળના લોકો નઠારા છે.'પ્રાચીનકાળના લોકો પણ પોતાના પ્રાચીનકાળને સારો અને પોતાના વર્તમાનકાળને નઠારો ગણતા આવ્યા છે. અનાદિકાળથી માનવજાતની માન્યતા રહી છે કે પહેલા બધું સારું હતું અને હવે બધું બગડી ગયું છે. આપણાં પુરાણોમાં પણ આ માન્યતા વ્યક્ત થઈ છે. આમ શા માટે બને છે? આપણને સૌને ભૂતકાળ બહુ સારો અને વર્તમાનકાળ નઠારો શા માટે લાગે છે? આમ બનવાનું કારણ માનવચિત્તમાં છે. માનવચિત્તનું બંધારણ એવું છે કે તેને ભૂતકાળ સુખરૂપ અને વર્તમાનકાળ દુઃખરૂપ લાગે છે. આપણા ચિત્તમાં સ્મૃતિઓનો ભંડાર છે. સ્મૃતિઓ ત્રણ પ્રકારની હોય છે : સુખદ સ્મૃતિઓ, દુઃખદ સ્મૃતિઓ અને તટસ્થ સ્મૃતિઓ. સ્મૃતિઓ દીર્ઘકાળ સુધી તેવી ને તેવી તાજી રહેતી નથી. સમય વીતતો જાયતેમ સ્મૃતિ ઝાંખી પડતી જાય છે અને કાળાંતરે તે લોપ થાય છે.

વિસ્મૃતિની આ પ્રક્રિયા દરમ્યાન તટસ્થ સ્મૃતિઓનું વિસ્મરણ સૌથી પહેલા થાય છે. ત્યાર પછી દુઃખદ સ્મૃતિઓનું વિસ્મરણથાય છે. સુખદ સ્મૃતિઓ દીર્ઘકાળ સુધી અને વધુ તાજા સ્વરૂપે ટકી રહે છે. માનવચિત્તનું આવું બંધારણ અને આવી ગતિવિધિ હોવાથી તેને ભૂતકાળ વધુ સુખપૂર્ણ, સારો અને તદનુસાર સુવર્ણકાળ પ્રતીત થાય છે. પરિણામે આપણે સૌ ભૂતકાળના પ્રશંસકો અને વર્તમાનકાળના નિંદકો બની ગયા છીએ.

પણ આ તારણને આંખો મીંચીને સ્વીકારી શકાય નહીં. એટલું જ નહીં, બધાને લાગે તે સાચું જ હોય એમ પણ નથી. સત્યાસત્યનો નિર્ણય માથાં ગણીને થઈ શકે નહીં. હવે આપણે પાયાના પ્રશ્ન સમક્ષ આવી ગયા છીએ અને તે છે વર્તમાન યુગ કેવો છે? બધા માને છે તેવો અર્થાત નઠારો? મને વર્તમાન યુગ સૌથી સારો લાગે છે, વર્તમાન યુગના માનવીઓ સારા લાગે છે. કહેવાનો અર્થ એવો નથી કે વર્તમાન યુગ સર્વથા દોષરહિત છે કે વર્તમાન યુગના માનવીઓ સર્વગુણસંપન્ન છે. પ્રકૃતિ સર્વત્ર ત્રિગુણાત્મિકા

છે, તેથી વર્તમાન યુગ અને વર્તમાન યુગના માનવીઓમાં મર્યાદા તો રહેવાની જ. અમારે એટલું કહેવાનું છે કે વર્તમાન યુગ નઠારો છે એવું અમને લાગતું નથી.

**વર્તમાનયુગનાં લક્ષણો :** યુગને ઘડનારાં અનેક પરિબળો હોય છે. એમાં વર્તમાન યુગપ્રવાહને ઘડનારું સૌથી મહાન પરિબળ છે વિજ્ઞાન. વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધનોએ પૃથ્વીની સિકલ બદલી નાખી છે. હવે આપણે આ યુગનાં પ્રધાન અને વિશિષ્ટ લક્ષણોને સમજવાનો પ્રયત્ન કરીએ.

**વિજ્ઞાનનો અસાધારણ વિકાસ :**

વર્તમાન યુગનું સૌથી મહત્ત્વપૂર્ણ અને ઊડીને આંખે વળગે એવું લક્ષણ છે વિજ્ઞાનનો અસાધારણ વિકાસ. વિજ્ઞાનની અનેક શાખાઓમાં અપરંપાર સંશોધનો થયાં છે. આ સંશોધનો માત્ર પ્રયોગશાળામાં સીમિત રહ્યાં નથી, પરંતુ માનવજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રયુક્ત પણ થયાં છે. એનું પરિણામ એ આવ્યું છે કે માનવીની વિચારધારા અને જીવનશૈલી વ્યાપક પ્રમાણમાં બદલાઈ ગઈ છે.

**સંચાર અને વિનિમયનાં સાધનો :**વસ્તુતઃ સંચાર અને વિનિમયનાં સાધનોનો અસાધારણ વિકાસ વિજ્ઞાનના વિકાસ દ્વારા જ શક્ય બન્યો છે. પૃથ્વીના એક ખૂણેથી બીજાખૂણે હવે માનવી ૨૪ કલાકમાં પહોંચી શકે છે. ફોન, મોબાઈલ, લૅપટૉપ, કમ્પ્યૂટર આદિ વિનિમયનાં સાધનો વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ બન્યાં છે. સંચાર અને વિનિમયનાં સાધનોએ આપણી જિંદગી બદલી નાખી છે. વર્તમાન યુગના સ્વરૂપ પર પણ મોટો પ્રભાવ પડ્યો છે.

**શિક્ષણનો વ્યાપ :**

આધુનિક યુગમાં શિક્ષણનો વ્યાપ ખૂબ વધ્યો છે. પ્રાચીનકાળમાં જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખાઓ હતી અને તેનું શિક્ષણ પણ અપાતું હતું પણ એ શિક્ષણ સર્વજનસુલભ ન હતું. આજ દૂરદૂરનાં ગામડાંઓ સુધી, જંગલોમાં અને પહાડોમાં પણ શાળાઓ, કૉલેજો બની છે અને સૌ ઉમંગભેર શિક્ષણ લઈ રહ્યા છે. શિક્ષણના આ પ્રસારને કારણે સામાન્ય જનસમાજની જાગૃતિ અને બૌદ્ધિક ભૂમિકા ખૂબ વિકસી છે.

**સ્ત્રીપુરુષ સમાનતા :** વિશ્વભરમાં વર્તમાનકાળ સુધી પુરુષે પોતાની જાતને સ્ત્રી કરતાં ચડિયાતી માની છે. સ્ત્રીને નબળી ગણવામાં આવી છે. પરંતુ હવે સ્ત્રીપુરુષ સમાનતાનો સ્વીકાર લગભગ સર્વત્ર અને ઝડપથી થઈ રહ્યો છે. એ સાચું છે કે સ્ત્રી અને પુરુષના વ્યક્તિત્વમાં કેટલીક ભિન્નતાઓ છે, પણ એથી એ બેમાંથી કોઈ એક ચડિયાતું કે ઊતરતું છે એમ કહી શકાય નહીં. આ સત્યનો સ્વીકાર હવે થયો છે. સ્ત્રી હવે વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, વિજ્ઞાની, અવકાશયાત્રી, સંત બધું જ બની શકે છે.

**સાર્વત્રિક સમાનતા :**

સ્ત્રીપુરુષ સમાનતાની જેમ સાર્વત્રિક સમાનતાનો યુગ હવે આવ્યો છે. માણસ કઈ જ્ઞાતિમાં જન્મે છે, કયા દેશમાં જન્મે છે, કયા સમાજમાં જન્મે છે તેને આધારે તેને ચડિયાતો કે ઊતરતો ગણી શકાય નહીં. આ યુગમાં ગુલામી કે રંગભેદપણ ચાલી શકે નહીં.

**સ્વાતંત્ર્ય :**

કોઈ એક માનવી અન્ય માનવી પર આધિપત્ય ભોગવે તે યુગ હવે પૂરો થઈ રહ્યો છે. દરેકને પોતાનું જીવન છે અને પોતાના જીવનનું સ્વાતંત્ર્ય છે. માનવ-સ્વાતંત્ર્યને હણનારી દાસપ્રથા, ગુલામી, સરમુખત્યારશાહી, રાજાશાહી, નોકરશાહી વગેરે હવે દૂર થઈ ગઈ છે, દૂર થઈ રહી છે.

**લોકશાહી :**

વર્તમાન યુગનું એક મહત્ત્વનું લક્ષણ છે લોકશાહી. પ્રાચીનકાળમાં ગ્રીસનાં નગરરાજ્યોમાં કોઈક સ્વરૂપની લોકશાહી પ્રથા હતી. રોમમાં પણ હતી. પ્રાચીન ભારતમાં પણ ગણતંત્ર રાજ્યો હતાં. આ સર્વ લોકશાહીના નાનામોટા પ્રયોગો જ હતા. આમ છતાં આ પ્રયોગો આંશિક સ્વરૂપના, નાના પાયા પરના અને મર્યાદિત હતા. લોકશાહી

રાજયવ્યવસ્થાનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર અને અમલ તો માત્ર હવે વર્તમાન યુગમાં જ થયો છે. વિશ્વના ૨૦૦ દેશોમાંથી બહુ જ ઓછા દેશો એવા હશે, જેમાં કોઈ ને કોઈ સ્વરૂપે લોકશાહી ન હોય. સામ્યવાદી સરમુખત્યારશાહીનો પ્રયોગ સર્વથા નહીં તો મહદ અંશે નિષ્ફળ ગયો છે. રાજાશાહી તો હવે લગભગ ગઈ છે. સરમુખત્યારશાહીને સ્વીકારવા માટે હવે પ્રજા તૈયાર નથી. લોકશાહીની પણ મર્યાદાઓ છે આમ છતાં માત્ર રાજયવ્યવસ્થામાં જ નહીં, પરંતુ અન્ય ક્ષેત્રોમાં પણ લોકશાહીનો પ્રવેશ, સ્વીકાર અને પ્રસાર થયો છે અને વ્યાપક રીતે વધ્યો છે.

**અસાધારણ બૌદ્ધિક વિકાસ :**

આધુનિક યુગને જેમ વિજ્ઞાનયુગ ગણવામાં આવે છે તેમ બુદ્ધિયુગ પણ ગણવામાં આવે છે. વિજ્ઞાન અને બુદ્ધિનો વિકાસસમાંતર ચાલે છે અને અન્યોન્ય ઉપકારક બને છે. પ્રાચીનકાળમાં બૌદ્ધિક વિકાસ સમાજના નિશ્ચિતવર્ગ સુધી સીમિત હતો. વર્તમાન કાળમા ંબૌદ્ધિક વિકાસ સાર્વત્રિક બની રહ્યો છે. વિજ્ઞાનના વિકાસ અને બૌદ્ધિક વિકાસ દ્વારા આધુનિક યુગમાં જીવનમાં બૌદ્ધિક દૃષ્ટિકોણનો વિકાસ. પ્રત્યેક ઘટનાને, પ્રત્યેક રચનાને, પ્રત્યેક સમસ્યાને અને પ્રત્યેક નિરાકરણને બુદ્ધિપૂર્વક સમજવાનો વર્તમાન માનસનો આગ્રહ રહે છે.

**જીવનનો સ્વીકાર :**

ભારતીય ધર્મ અને અધ્યાત્મમાં 'જગત મિથ્યા છે' એવી જે ચિંતનશૈલી છે, એમાં જીવનનો અસ્વીકાર છે, એથી આપણે પૂર્ણતાથી જીવતા નથી, અધૂરું-અધૂરું અધૂરા મનથી જીવીએ છીએ. વર્તમાનકાળની જીવનશૈલીમાં જીવનનો મનભર સ્વીકાર છે. આ સુંદર પૃથ્વી પર જીવતાં-જીવતાં જ જીવનની પરમ કૃતાર્થતા સિદ્ધ કરવાની છે. મુક્તિ એટલે જીવનમાંથી મુક્તિ નહીં, જીવનમાં મુક્તિ.

**સમન્વયાત્મક દૃષ્ટિકોણ :**

સંચાર અને વિનિમયનાં સાધનોને પરિણામે પૃથ્વી હવે સાવ નાની બની ગઈ છે. દેશ-દેશવચ્ચે, સમાજ-સમાજ વચ્ચે, સંસ્કૃતિ-સંસ્કૃતિ વચ્ચે અપરંપાર સંપર્ક થઈ રહ્યો છે. સાહિત્ય, કળા, પહેરવેશ, ભોજન, વિજ્ઞાન, વિચારસરણી, નવરચના, વ્યાપાર, ખેતી, ચિકિત્સા, શિક્ષણ, યુદ્ધસામગ્રી આદિ વિવિધ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વિનિમય પણ ખૂબ વધ્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે માનવીની જીવનદૃષ્ટિ સમન્વયાત્મક બની છે.

**સમૃદ્ધિનો વિકાસ :**

ઉત્પાદન અને વ્યવસાયના પ્રત્યેક ક્ષેત્રમાં વિજ્ઞાનનું અપરંપાર પ્રદાન છે એને લીધે પૃથ્વી પર અપરંપાર સમૃદ્ધિ વિકસી છે, વધી છે અને વધી રહી છે.

**રોગ અને ચિકિત્સા :**

આરોગ્યવિષયક સમજ અને ચિકિત્સાનાં સાધનો ખૂબ વધ્યાં છે અને છતાં આપણે કબૂલ કરવું જોઈએ કે રોગનું પ્રમાણ પણ વધ્યું છે. કારણકે ઉદ્યોગોએ આપણાં હવા અને પાણીને દૂષિત કરી નાખ્યાં છે. જીવનમાં સતત તાણ અને સંઘર્ષ વધ્યાં છે. માનસિક સમસ્યાઓ વધી છે. પણ શીતળા, કોલેરા આદિ રોગો નાબૂદ થયા છે. બાળમૃત્યુનું પ્રમાણ ઘટ્યું છે અને માનવીના સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે. સમગ્રતયા વિચારીએ તો આરોગ્યનું પ્રમાણ સુધર્યું છે.

**જીવનનો વ્યાપ :**

વર્તમાન યુગમાં જીવનનો વ્યાપ ખૂબ વધ્યો છે. પૃથ્વી જાણે એક રાષ્ટ્રબની રહી છે. માનવી ચંદ્ર અને મંગળપર વસાહતો બનાવવાનાં સ્વપ્નાં જોવા લાગ્યો છે. મોટા ભાગનાં રાષ્ટ્રો યુદ્ધની વ્યર્થતા સમજી ચૂક્યાં છે.

આમ વર્તમાન યુગમાં માનવીએ ઉત્ક્રાંતિની એક મોટી છલાંગ મારી છે તેમ તો લાગે જ છે. વિગત પાંચ હજાર વર્ષમાં માનવી જેટલો વિકસ્યો છે, તેનાથી પણ વધુ વિકાસ તેણે છેલ્લાં સો વર્ષમાં સિદ્ધ કર્યો છે.

(ક્રમશઃ)

## ૦૨ લોકભારતીત્વ : ગુરુમહિમા અને ગુરુપરંપરા

**ડો. મનહર ઠાકર**

**ભૂમિકાઃ**

છેલ્લા બે દાયકાથી આપણે ભારતીયતાને ઉજાગર કરવાના હેતુસર આપણી સામાજિક વ્યવસ્થામાં કેટલાંક સંગઠનો જેવાં કે સંસ્કારભારતી, સંસ્કૃતભારતી, જ્ઞાનભારતી, વિદ્યાભારતી, પ્રસારભારતી, વિચારભારતી વગેરે દ્વારા ભારતીયતાનો જુસ્સો ઊભો કરી રહ્યા છીએ. એવું જ એક આગવું સંગઠન - સંસ્થા છે, લોકભારતી. જ્યારે આજથી સિત્તેર વર્ષ પહેલાં આપણા નાનાભાઈ ભટ્ટે 'લોકભારતી'નું નામાભિધાન કરીને લોકભારતીત્વ દ્વારા ગામડાંના બનેલા આ દેશને ભારતીયતાના સંસ્કાર, સંસ્કૃતિ, જ્ઞાન, વિદ્યા, વિચાર, પ્રસારની અહાલેક જગાવેલી. એવા દિવ્ય ગુરુઓની પરંપરા અને ગુરુનો મહિમા આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે રજૂ કરવાનો ઉપક્રમ છે.

**ગુરુબિન ભવનિધિ તરહી ન કોઈઃ** વેદોમાં ગુરુમહિમા ગવાયો નથી. વેદાંગ કહેતા ઉપનિષદથી ગુરુમહિમાનો વિચાર અસ્તિત્વમાં આવ્યો. તૈત્તરિય ઉપનિષદમાં શિક્ષાવલ્લીના અગિયારમાં અનુવાકના બીજા મંત્રમાં 'આચાર્ય દેવો ભવ'થી ગુરુમહિમા ગવાયો છે. એ મંત્ર અનુસાર સત્ય, ધર્મ, સ્વાધ્યાયના આચરણની વાત આવી. જેમાં આચાર્ય-ગુરુ દ્વારા પ્રબોધાયેલા આચરણની પરંપરા પ્રસ્થાપિત થવા પામી છે. તદ્પશ્ચાત આપણી સંસ્કૃતિમાં ગુરુમહિમા અપરંપાર ગવાયો. ગુરુના મહિમા વિશે જેટલું કહેવાય તેટલું ઓછું છે. કહેવાય છે કે, 'ગુરુબિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિટે નવ ભેદ, ગુરુ બિન સંશય નવ ટળે, ઐસે જય જય જય ગુરુદેવ.' વળી,એમ પણ કહેવાયું છે કે, 'ગુરુબિન ભવનિધિ તરહી ન કોઈ.'

ગુરુમહિમા વિશેના એક શ્લોકમાં લખાયું છે કે, 'ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિ, પૂજામૂલં ગુરુર્પદમ્, મંત્ર મૂલં ગુરુર્વાક્યમ્, મોક્ષમૂલં ગુરુર્કૃપા.'

પ્રસ્તુત આ ત્રણ અવતરણોનો સન્દર્ભ લઈને પૂ. નાનાદાદાના જીવનકાર્ય વિશે ચિંતન કરીએ તો, એ એવા ગુરુ કે એમના વગર ગ્રામાભિમુખ કેળવણીનું જ્ઞાન નહોતું ઉપજ્યું. એમના થકી આ પ્રકારની કેળવણીમાં ગરીબ-અમીર, જ્ઞાતિ-જાતિના ભેદ મિટાવવાની પહેલ થયેલી. બિલખાના પ્રખર વિદ્વાન શ્રીમન્ નથુરામ શર્મા પાસે બ્રાહ્મણત્વ માટે પૂર્ણાભિષેકથી દીક્ષિત થયેલા છતાં ગ્રામાભિમુખ કેળવણી આપવાનો પોતે સ્વીકાર કરતાની સાથે જ વર્ણભેદ-પંક્તિભેદ હટાવી દીધો. ગુરુદેવ નથુરામ શર્માનો વિરોધ છતાં પોતે એમાં અફર રહ્યા અને 'અહમ્ બ્રહ્માસ્મિ'ની દ્રઢતા સાથે લૌકિક બ્રાહ્મણપણાનાં પ્રતીક એવાં શિખા-સૂત્રનો ત્યાગ કર્યો. એ હતું એમનું ખરું અધ્યાત્મ અને નિર્ભેદ લોકભાવના, જે છે એમનું લોકભારતીત્વ. એમણે શહેરીકરણના ઝેરી પવન સામે ગ્રામાભિમુખ બનવાની સૂગ કે સંશય ટાળવાનો મક્કમ પ્રયત્ન કર્યો. એટલે ગ્રામોદ્ધાર માટેના સવ્યસાચી એવા ગુરુ નાનાભાઈ ભટ્ટ છે. તેથી એમને જય જય જય ગુરુદેવ કહેવાનું મન થાય છે. એમણે ગ્રામીણ જીવનમાં કેળવણી દ્વારા એવાં પ્રાણ પૂર્યાં કે લોકોને વિદ્યા અને અવિદ્યાની ખરી સમજણ આપી. જેના લીધે ભૌતિકજગત માટે અવિદ્યા અને અધ્યાત્મજગત માટે વિદ્યા, એમ બન્નેના સમન્વય થકી ભવનિધિ તરવાનો વિચાર આપ્યો. જેના થકી ગ્રામીણ પ્રજા માટે જે કેળવણીનો માર્ગ કંડારાયો તે લોકવિદ્યાઓ - વ્યવહારજગતમાં સ્થાપિત કરવામાં ઉપયોગી તથા અનાસક્તિના ભાવ સાથે આત્માના અનુસંધાને મુક્તિનો માર્ગ સમજાવ્યો. એવા ગુરુ વિશે કહી શકીએ કે, 'ગુરુ બિનુ ભવનિધિ તરહી ન કોઈ.' વિદ્યા વિશેની સૂક્તિ મુજબ, 'સા વિદ્યા યા વિમુક્તયે' એવું કહેવાયું છે. એ ન્યાયે એવી વિદ્યા, જે મુક્તિ અપાવે.

નાનાદાદાએ જે આધ્યાત્મવિદ્યાનો વિચાર આપ્યો તેમાં

મુક્ત થવાનો-અનાસક્ત રહીને નિષ્ઠાપૂર્વક કર્મ કરવાનો ભાવ સમાયેલો છે. એટલે એ પોતે લોકભારતીના કોઠારમાં ઘઉં વીણવા બેસી જતાં ત્યારે એ કામને પૂજા જ ગણતા. એક સૂક્તિ પ્રમાણે 'વિદ્યા વિનયેન શોભતે'ને પોતે ચરિતાર્થ કરેલી. એક પ્રસંગ દ્વારા એ ચરિત્રને સમજીએ તો, લોકભારતીમાં કોઠારની વ્યવસ્થા જે વિદ્યાર્થીઓને સોંપેલી તેમને દાદાની સૂચના હતી કે, રાતના નવ વાગ્યા પછી એ વિદ્યાર્થીઓએ કોઈ કહે તો પણ કોઠાર ખોલવો નહીં, સૌ વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય કરવામાં લાગી જવું. એ વખતે રાતના નવ પછી નાનાભાઈને ત્યાં મહેમાન આવ્યા. શીરો બનાવીને તેમને તાત્કાલિક જમાડવા માટે ગોળની જરૂર પડી. ડબ્બો લઈને સંસ્થાના કોઠારે દાદાના દીકરી મંજુલાબહેન ગોળ લેવા ગયાં પણ વિદ્યાર્થીઓ તો સમયસર કોઠાર બંધ કરીને પોતાના રૂમે જતા રહેલા. મંજુબહેન ત્યાં ગયાં. વિદ્યાર્થીઓ તો દાદાની સૂચના પ્રમાણે, હવે કોઠાર ન ખોલાય તેમ કહી મક્કમ રહ્યા. ત્યારે મંજુબહેન તેમની સામે રીતસરના ઉશ્કેરાયાં અને ઝઘડવા લાગ્યાં.

છતાં વિદ્યાર્થીઓ એકના બે ન થયા. ગોળ લીધા વગર દીકરી ઘરે પરત આવી અને બાપુજી પાસે વિદ્યાર્થીઓ વિશે ફરિયાદ કરી. હાથમાં ડબ્બો લઈને દાદા પોતે વિદ્યાર્થીઓના રૂમે ગયા. બંધ બારણાંને ધીમેથી ત્રણ ટકોરા માર્યા. વિદ્યાર્થીઓએ બારણું ખોલ્યું ત્યારે બહાર ઊભેલા દાદાએ કહ્યું, 'અત્યારે મોડેથી મહેમાન આવ્યા છે અને રસોઈ બનાવવા માટે ગોળની જરૂર છે, કોઠાર ખોલીને ગોળ આપશો?' વિદ્યાર્થીઓને આ ગુરુનો વિનય જબરજસ્ત પ્રેરણા આપી ગયો. 'વિદ્યા વિનયેન શોભતે.' એ નાનાભાઈએ ચરિતાર્થ કરેલું. જે એક ગુરુ તરીકે આપણને આજે પણ પ્રેરણા આપી જાય છે. 'ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિ' એ શ્લોકના સન્દર્ભે ચિંતન કરીએ તો પૂ. નાનાભાઈએ લોકભારતીના ધ્યાનમંત્રમાં મૂક્યું છે કે, 'ગુરુસ્તો મૌનં વ્યાખ્યાનં શિષ્યસ્તો છિન્ન સંશયઃ' એટલે, ગુરુનું મૌન વ્યાખ્યાન, જે શિષ્યોના સંશયો મિટાવી દે છે. અહીં વ્યાખ્યાન અને વળી પાછું મૌન? હા. આ મૌન વ્યાખ્યાન એટલે આચરણ. ગુરુ બોલી બોલીને શીખવતા નથી, પણ એમનું આચરણ જ વિદ્યાર્થીઓના ચિત્તને બોધિત કરી દે છે. દાદાનું આચરણ જ ગુરુસ્થાને હતું. 'આચરતિ ઈતિ આચાર્ય' આપણા વૈદિક

શિક્ષણમાં શિક્ષકને આચાર્ય કહ્યો છે. જે જીવનમૂલ્યો આચરી જાણે એ જ આચાર્ય. એ દૃષ્ટિએ પૂ. નાનાભાઈ એવા ગુરુ-આચાર્ય બની રહ્યા જેમણે વાણી દ્વારા ઉપદેશ આપવાને બદલે આચરણ દ્વારા વિદ્યાર્થીઓને બોધિત કર્યા છે. જેમને ખબરેય ન હોય અને આપણે એમના જીવન આચરણમાંથી જીવનમૂલ્યો શીખી લઈએ એવી વ્યક્તિ આપણા માટે પ્રેરણામૂર્તિ કહેવાય. એ પોતે તો બસ, આચરી જાણે છે. જે આચરણની આપણાં ચિત્ત પર છાપ પડે, તે અધ્યયન અનુભવ (learning experience) બની જાય છે. આ થઈ મૂલ્યાભિમુખ જીવન શીખવાની પ્રક્રિયા.

**ઉપદેશને બદલે બોધનું મહત્ત્વઃ**

ઉપદેશ અને બોધ વચ્ચે મોટો તફાવત છે. ઉપદેશમાં શબ્દોનું પ્રાધાન્ય છે. જ્યારે બોધમાં આચરણનું. શબ્દો દ્વારા ઉપરથી જે લાદવામાં આવે છે, તે ઉપદેશ છે. જ્યારે આચરિત વ્યકિતના વર્તન-વ્યવહાર પરથી આપણા ચિત્ત પર છાપ પડે તે બોધ છે. એટલે જ મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, 'મારું જીવન એ જ મારો સંદેશ.' એમને કશો ઉપદેશ આપવામાં રસ નહીં પણ આચરણ દ્વારા અન્યને બોધિત કરવાનો ભાવ હતો. એવી વ્યક્તિના આચરણથી આપણે બોધિત થઈ જઈએ, જેની એમને ખબર પણ ન હોય અને આપણે કશુંક શીખી લઈએ એ છે બોધ. આવી વ્યક્તિ પ્રેરણામૂર્તિ કે ગુરુ સ્થાને ગણાય.

**કેળવણીના કીમિયાગર એવા ગુરુઃ**

ગ્રામાભિમુખ કેળવણી સન્દર્ભે પૂ. નાનાભાઈએ પ્રબોધેલા બુદ્ધિ, સ્વભાવ, ચારિત્ર્ય, રસ, વલણ, મૂલ્યો અને આદર્શો હજુ આજે પણ આપણને પ્રેરિત કરે છે. જ્યારે વિશ્વમાં ગ્રામાભિમુખ કેળવણીનો કોઈ સ્પષ્ટ નકશો ન હતો ત્યારે એમણે આ પ્રકારની કેળવણીનો વિચાર આવ્યો અને ઈ.સ. ૧૯૧૦માં શામળદાસ કૉલેજના પ્રોફેસર તરીકેનો

પ્રતિષ્ઠિત હોદ્દો છોડીને ગામડિયાની નિશાળ શરૂ કરી. આરંભે ભાવનગરમાં કપોળ ધર્મશાળામાં મેડી ઉપર બે ઓરડા ભાડે રાખીને એકલ પંડ્યે ગ્રામાભિમુખ કેળવણીની જ્યોત જગાવી. ભાવનગર મહારાજા એમના એ રીતના કેળવણીના કીમિયાથી પ્રભાવિત થયા અને ભાવનગરમાં તખ્તેશ્વરની તળેટીથી વિક્ટોરિયા પાર્ક સુધી વાંસડા માપીને જોઈએ તેટલી જમીન આ કેળવણી કાર્ય માટે સ્વીકારવાનો પ્રસ્તાવ આપ્યો. ત્યાં જરૂર પૂરતી જમીન પર દક્ષિણામૂર્તિ વિનય મંદિર સ્થપાયું. તેના ચણતરકામથી માંડીને ગામડિયાની નિશાળ દ્વારા ઘડતરનું કામ એ તો પ્રેરક ઘટના છે. શહેરી વાતાવરણમાં ગામડાંનાં વિદ્યાર્થીઓને શહેરીકરણનો રંગ લાગવાની દહેશત ઊભી થતાં દાદાએ ભાવનગરથી સ્થળાંતર કરીને ઈ.સ. ૧૯૩૮થી ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલામાં બુનિયાદી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખી.

અહીં બુનિયાદી શિક્ષણ સાથે મેટ્રિક પાસ થનારા વિધાર્થીઓને કૉલેજમાં એ વિષયો ન હોવાથી ક્યાંય પ્રવેશ ન મળ્યો, ત્યારે ગ્રામાભિમુખ કેળવણીનું ઉચ્ચશિક્ષણ આપણે જ આપીએ તેવા સંકલ્પ સાથે સણોસરા ગામની આવળિયાટ અને ખાડા ટેકરાવાળી ભૂમિ કે જ્યાં માણસ ઊભો હોય તો પણ દેખાય નહીં એવા આવળ, બાવળ તથા બોરડીના જંગલને પોતે પસંદ કર્યું. ઈ.સ. ૧૯૫૩માં અહીં કૉલેજ-શિક્ષણની જ્યોત ઝગમગતી કરી. જેનો ઝગમગાટ આજે સ્વયં યુનિવર્સિટી બનીને ગ્રામાભિમુખ કેળવણીનો પ્રકાશ ફેલાવે છે. જેનું બહુમાન સમગ્ર રાષ્ટ્રની ગણનાપાત્ર દસ યુનિવર્સિટીઓમાં ત્રીજું સ્થાન મેળવીને એ ગુરુપરંપરાને લોકભારતીત્વએ દીપાવી છે.

**ગુરુ પરંપરાઃ**

પૂ. નાનાભાઈ પાસે ગ્રામાભિમુખ કેળવણી પરત્વેના ધ્યેયની સ્પષ્ટતા, કાર્યપદ્ધતિ વિશેનો પ્રતીતિપૂર્ણ અભિગમ અને ગ્રામસમાજની જરૂરિયાત તથા ભારતીય ઉચ્ચશિક્ષણની આવતીકાલ વિશેનું વાજબી દર્શન હતું. એટલે જ કહેવાયું હતું કે; 'એક અકિંચન બ્રાહ્મણની ગુજરાતને આ એક મહામૂલી ભેટ છે.' આજે આ શબ્દો લોકભારતીત્વની ગુરુપરંપરામાં ચરિતાર્થ થયા છે. એ વખતે આવો કોઈ તૈયાર નમૂનો આખા દેશમાં નહોતો. બધું જ નવેસરથી અને મૂળમાંથી ઊભું કરવાનું હતું. ગ્રામસમાજના વિકેન્દ્રિત, સહકારી, સમૃધ્ધ, પરસ્પરાવલંબી એવા લઘુ એકમનું નિર્માણ કરવાનું ધ્યેય હતું. આ ધ્યેયને મૂર્ત રૂપ આપવાનું સહેલું ન હતું. કારણ કે લોકભારતી ગ્રામવિદ્યાપીઠનાં ઉપાસના, લક્ષ્ય અને પધ્ધતિ અનોખાં હતાં. એવી લોકભારતીત્વ પરંપરાના સ્થાપક નાનાદાદા ગુરુસ્થાને છે. આ ગુરુ પરંપરામાં પૂ.નાનાભાઈ ભટ્ટનું તપ, મનુભાઈ પંચોળીની જ્ઞાનરાશિ, મૂળશંકરભાઈ ભટ્ટનું છાત્રાલયચિંતન અને વ્યવહાર, ન.પ્ર. બુચદાદાનું સ્વસ્થ, તટસ્થ સંચાલન લોકભારતીત્વને આધારશિલાઓ પૂરી પાડી. જેમાં ગ્રામાભિમુખ શિક્ષણ દ્વારા વ્યક્તિત્વ-ઘડતરવાળી ગુરુપરંપરાની કેટલીક લાક્ષણિકતાઓને આજ પર્યંત સૌ અનુસરતાં રહ્યાં તે છે.

**અનુબંધીય કેળવણી, છાત્રાલયજીવન અને સમાજોપયોગી ઉત્પાદક પરિશ્રમઃ**

લોકભારતીત્વમાં અનુબંધીય શિક્ષણ એક વિશેષતા છે. આ અભિગમથી ભણનારા ભણવાના વિષયોનો આંતરસંબંધ સમજે છે. વિભિન્ન વિષયો દ્વારા તેના ખંડ કે અંશનો અભ્યાસ, શિક્ષણની વ્યવસ્થા અને સગવડ માટે છે, પણ પ્રાપ્ત કરવાનું છે સમગ્ર દર્શન! જેના થકી કર્મ વિશેનો વિવેક અને ઉત્તરદાયિત્વનો ભાવ જન્મે છે. જે લોકશાહી જીવનભાવનાને પોષક અને ઉપકારક છે. જેથી વધારે પરિપક્વ, ઉત્તરદાયિત્વની ભાવનાવાળા અને વ્યાપક દ્રષ્ટિકોણવાળા નાગરિકો બન્યા છે.

આ પ્રકારના અનુબંધીય શિક્ષણની અસર ભણનારાની ચેતના ઉપર, સમાજ અને પ્રકૃતિ ઉપર થાય છે. આમ, લોકભારતીત્વ એ નૂતનકેળવણીની એવી પરંપરા છે જે ભણનારાની શારીરિક, માનસિક કે ચૈતસિક કાર્યો પર અસર કરે છે અને તેની નીપજ ઉત્તમ ગુણવત્તાવાળો નાગરિક છે. બુનિયાદી શિક્ષણ-પાયાની કેળવણી એ

અહીંની ગુરુપરંપરા છે. નઈ તાલીમના સ્વીકાર સાથેનું શિક્ષણ આ પરંપરામાં આગળ વધે છે. શ્રમ, સ્વાશ્રય, સમૂહજીવન, સહશિક્ષણ, છાત્રાલયી શિક્ષણ, સ્વાવલંબી શિક્ષણ, ઉત્પાદિત શ્રમકાર્ય, જીવાતા જીવન સાથે અનુબંધિત શિક્ષણની અહીં અનોખી પરંપરા છે. જેના લીધે અહીં સંપ, સહકાર, સંવેદના, સલામતી, કદર, સહાનુભૂતિનો વિકાસ થાય છે. વ્યક્તિમાં સત્ય, સાદાઈ, નિયમિતતા, ચોકસાઈ અને પ્રામાણિકતાનાં મૂલ્યો વિકસે છે. વળી, સામાજિક જીવનમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, સામાજિક ન્યાય અને દરેક માણસનો આદર જેવાં મૂલ્યોનું ઘડતર થાય છે. નાનાભાઈ ભટ્ટની આ પ્રકારની આગવી ગુરુપરંપરા લોકભારતીત્વના પાયામાં વણાયેલી છે.

**ઉપસંહારઃ**

લબ્ધપ્રતિષ્ઠિત ક્રાન્તિકારી કેળવણીકાર, મહાત્મા ગાંધીજીના સમતોલ અનુયાયી, સંસ્કૃતિપૂજક, માનવતાવાદી એવા નાનાભાઈ ભટ્ટનું સાદું, સરળ અને ઉમદા વિચારોવાળું અનેરું વ્યક્તિત્વ પ્રેરણાદાયી હતું. તેથી પ્રેરણામૂર્તિ તરીકે આજે એમના વિશેનો ગુરુમહિમા અને એમના થકી પ્રસ્થાપિત થયેલી લોકભારતીત્વ : ગુરુપરંપરા અણમોલ છે.

(લોકભારતી, સણોસરા ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૦૩.૦૭.૨૦૨૩ના રોજ આપેલું વ્યાખ્યાન)

૪૦, શ્રીનાથજીનગર-૩, ભરતનગર પાછળ, ભાવનગર : ૩૬૪૦૦૨ મોબાઈલ નં. ૯૪૨૬૮૫૧૨૯૦

**રહસ્ય**

વૈજ્ઞાનિક જયોર્જ વોશિંગ્ટન ક્રેવરને મગફળી વિશે બૃહદ જ્ઞાન હતું.

એક માણસે એમને પૂછયુંઃ 'આપે એટલું બધું જ્ઞાન કઈ રીતે મેળવ્યું ? '

સાંભળી જયોર્જ વોશિંગ્ટન ક્રેવરે કહ્યુંઃ 'જયારે હું યુવાન હતો ત્યારે એકવાર મેં ઈશ્વરને પ્રાર્થના કરી કે,

'હે ભગવાન, મને વિશ્વના રહસ્યો સમજાવો. ત્યારે પ્રભુએ મારા સામે જોઈને કહ્યું 'બેટા, એ જ્ઞાન તો મારા માટે જ છે.'

એટલે મેં કહ્યુંઃ 'તો પછી પ્રભુ, મને મગફળીના રહસ્યો સમજાવો.'

ભગવાને કહ્યું : 'એ ઠીક છે. તારું ગજું મગફળી જેટલું છે ખરું.'

અને પછી ભગવાને મને મગફળીના રહસ્યો કહી દીધાં.

---

**બોઝ એટલે બોઝ**

સુભાષચંદ્ર બોઝ આઈ.સી.એસ.ના ઇન્ટરવ્યૂ માટે ગયા તે સમયે એક અંગ્રેજ ઓફિસરે પોતાની આંગળી પરથી વીંટી કાઢીને સુભાષબાબુને પૂછયુંઃ ' તમે આ વીંટીમાંથી નીકળી શકશો.'

સુભાષબાબુએ કહ્યું 'હા' અને તરત એક ચબરખી પર પોતાનું નામ લખી, એ ચબરખી વીંટીમાંથી પસાર કરી દીધી.

એમનું હાજરજવાબીપણું જોઈને એમને પસંદ કરવામાં આવ્યા.

## ૦૩ લોકભારતીના દાદાઓ : મૂળશંકરભાઈ મો. ભટ્ટ- 'ભાઈ'

**મનોહર ત્રિવેદી**

'બા, તુંય આ મનહરિયાને કાંય કે'તી નથી. જો, વિક્રમના ભાગનો ડબ્બો મારી પાંહેથી આંચકીને...' મીનાબહેનની આવી લાડભરી રાવ, એકવાર નહીં, અનેકવાર....

'કે' તારા ભાયને... મારે તો જેવો વિક્રમ, એવો ઈ...' માડી ટૂંકમાં પતાવે. માડી, હંસામાડી, ભાઈના સહધર્મચારિણી.

અધ્યાપન મંદિરમાં હજી ગયે વરસે જ અભ્યાસ પૂરો કરેલો, એવાં મીનાબહેન તોબરો ચઢાવીને બહાર નીકળે ને હું રેવડી-ખારીશીંગનો મૂઠો ભરીને તેમની પાછળ પાછળ. વધુ ચીડવવા ભર્યાભાદર્યા મૂઠામાંથી થોડું લેવા સંજ્ઞાથી સૂચવું. ગુસ્સો નેવું છોડીને મોભારે ચડે, 'જા છો કે પછી?' પછી શું? આપણે જાણતા હોઈએ કે ગુસ્સામાં નર્યુંનીતર્યું વહાલ છે, બીજું કશું નહીં. જેવી મીઠાશ એમના કંઠેથી વહેતા ગીતની તેવી જ વાણી-વર્તનની.

વાત હું ભાઈના ઘરની કરી રહ્યો છું. ઘર એટલે દેશી નળિયાવાળું, બેઠા ઘાટનું, ચારે તરફ આવેલાં ચાર છાત્રાલયના એક ખૂણે આવેલું, મુખ્ય ગૃહપતિ અને લોકભારતી મહાવિદ્યાલયના આચાર્ય મૂળશંકર મોહનલાલ ભટ્ટ (૨૬/૬/૧૯૦૭ - ૩૧/૧૦/૧૯૮૪)નું નાનકડું, સ્વચ્છ, સાદું, થોડાં ઝાડ, તુલસીનો ક્યારો, ચમેલીનો મંડપ અને ફૂલછોડથી દીપતું નિવાસસ્થાન. અમારાં તોફાનોને હસીહસીને વેઠતું, અમારા અંગત સુખદુઃખનું, અમારા મનોદૈહિક અજંપાનું, આકાંક્ષા, પીડાઓને પારખી જતું, સમસ્યાઓના નિવારણનું આસ્થાકેન્દ્ર. માતા-પિતા સામે ન કબૂલી શકાય તેવી ભૂલોને જ્યાં વહાવી શકાય તેવું પાવન તીર્થ. જેમને મન વિદ્યાર્થી એ જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એ જ શિવાલય, એની જ પરકમ્મા એમનાં ચરણ જીવનભર કરતા રહ્યાં. એમનો પ્રત્યેક શ્વાસ, ગળતી પેઠે અમારા મસ્તક પર અભિષેક કરતો રહ્યો, પ્રેમનો. વિદ્યાર્થી માટે ઉચ્ચારાતી : 'ગારાના દેવને કપાસિયાની આંખો' કહેવતને સપનામાં પણ પાસે ઢૂંકવા ન દીધી, એટલું જ નહીં, આ ગારાના દેવની પોતે પ્રાણપ્રતિષ્ઠા કરી. એમાં ચેતનાનો સંચાર કર્યો. આ મૂળશંકર મો. ભટ્ટ, અમારા-આપણા સૌના ભાઈ.

હું, મનોહર ત્રિવેદી, શિક્ષક તરીકે જીવ્યો છું ને કિંચિત, તેમના માર્ગે ચાલવા કોશિશ કરી જોઈ છે. ભણાવતાં ભણાવતાં પ્રેમનો મહિમા આપોઆપ થતો રહ્યો છે. એમના જીવનભરના અનુભવમાંથી નીપજેલા અમૃતરસને ગુજરાતના શિક્ષકોના ચરણે ધર્યો છે. સાફસૂથરું શાસ્ત્ર રચી આપ્યું છે. હા, એને ઉઘાડી આપવાની સૂઝ મારામાં નથી. છતાં, ભાઈની સાથે રહેવાનું મળ્યું, એમને માણવા મળ્યા, એમના પગ પાસે બેસીને ભણવાનું મળ્યું, જોવાની સાચી આંખ મળી, એ ક્યાં ઓછું સદભાગ્ય છે ?

આ. ભાઈ, મૂ. મો. ભટ્ટ. પિતા મોહનલાલ શંકરલાલ ભટ્ટ તે નાનાભાઈના ફૈબાના દીકરા. બેઉ વચ્ચે ગાઢ મૈત્રી. મોહનલાલે ત્રેવીશની યુવાન વયે જ ચિરવિદાય લીધેલી. ચાર દીકરા, એક દીકરી નોધારાં થયાં. મૂળશંકર તેમનું ત્રીજું સંતાન. રેવાબા, લાભશંકર અને મૂળશંકરનો હાથ ઝાલીને લઈ ગયાં નાનાભાઈ પાસે, 'બેમાંથી એકની જવાબદારી, તમે હંભાળો.' કોણ જાણે ક્યાં અકળ ઋણાનુબંધે પ્રેરાઈને નાનાભાઈએ મૂળશંકરના માથા પર હાથ મૂક્યો. લાભશંકર તન્મય થઈને ભણ્યા ને રેલવેની નોકરીમાં જોડાયા. ભુસાવળના સ્ટેશન માસ્તર તરીકે તેમની નિમણૂક થઈ. સમયાંતરે, ભાઈ દક્ષિણામૂર્તિ ભવનમાં ગૃહપતિ થયા. તેમના બે પાકા મિત્રો, કૃષ્ણલાલ શ્રીધરાણી અને કવિ પ્રહલાદ

પારેખ એ વખતે ત્યાં ભણતા. ૧૯૩૭માં નાનાભાઈએ ભવન છોડ્યું ને ગાંધીજીના વિચારોથી પ્રેરાઈને આંબલા ગામે ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાની સ્થાપના કરી. ગ્રામાભિમુખ કેળવણીના મહાયજ્ઞમાં પાછળ પાછળ મૂળશંકરભાઈ, મનુભાઈ પણ તેમને અનુસર્યા. બૂચભાઈ પણ ત્યાં જ સંચર્યા. નાનાભાઈ જ્યાં જ્યાં પ્રયોગાર્થે ગયા, તેને આ ત્રિમૂર્તિએ વિચારપૂર્વક સમર્થન આપ્યું ને સક્રિય ભૂમિકા નિભાવી જાણી.

લોકભારતીમાં ભાઈ (મૂ.મો. ભટ્ટ) પણ ભયંકર ભુલકણા ગણાતા. હંસામાડી એમની વાટ જોઈ, ખાધાંપીધાં વગર બેસી રહે ને તેમ છતાં ઘેર ન જ આવે. હંસામાડી હડી કાઢીને જાય સીધા ટાઉનહોલના પુસ્તકાલયમાં. ભાઈ એમનાં લેખન-વાંચનમાં પ્રવૃત્ત હોય. માડી ગુસ્સો ઠાલવેઃ 'તમારે આજે જમવું નથી ? તમારે વાંકે મારે ક્યાં લગી ભૂખે ચોડવાવું?' ભાઈ હસીને, આંખ ઉપરથી ચશ્માં ઉતારી, ધોતિયાના છેડેથી કાચને લૂછતાં પૂછે : 'હું જમ્યો નથી?' સાંભળીને હંસામાડીની રીસ બારીમાંથી પતંગિયું થઈને ઉડી જાય.

એ દિવસોમાં સાંઠ-પાંસઠના ગાળામાં ભાઈના ભૂલકણાપણા વિશે અસંખ્ય રમૂજો પ્રચલિત હતી. ત્યારે સંસ્થામાં ફલશ સંડાશ ન હતા. ખેતરમાં લાંબી અને ત્રણેક ફૂટ ઊંડી ચર ગાળવામાં આવતી. એના પર અમુક અંતરે પતરાં જડેલાં સંડાસ ગોઠવી દેવાતાં. બાજુમાં ધૂળનો ઢગલો ને પતરાની સૂપડી રાખવામાં આવતી. કહેવાય છે કે એક વખત ભાઈ સૂપડી ઘેર લેતા આવેલા ને ડબલું ત્યાં મૂકતા આવેલા! મને યાદ છે, એક વખત વર્ગ લેતા કહેલું : 'ઘેર ચશમા ભૂલી ગયો છું, લેતો આવ.' અમારો આખો વર્ગ હસી પડેલો, કેમ કે મને સૂચના અપાતી હતી એ જ વખતે તેઓ પોતાની ધોતીના છેડાથી ચશમાં સાફ કરતા હતા!

મને ત્રણ ઉત્તમ શિક્ષકોનો પરિચય થયો છે. એક તો શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ, જેમની પાસે હું ભણ્યો. બીજા, પંડિત સુખલાલજી અને ત્રીજા મૂળશંકરભાઈ. આ ત્રણેય એવી વ્યક્તિઓ છે કે જેમને વિદ્યા કે વિદ્યાર્થી સિવાય બીજા કશાની પડી નથી.

મૂળશંકરભાઈ દક્ષિણામૂર્તિ ભવનમાં ભણતા હતા ત્યારનો પ્રસંગ તેઓ પોતાની વાતમાં વણી લેતાઃ અગિયારની ઉંમરે વગર ટિકિટે ભાઈબંધ સાથે ટ્રેનમાં મુસાફરી કરી. જાણ થતાં નાનાભાઈએ ચિઠ્ઠી, ટિકિટના મૂલ્ય સાથે દંડની રકમ ઉમેરીને સ્ટેશનમાસ્તર પાસે મોકલતા કહ્યુંઃ 'આપણે અહીં ભણવામાં હોશિયાર હોઈએ એટલું જ પૂરતું નથી, પ્રામાણિક પણ થવાનું છે.' નાનાભાઈના આ શબ્દોનો જીવનમંત્ર તરીકે તેમણે સ્વીકાર કરી લીધો.

આગળ અભ્યાસ માટે એ પછી ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ ગયા. પ્રવેશ-પરીક્ષામાં જ છબરડો! ગાયનાચાર્ય શંકરરાવ પાઠકને તેમનો અવાજ પતરા ખખડે એવો લાગેલો, પણ તાલાવેલી પારખીને રાખી લીધા. દિવસના અઢાર કલાક રિયાઝ ચાલે. ગાયનની અંતિમ પરીક્ષામાં પંડિત નારાયણરાવ ખરે જેવા કડક પરીક્ષક સોમાંથી એકસો દસ ગુણ આપી બેઠા! ભાઈને કહ્યું : 'મૂળશંકર, તારા ગુણ કઈ રીતે ઘટાડવા!' એમની હાજરીમાં જ ગુણ ઘટાડીને પંચાણુંએ પહોંચ્યા. કહેઃ 'આનાથી ઓછા મારાથી થઈ શકશે નહીં.'

૧૯૫૮ કે એની આસપાસના વરસમાં નાનાભાઈના થાપાનું હાડકું ભાંગ્યું. પથારીવશ થયા પછી ક્યારેય સક્રિય ભૂમિકા નિભાવી શક્યા નહીં. સ્વામી આનંદ વરસમાં એકવાર અચૂક આવે અને મહિનો-માસ નાનાભાઈના અંતેવાસી થઈને રહે. પ્રશ્નો પૂછતા જાય ને નાનાભાઈ આપે તે જવાબ લખતા જાય. 'કોડિયું'માં 'પથારીમાં પડ્યાં પડ્યાં' લેખમાળા આમ ચાલેલી. ભાઈ, નાનાભાઈના હૃદયસ્થ. હંમેશા જાય ને દવા- ઔષધોની સૂચનાઓ આપી આવે ને કહેતા જાય, 'મને ગમે ત્યારે બોલાવી લેવો.' નાનાભાઈ છેલ્લા પંદરેક દિવસ કોમામાં સરી ગયેલા. જીવ જાય નહીં. કોઈથી શક્ય નહોતું તે ભાઈએ કર્યું. તેમના કાન પાસે મો લઈ જઈ કહ્યું : 'તમે સંસ્થાની ચિંતા ના કરો. અમે મનુભાઈ,

બધાં સંભાળી લઈશું, તમારા આત્માને આ દેહમાંથી મુક્ત કરો.' અને એંશી વરસના આ તપસ્વીએ ૩૧/૧૨/૧૯૬૧ને દિવસે મહાપ્રયાણ કર્યું. મનુભાઈ પંચોળી માટે આ જીરવવું ને કાનમાં આમ કહેવું સરળ નહોતું. શબ પાસે અન્ય કાર્યકરો પેઠે રડી પડ્યાં. સ્થિર હતા બે, બુચભાઈ અને ભાઈ. આંખમાંથી એક પણ ટીપું પડવા ન દીધું. અમે એ વખતે સ્નાતકના બીજા વર્ષમાં. છાત્રાલયોના રસોઈઘરમાં ચૂલા ઠરેલા રહ્યા. સ્મશાનયાત્રાએથી આવીને, સ્નાન કરીને ભાઈએ મૂંઝવણ અને વ્યથામાં આધારરૂપ એવી સિતાર હાથમાં લીધી. ક્યાંય સુધી સિતારમાં જાણે રુદન વહેતું રહ્યું. અમે તેમની બારી પાસે મૂક ઊભા રહી એ રુદનને અમારા હૈયામાં ઝીલતા રહ્યા.

સંસ્થામાં સોમવાર રજાનો દિવસ. એ દિવસે થતી સમૂહપ્રાર્થનામાં બુચભાઈ અથવા ભાઈના કંઠે ગવાતા ભજનનો લાભ અમે ભાગ્યે જ ગુમાવતા. તાનપુરા પર આંગળીઓ ફરતી રહે અને ભાઈના ગહન-ગંભીર સ્વરની સરિતા અમારાં અંતરમનને તૃપ્ત કરતી રહે. સાંભરે છે, અંતિમ દિવસોમાં નાનાદાદાએ વિદ્યાર્થીઓ વચ્ચે સમૂહપ્રાર્થનામાં આવવાની ઈચ્છા વ્યક્ત કરી. સારસ્વત ભવનમાં ખુરશીમાં બેસાડી તેમને લાવવામાં આવ્યા. ટાંચણી પડે તો પણ સંભળાય તેવી શાંતિ. નાનાભાઈએ સૌ સામે આંખ માંડી, હાથ જોડ્યા. પ્રતિભાવમાં કાર્યકરો, વિદ્યાર્થીઓએ હાથ જોડ્યા. પ્રાર્થના શરૂ કરવા તેમણે સંજ્ઞા કરી. ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સાયંપ્રાર્થનામાં સમૂહમાં ગવાયાં તે પછી, ભાઈએ તાનપુરાની સંગતે સૂરદાસનું ભજન શરૂ કર્યું : સબસે ઊંચી પ્રેમસગાઈ... પહેલે અંતરે જ તેમનો કંઠ રૂંધાયો. ફરીફરીને સ્વસ્થ થવા પ્રયાસ કર્યો પણ પંક્તિ અધૂરી જ રહે. બાજુમાં બેઠેલા બુચભાઈએ અત્યંત સ્વસ્થતાથી અને તન્મયતાથી ભજન ઉપાડી લીધું.

દસ વરસ સિતાર ભાઈથી છેટી રહી. કામની વ્યસ્તતા એમને પગ વાળીને બેસવા નહોતી દેતી. તેમના ફેફસાંના એક હિસ્સા જેવા બુચભાઈએ સિતાર હાથમાં લેવડાવી. ગુરુપૂર્ણિમાની શીતળ રાત્રીએ રાસ-ગરબા પછી દૂધપૌંઆ આવે. વિદ્યાર્થી ભાઈ-બહેનો, સંસ્થાનો સમગ્ર કાર્યકર-પરિવાર મુખ્ય ભોજનાલય સામેના મેદાનમાં એકઠા થાય. બુચભાઈ, વિક્રમ તથા યોગેશભાઈ ભટ્ટ 'બુચ કા ટુચકા'ના ઉપક્રમે એક પછી એક જોકની લુમ ફોડતા જાય અને છેલ્લે, ભાઈ એક કલાક સુધી સિતારમાંથી વિવિધ રાગોમાં પોતાનું સંગીત વહાવે. ઉપર શ્વેત ચાંદની નીચે સિતારમાંથી પ્રગટતી શીતળતાના વહેણ અન્યોન્યમાં ભળે. રાગમાં ઝાઝી ગતાગમ નહીં, પણ ભીતરમાં નરી પ્રસન્નતા ને શાંતિ અનુભવાય. એટલે જ તેમના નિત્યના રિયાઝમાંથી આવા સાર્થક શબ્દો મળી આવે : 'શિક્ષણની જિવાળી મેળવાય તો જ સાચું સંગીત પ્રગટે.'

ગીતા-ઉપનિષદ કે રામાયણ-મહાભારત આ તેમને મન જેટલા પરિશીલનના હતા તેટલા જ, કદાચ તેથીયે વધુ કેળવણીના ગ્રંથો હતા. માનસશાસ્ત્ર, ગાંધીવિચાર, ગુજરાતી-અંગ્રેજી સાથેનું સાતત્ય જળવાયું તેમાંય વિદ્યાર્થી જ કેન્દ્રમાં. '૮૦ દિવસમાં પૃથ્વી-પ્રદક્ષિણા', '૮૦ દિવસમાં પૃથ્વીનું પરિભ્રમણ', 'અંધારના સીમાડા', 'ખજાનાની શોધમાં', 'ગગનરાજ', 'ચંદ્રલોકમાં', 'પાતાળપ્રવેશ', 'મહાન મુસાફરો', 'સાગરસમ્રાટ', 'સાહસિકોની સૃષ્ટિ', 'લે મિઝરેબલ'નો અનુવાદ અને 'ઘરમાં બાળમંદિર'માં કિશોર-કિશોરીઓની મનોસૃષ્ટિમાં પ્રવેશ કરવાની નિષ્ઠા અને દૃષ્ટિ પડેલાં છે. લોકભારતીમાં તેમની પાસે ભણવા આવ્યા તે પહેલાં જ અમને ખડસલી-લોકશાળાના પુસ્તકાલયે તેમની સાથે અદ્રશ્ય તાંતણે બાંધી દીધેલા. 'બાળકો તોફાન કેમ કરે છે?', 'બાળકોને વાર્તા કેમ કહીશું ?' , 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ', 'ગાંધીજી એક કેળવણીકાર' પુસ્તકોમાં પણ વિદ્યાર્થી જ એનો આરાધ્ય.

ચાંદની રાતે વિજ્ઞાનભવનની અગાસીએ બેસી વાર્તા કહોની અમારી હઠ, દિવસભરનો તેમનો થાક ઉતારવામાં નિમિત્ત બનતી હશે, અન્યથા તેમની કથાશૈલીમાં પ્રસન્નતાના દંદૂડા જે રીતે ફૂટે ? દીવની સ્વાતંત્ર્ય-લડતની કથા કહેતી

વખતે એમ જ સર્જાતી ગઈ ને એનાં પાત્રો પણ પાછાં અમે જ. 'મૂળશંકર ઈઝ રાઈઝીંગ સ્પિરિચ્યુઅલિ હાયર એન્ડ હાયર' આવું પ્રમાણપત્ર જોખીજોખીને બોલનાર નાનાભાઈ પાસેથી કોઈને એમ સરળતાથી ઓછું મળે?

ઉત્તમ ગૃહપતિ એવા ભાઈનાં કેળવણી-વિષયક પુસ્તકો વાંચતાં આજે સમજાય છે તેમના વાણી-વર્તનની એકવાક્યતા. એમણે એક વાક્યમાં કહેલું, 'હું હંમેશાં મારી જાતને શિક્ષક તરીકે ઓળખવામાં સાચું બોલી રહ્યો છું તેમ મને લાગે છે. ન એથી ઓછું કે ન વધારે' ભાઈ, અમારે મન શિક્ષણનું સત્ય. કોઈ વાતે સંસ્થાગત નિર્ણય આપ્યા પછી પણ નાનાભાઈ ઉમેરવાના : 'છતાં, મૂળશંકર શું કહે છે તે જાણી લેજો.'

ભાઈ વિદ્યાર્થીને ચાહતા એનાથી અંશમાત્ર ઓછો નહોતો વિદ્યાર્થીઓનો ભાઈ માટેનો પ્રેમ. ૧૪ મે ૧૯૬૩, બૉમ્બે હોસ્પિટલ, મુંબઈમાં ભાઈની હાર્ટ-સર્જરી કરવામાં આવી. ત્યાં વસતા પૂર્વ વિદ્યાર્થીઓને જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ ચિંતાતુર, મૂક પ્રશ્નો પૂછાતા રહ્યા, આવી આવીને.

જેઓ ત્યાં નહોતા તેઓ પણ હાર્દિકપણે ભાઈની આસપાસ જ હતા. સ્વ. ચુનીલાલ મડિયાના તંત્રીપદે પ્રગટ થતા 'રુચિ'માં વાડીલાલ ડગલીએ આ મતલબનું લખેલું, 'બૉમ્બે હૉસ્પિટલમાં માત્ર મૂળશંકરભાઈના હૃદયનું જ નહીં, તેમના એક એક વિદ્યાર્થીના હૃદયનું પણ ઓપરેશન થતું હતું.' ભાવનગરના નિવાસસ્થાન 'રેવા'માંથી ૩૧-૧૦-૧૯૮૪માં દોઢ માસની બીમારી પછી દેહત્યાગ કર્યો ત્યારે તેમના પ્રત્યેક વિદ્યાર્થીના અંતરમાં ચિરસ્થાન મેળવી લીધું હતું. મનુભાઈ પંચોળી 'દર્શક'એ તેમના કામને અને ચરિત્રને આ રીતે મૂલવ્યું છે, 'એક પલ્લામાં ગુજરાતના અમે સૌ શિક્ષકો અને બીજા પલ્લામાં મૂળશંકરભાઈ એકલા હોય તો પણ મૂળશંકરભાઈનું પલ્લુ નમે.'

કવિ ઉમાશંકરભાઈએ અંજલિ આપતા લખેલું, 'મૂળશંકરભાઈને નાનાભાઈ મળ્યા તે મૂળશંકરભાઈનું સદ્‌ભાગ્ય હતું પણ નાના ભાઈને મૂળશંકરભાઈ મળ્યા તે નાનાભાઈનું પણ સદ્‌ભાગ્ય હતું.'

કોઈ ભૂલમાંય મને જો પૂછે, 'તમને ઈશ્વરપ્રાપ્તિની મહેચ્છા થાય ?' તો ક્ષણનાય વિલંબ વિના હું કહું : 'ના, મને ભાઈ મળ્યા તેટલું જ પૂરતું છે. હા, ભાઈ, કેવળ ભાઈ!'

(મોબાઈલઃ ૯૩૨૭૭ ૩૯૦૬૮)

**વિનોબાના જવાબ**

સવાલઃ- બાબા, તમારી દૃષ્ટિએ ધર્મ એટલે શું ?

વિનોબાઃ આત્મચિંતન અને ગરીબોની સેવા.

સવાલઃ- બાબા, સાધારણ માણસ સમજી શકે એવો અધ્યાત્મનો અર્થ શો ?

વિનોબાઃ કુટંબ ઉપરાંત ગામની સેવા તે અધ્યાત્મ.

સવાલઃ- બાબા, વિજ્ઞાને ધર્મ માટે જોખમ નથી ઊભું કર્યું ?

વિનોબાઃ જેમ મોટરમાં ગતિસૂચક અને દિશાદર્શક એમ બે યંત્રો હોય છે. તેવી રીતે વિજ્ઞાન ગતિ આપે છે અને અધ્યાત્મ દિશા દેખાડે છે.

સવાલઃ- બાબા,પ્રાણ અને આત્મામાં શું અંતર છે ?

વિનોબાઃ- વેપારી અને એના મુનીમમાં જે અંતર છે તે આત્મા અને પ્રાણમાં છે. પ્રાણના આધારે આત્મા નિશ્ચિત રહે છે.

## ૦૪ ભારતભૂમિની ઊર્જાવાન નારીઓ : દુર્ગાબાઈ દેશમુખ

**ટીના દોશી**

---

અનુસ્નાતકમાં પાંચ ચંદ્રક સાથે ઉત્તીર્ણ થયા પછી એ વકીલ બન્યાં, હત્યાના ખટલામાં દલીલ કરનાર પહેલાં મહિલા વકીલ બન્યાં. માત્ર બાર વર્ષની ઉંમરે બાલિકાઓ માટે એમણે વિદ્યાલય શરૂ કરેલું. આંધ્ર એજયુકેશન સોસાયટીની સ્થાપના એમણે કરેલી. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ એમને નેહરુ સાક્ષરતા પુરસ્કાર અને યુનેસ્કો પુરસ્કાર મળેલો તથા ભારત સરકારે એમના અમૂલ્ય યોગદાનને બિરદાવતાં એમને પદ્મવિભૂષણ સન્માનથી પુરસ્કૃત કરેલાં.....

અહીં સુધી વાંચી, સાંભળીને એવું લાગે કે કોઈ શિક્ષણશાસ્ત્રીની વાત છે. હા, એ સાચું છે, પણ એટલું જ સાચું એ પણ છે કે આ મહિલા આંધ્રપ્રદેશનાં પ્રથમ સ્ત્રી સ્વતંત્રતા-સેનાની હતાં. ભારતના મુકુટ પરની યશકલગી સમાં એ વીરાંગના એટલે દેવી દુર્ગાના અવતાર જેવાં દુર્ગાબાઈ દેશમુખ. માત્ર દસ વર્ષની ઉંમરે મહાત્મા ગાંધી સામે એમણે વિદેશી વસ્ત્રોની હોળી કરેલી. પોતાની સઘળી કીમતી વસ્તુઓનું દાન કરી દીધેલું. નમક સત્યાગ્રહમાં એમણે ભાગ લીધેલો અને આઝાદી આંદોલનમાં જોડાવા બદલ કઠોર જેલવાસ પણ વેઠેલો.

દુર્ગાબાઈનો જન્મ આંધ્રપ્રદેશના કાકીનાડામાં ૧૫ જુલાઈ ૧૯૦૯ના થયો. પિતા બી.વી.એન. રામારાવ અને માતા કૃષ્ણાવેનમ્મા. રામારાવનું મૃત્યુ વહેલું થયું. માતા કૃષ્ણા એકલપંડે દુર્ગાબાઈને ઉછેરવા લાગ્યાં. દુર્ગાબાઈની બાલ્યાવસ્થામાં કન્યાશિક્ષણનું પ્રચલન નહોતું. પણ દુર્ગાબાઈને ભણવામાં ખૂબ રુચિ હતી. પ્રથમ પગથિયું માંડીએ તો શિખરે પહોંચી શકાય. દુર્ગાબાઈએ પહેલું પગલું માંડ્યું. પાડોશમાં રહેતા એક અધ્યાપક પાસેથી હિંદી ભાષા શીખવાનું શરૂ કર્યું. એ દિવસોમાં હિંદીનો પ્રચાર-પ્રસાર રાષ્ટ્રીય આંદોલનનું જ એક અંગ હતું. દુર્ગાબાઈએ પોતાની ધગશથી ઝડપથી હિંદીમાં એટલી પારંગતતા પ્રાપ્ત કરી લીધી કે ૧૯૨૩માં એમણે બાલિકાઓ માટે એક વિદ્યાલયનો આરંભ કર્યો.

બાળશિક્ષિકા દુર્ગાબાઈ ફ્રોક પહેરીને બહેનોને ભણાવતાં. એમને જોઈને જમનાલાલ બજાજ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયેલા. ગામની પાંચસોથી વધુ સ્ત્રીઓને હિંદી ભણાવ્યું. સ્વયં ગાંધીજીએ કસ્તૂરબા અને સી.એફ. એન્ડ્રુઝ સાથે દુર્ગાબાઈની શાળાની મુલાકાત લીધેલી. એમનાં આ પ્રયત્નોની ગાંધીજીએ ખોબલે ખોબલે પ્રશંસા કરેલી. દુર્ગાબાઈ અને ગાંધીજીનો આ પ્રથમ મેળાપ.

સ્વતંત્રતાના સંગ્રામ માટે મિલનની આ ક્ષણ મૂલ્યવાન નીવડી. ગાંધીજીના પ્રભાવ તળે દુર્ગાબાઈ સ્વતંત્રતા-સંગ્રામમાં પણ જોડાયાં. દેશભક્તિ અને સમાજસેવાના સંસ્કાર એમનામાં નાનપણથી જ રેડાયેલા. ગળથૂથીમાં મળેલા એમ પણ કહી શકાય. કારણ માતા કૃષ્ણા કોંગ્રેસમાં સક્રિય હતાં. યથા માતા તથા પુત્રી... માતાની પ્રવૃત્તિઓનો ઊંડો પ્રભાવ દુર્ગાબાઈના બાળમાનસ પર પડ્યો. ગાંધીજીએ ખાદીને લોકપ્રિય બનાવવા પર ભાર મૂકેલો. એમનો બોલ ઝીલીને મા-દીકરી ખાદીનું વેચાણ કરતા.

ખાદી આઝાદી આંદોલનનું પ્રતીક જ હતું. ખાદીનો પ્રચાર એટલે વિલાયતી વસ્ત્રોનો બહિષ્કાર. વિદેશી કાપડના બહિષ્કારનો અર્થ હતો સ્વદેશી અને ખાદીના ઉપયોગને ઉત્તેજન. નવજીવનમાં 'સ્ત્રીઓનું વિશેષ કામ' નામના લેખમાં ગાંધીજીએ બહેનોને જણાવેલું કે, વિદેશી કાપડનો બહિષ્કાર કઠણ વસ્તુ છે અને બહિષ્કાર તથા ખાદી ઉત્પન્ન કરવા તરફ તેઓનું ધ્યાન ખેંચાયું હતું.

ગાંધીજી માનતા કે જો કોંગ્રેસે સ્વતંત્રતા મેળવવા માટેનું

સાધન બનવું હોય તો લોકસમર્થન મેળવવું પડશે. એ કામ ખાદી કરી શકશે એવી તેમને આશા હતી. એમણે કહેલું, 'ઘણા લોકોને એમ લાગે છે કે, ખાદીની હિમાયત કરવામાં હું સામે પવને હોડી હાંકવાની મૂર્ખાઈ કરું છું, તેથી આખરે સ્વરાજનું વહાણ ડુબાડવાનો છું. પરંતુ ખાદીનું રાજકીય મહત્ત્વ એની આર્થિક ક્ષમતામાં છે. અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ ખાદી સફળ ન થાય ત્યાં સુધી ન તો રાજકીય પરિણામો આવે કે ન તો શાંત વાતાવરણ સર્જાય... જ્યાં સુધી ખાદીથી કરોડો ભૂખ્યાંને કામ મળે છે અને રોટલા મળે છે ત્યાં સુધી ગમે તે દામે પણ તે સસ્તી છે. ખાદી એટલે દેશના બધા વતનીઓની આર્થિક સ્વતંત્રતા તેમ જ સમાનતાની શરૂઆત...'

ગાંધીજીની આ વાત દુર્ગાબાઈને ગળે શીરાની જેમ ઊતરી ગઈ. એથી એમણે ખાદીનો પ્રચાર કરવામાં કોઈ કસર છોડી નહોતી. ઉપરાંત મીઠાના સત્યાગ્રહમાં પ્રખ્યાત નેતા ટી. પ્રકાશમ સાથે ભાગ લીધેલો. ગાંધીજીએ સ્વરાજની લડત માટે મીઠા ઉપરના વેરાની નાબૂદીનો સત્યાગ્રહ કરવાનું એલાન કર્યું. દુર્ગાબાઈ આ સત્યાગ્રહમાં પણ કૂદી પડ્યાં. જોકે ગાંધીજીએ દાંડીકૂચમાં એક પણ બહેનોને સાથે લીધી નહોતી. એનું પણ કારણ હતું. ગાંધીજીના કહેવા પ્રમાણે, અંગ્રેજો સ્ત્રીઓ ઉપર એકાએક હાથ ન ઉપાડે. એટલે ગમે તેટલું સંકટ સહન કરવાની વાતો કરનારા આપણે આપણી ટુકડીને મોખરે સ્ત્રીઓને રાખીએ એ આપણને ન શોભે. ગાંધીજીએ બહેનોને કહેલું, 'તમે લાયક નથી એમ નહીં. પણ બહેનોનો ઉપયોગ બીજાં કામોમાં કરવો છે. તમારા માટે મેં સુંદર કામ શોધી રાખ્યું છે. બહેનોએ જેલમાં જવાનું નથી, પરંતુ વિદેશી કાપડનો બહિષ્કાર અને મદ્યપાન નિષેધનું કામ કરવાનું છે અને જરૂર પડે તો તે માટે ચોકી પણ કરવાની છે.'

ગાંધીજીએ આ કામગીરી ભાઈઓને નહીં, ને બહેનોને સોંપી તેનું પણ કારણ હતું. એ કારણ એમણે ૧૩ એપ્રિલ ૧૯૩૦ના દાંડીમાં સ્ત્રીઓની પરિષદમાં જણાવેલું. અગાઉ ૧૯૨૧માં પિકેટિંગનું કાર્ય પુરુષોને સોંપવામાં પોતે કરેલી ભૂલનો એકરાર કરતાં ગાંધીજીએ જણાવેલું, 'અમુક કાર્ય બહેનો માટે જ હોય. દારૂનિષેધ અને પરદેશી કાપડનો બહિષ્કાર એ એવાં કામો છે કે જે તમે ન કરો તો નથી જ થવાનાં. ૧૯૨૧માં આ કામો પુરુષોએ પરાણે અને ડરથી કરાવ્યાં, પણ તે ક્યાં સુધી ટકે? મારે હારીને એ વાત પડતી મૂકવી પડી, બહેનોને એ સોંપ્યું હોત તો પડતું મૂકવું ન પડત. આપણો ખરો જય પથ્થર જેવી છાતીવાળા પીઠાના માલિકોનાં હૃદય પીગળાવવામાં અને મદ્યપાન કરનારાં તથા આપણા ભાઈ-બહેનોનાં હૃદયની ઉપર અસર પહોંચાડવામાં રહેલ છે. આ લોકના હૃદયનું પરિવર્તન કરવું મને લાગે છે કે સ્ત્રીઓનું ખાસ ક્ષેત્ર છે અથવા તેને ખાસ ક્ષેત્ર કરી શકે છે. હૃદયનું સામ્રાજ્ય જેટલા વેગથી સ્ત્રી મેળવી શકે તેટલા વેગથી પુરુષ નથી મેળવી શકતો એમ ઈતિહાસ પુરવાર કરે છે.'

વિલાયતી વસ્ત્રોના બહિષ્કારને પણ આ જ બાબત લાગુ પડતી હતી. ઇતિહાસનું પુનરાવર્તન કરતાં દુર્ગાબાઈએ વિલાયતી વસ્ત્રોની હોળી કરેલી. ૨૫ મે ૧૯૩૦ના અંગ્રેજ પોલીસે એમની ધરપકડ કરી. એક વર્ષનો કારાવાસ થયો. જેલમાં એમણે અસહ્ય યાતનાઓ વેઠી. ધોમધખતા તડકામાં કલાકો સુધી ઊભાં રહેવું, ભૂખ્યાં રહેવું અને અન્ય કેટલીયે વેદનાઓ સહી. એમણે અમાનવીય અત્યાચારો સહ્યાં, પણ જેલમુક્ત થવા ક્યારેય ક્ષમા ન માંગી. સજા સમાપ્તિ બાદ જેલમુક્ત થયેલાં દુર્ગાબાઈએ ફરી આઝાદી આંદોલનમાં ઝુકાવ્યું. ફરી ધરપકડ. આ વખતે ત્રણ વર્ષની સજા. ફરી યાતનાઓનો ડરામણો દોર. છતાં આ ત્રણ વર્ષ દુર્ગાબાઈએ એળે ન જવા દીધાં. એમણે સમયનો સદુપયોગ કરીને અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધાર્યું.

ત્રણ વર્ષ પછી કારાગારમાંથી બહાર આવેલાં દુર્ગાબાઈએ મદ્રાસ વિશ્વવિદ્યાલયમાં આગળ ભણવાનો આરંભ કર્યો. તેઓ ભણવામાં અત્યંત તેજસ્વી હતાં. એમ.એ.માં પાંચ પદક મેળવ્યા. અહીંથી જ વકીલની પદવી

મેળવી. ૧૯૪૨માં વકીલાત કરવાની શરૂઆત કરી. ૧૯૪૬માં લોકસભા અને સંવિધાન પરિષદનાં સભ્ય બન્યાં. ૧૯૫૨માં ભારતના પ્રથમ નાણાંમંત્રી ચિંતામણિ દેશમુખ સાથે લગ્ન કર્યાં. એ સમયે તેઓ યોજના આયોગનાં સભ્ય હતાં. સાથે જ નારીશિક્ષણની પહેલી રાષ્ટ્રીય સમિતિનાં પ્રથમ અધ્યક્ષ હતાં. તેઓ આંધ્ર મહિલા સભા, અખિલ ભારતીય મહિલા પરિષદ, નારી સુરક્ષા સમિતિ અને વિશ્વવિદ્યાલય મહિલા સંઘમાં પણ સક્રિય હતાં.

દુર્ગાબાઈએ આજીવન - તા. ૯ મે ૧૯૮૧ સુધી સ્ત્રીઓના ઉદ્ધાર માટે કામ કર્યું. સ્ત્રીઓના કલ્યાણ માટે વિશિષ્ટ યોજનાઓ ઘડી. યોજનાઓના સુચારુ અમલીકરણ પર ધ્યાન આપ્યું. દેશની મહિલાઓને સમાન અધિકાર અપાવવામાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન કર્યું. એથી જ આજે એમનું સ્મરણ કરવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રી તરીકે પણ અને સ્વતંત્રતા-સેનાની તરીકે પણ!

(મોબાઈલ ૯૮૯૮૦૭૦૨૦૫)

**હૃદયપૂર્વકની પ્રાર્થના**

એક ભોળો ભરવાડ પ્રાર્થના કરી રહ્યો હતોઃ

‘હે પરમાત્મા, હું તમારા વસ્ત્રો ધોઈ આપીશ, પરમાત્મા તમે ચિંતા કરતા નહીં હું તમારા વાળ સારી રીતે ઓળી દઈશ. હું તમારુ ખૂબ ધ્યાન રાખીશ.’

આ પ્રાર્થના મોઝીઝને કાને પડી. તેણે ભરવાડને આવી રીતે અંગત કહી શકાય અને પ્રભુને મદદ કરવાની પ્રાર્થના બદલ ઠપકો આપ્યો. એથી એ સહજ જીવન જીવતા ભરવાડે પ્રાર્થના કરવાનું જ માંડી વાળ્યું એ સમયે આકાશવાણી થઈ કેઃ

‘હે મોઝીઝ, તેં પરમાત્માના વહાલા ભરવાડને ભારે નુકશાન પહોચાડયું છે, કેવળ શબ્દોની પ્રાર્થના નહીં, હૃદયથી કરેલી-ભાવસભર પ્રાર્થનાનો સ્વીકાર કરું છું.’

**બિલ ગેટસના સુદર જીવનનું રહસ્ય**

બિલગેટસને એક ઈન્ટરવ્યુમાં તેમના આનંદપ્રદ જીવન વિષયક બે સવાલ પૂછવામાં આવ્યા.

સવાલઃ બિલ ગેટસને કઈ બાબત અધિક આનંદ, સુખ આપે છે ?

અને બીજો સવાલ હતોઃ શું તમે તમારા જીવનથી પ્રસન્ન છો ?

બિલગેટસનો જવાબ હતો :

‘મિત્ર, મારા જીવનમાં મે કેટલીક બાબતો આચરણમાં મૂકી છે જે મને જીવનમાં આનંદથી ભરી આપે છે, આપને ગણાવું.’

(૧) જીવનમાં નાની બાબતોનુ ધ્યાન રાખવું.

(૨) જીવનમાં પ્રાથમિકતા નક્કી કરવી.

(૩) નિયમિત કસરત કરવી. જેથી ભૂખ લાગે, ઊંઘ સારી આવે છે.

(૪) પોતાની જાત સાથે વાત કરવી-સંવાદ કરવો.

(૫) સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે તમારી વયથી ૨૦ વર્ષ મોટા બની વાત કરો.

(૬) સમય પર આપેલ વચન પાળો એનાથી વધારે સંતુષ્ટિ બીજી કોઈ બાબતમાં નથી મળતી.

(૭) ખુદ પર વિશ્વાસ રાખી તમારા વિચારોને આકાર આપતા જાઓ.

(૮) પરિવારને પૂરતો સમય ફાળવો, સમય આપો જો તમે તમારા મિત્રો અને પરિવારને સમય આપશો તો તમારી જિંદગી એક અનફિટ, સ્વાર્થી અને એકલા પડી ગયેલા અબજપતિથી બેહતર હશે.

## ૦૫ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા**

---

ગતાંકથી આગળ

૪

વર્ષાઋતુનું આગમન થઈ ચૂક્યું હતું, સૂર્યદેવ ક્વચિત જ દર્શન આપતા હતા.પહાડી ટેકરીઓ લીલીછમ દેખાતી હતી. દિવાલો પર અને ઝાડની બખોલમાં હંસરાજ ફૂટી નીકળ્યા હતા. રાક્ષસી લીલી ઊંચા ઘાસ વચ્ચેથી દીપડાની માફક મસ્તક ઊંચું કરી રહી હતી. ખીણમાંથી ચકરાવો લેતું સફેદ ધુમ્મસ તરતું તરતું ઉપર આવી રહ્યું હતું. ઋતુની સુંદરતા ચારેકોર વ્યાપી વળી હતી. જેમાંથી બાકાત હતી માત્ર લીચ.

બિનીયા દરરોજ થોડી લીચ કમરે બાંધીને એના પગે અથડાતી હોય તેમ ચોંટાડી લાવતી. જેવી તે લોહીથી ભરાઈ જતી તેવી આપોઆપ પડવા લાગતી. પણ એ પડે નહિ ત્યાં સુધી તેમને એની ખબર પડતી ન હતી. પછી એ ચામડી સંતપ્ત લાગતી અને ખંજવાળવાનું મન થયા કરતું. હજુ કેટલાક વૃદ્ધો એમ માનતા હતા કે લીચ લોહી ચૂસી લે એટલે આપણા ઘણાં દર્દો શમી જાય. રામભરોસાને જ્યારે પણ માથું દુઃખતું ત્યારે તે દુઃખતા લમણે લીચ લગાવી રાખતો.

ત્રણ દિવસથી એકધારા વરસતા વરસાદે બધે પાણી ભરી દીધાં હતાં. દરમાંથી અસંખ્ય નાના જીવજંતુ ઉભરાઈને બહાર આવી રહ્યાં હતાં. બિનીયાની માએ અચાનક જોયું તો છાપરે ખેતરના ઉંદરડા ફરી રહ્યા હતા. એમને તો ભગાડવા જ પડે નહિ તો સાચવેલો ઘઉંનો લોટ અને ચોખા ખાઈ જાય. બિજ્જુને પથરા ઉપાડવાની મજા આવતી. કારણ તેમ કરતાં એની નીચે સૂઈ રહેલા વિંછુડા હલચલ કરી મૂકતા. સર્પો પણ તડકો ખાવા બહાર નીકળવા લાગ્યા હતા.

બિનીયાએ પહાડના તળિયે રણઝણતું નાનું ઝરણું જેવું પાર કર્યું કે તરત ઝાડીમાંથી કશુંક પોતાની તરફ બહાર આવતું એની નજરે પડ્યું. એ તો લાંબો કાળોતરો નાગ હતો. થોડા પથરા ખળભળ્યા અને તે ગભરાયો. રસ્તામાં છોકરીને જોઈ તે બેઠો થઈને ફૂંફાડા મારવા લાગ્યો. એની લબકારા લેતી જીભ બહાર દેખાતી હતી, અને ઝેરી મસ્તક બિનીયા તરફ તકાયેલું હતું.

બિનીયાની છત્રી હરહંમેશની માફક ઊઘાડી હતી. એણે સાપ તરફ છત્રીને ધક્કો માર્યો. સાપે બેએક વાર છત્રીના રેશમ પર પછડાટ કરી અને પછી પાછો વળી હળવેકથી ભીના ખડકોની વચ્ચે હંસરાજના ઝૂંડમાં અદ્રશ્ય થઈ ગયો.

બિનીયા ગાયોને ભૂલીને ઘર તરફ દોડી. તે માને કહેવા માગતી હતી કે આ છત્રીએ તેને સાપથી કેવી રીતે બચાવી. બિજ્જુને ભણવાનું પડતું મૂકીને ગાયો લેવાં દોડવું પડ્યું. એ મોટી લાઠી સાથે લઈને નીકળ્યો. જેથી સાપ ફરી સામો મળે તો એનો સામનો થઈ શકે.

પહેલાં ઉનાળાનો ધોમ તડકો અને પછી લાંબો સમય ચાલુ રહેતા વરસાદને કારણે છત્રીનો રંગ ઊતરવા લાગ્યો હતો. ભભકતા ભૂરા રંગના બદલે હવે તે ઝાંખા ભૂરાશવાળી થઈ ગઈ હતી. પણ હજુ તે હતી તો સુંદર જ. દેખાતી હતી તેથી વધુ મજબૂત હતી. તેથી જ રામભરોસાને તે હજુ જોઈતી હતી. એને તે વેચવા નહોતી લેવી પણ પણ તેને પોતાને માટે તે જોઈતી હતી. આ વિસ્તારનો કદાચ તે સૌથી માલદાર માણસ હતો. તો પછી આ ભૂરી છત્રી કેમ એની પાસે ન હોય ? બિનીયા અને તેની છત્રી પર નજર ન પડી હોય એવો એનો એકેય દિવસ જતો ન હતો. જેટલી વાર તે તેને જોતો એટલી વધુ વાર એનામાં તે મેળવવાની ઈચ્છા જાગતી.

ચોમાસામાં નિશાળો બંધ રહેતી. પરંતુ એનો અર્થ એ ન હતો કે બિજ્જુ કશું યે કર્યા વગર ઘરે બેસી રહે. નીલુ અને ગોરી નામની બે ગાયો ઘરને પૂરું પડે એથી વધુ દૂધ આપતી હતી. તેથી બિનીયાની મા રોજનું એકાદ કિલો દૂધ વેચી દેતી. અડધો કિલો નિશાળના માસ્તરસાહેબને અને બાકીનું અડધો કિલો ઓછા ભાવે મંદિરના પૂજારીને. બિજ્જુને રોજ સવારે આ બે ઠેકાણે દૂધ આપવા જવું પડતું.

રામભરોસાએ બિજ્જુને રજાના દિવસોમાં પોતની દુકાનમાં કામ કરવા કહેલું. પણ બિજ્જુને સમય ક્યાં હતો- એને તો માને ખેતર ખેડવામાં અને ડાંગરના ધરૂ રોપવામાં મદદ કરવાની હતી. તેથી રામભરોસાએ બાજુના ગામનો એક છોકરો નામે રાજારામને કામે રાખી લીધો હતો. એ બધી જ સાફ-સફાઈ કરતો અને ટાયાં-ટપ્પાં પણ કરતો. એ બિજ્જુની નિશાળમાં જ ભણતો હતો. પણ બન્ને કંઈ ભાઈબંધ ન હતા.

એક દિવસ બિનીયા એની ભૂરી છત્રીને નચાવતી દુકાન પાસેથી પસાર થઈ એટલે રાજારામે જોયું કે એનો માલિક નિસાસા નાખતો કંઈક બબડી રહ્યો હતો.

ટેણીએ પૂછ્યુંઃ 'શી વાત છે, બાબુજી ?' રામ ભરોસાએ કહ્યું : 'આમ તો કંઈ નહિ, આ થોડીક બીમારી મને ઘેરી વળી છે અને તે પેલી છોકરી બિનીયા અને તેની નક્કામી છત્રીને કારણે છે.'

'એ ખરું પણ બિનીયાએ તમને શું કર્યું છે ?' 'એને છત્રી મને વેચવી જ નથી! એને એનું અભિમાન છે. મેં એને દસ રૂપિયા આપવાનું તો કહેલું.'

'કદાચ તમે બાર આપ્યા હોત...........'

'પણ હવે એ એટલી નવી નથી લાગતી. આમતો એના આઠ રૂપિયા જ અપાય. પણ એ જે હોય તે મારે એ જોઈએ છે.'

રાજારામે કહ્યુંઃ 'એમ કરવાથી તમને કંઈ નફો નહિ મળે.' 'હું કંઈ નફો કરવા આ નથી કરતો મૂરખ! એ ચીજ જ એવી છે. અને કેટલી સરસ છે!'

'બાબુજી, તમે એ મેળવીને કરવાના શું? તમે આ દુકાન છોડીને ભાગ્યે જ કોઈને મળવા જાવ છો. એનો તમે ઉપયોગ શો કરશો ?'

'અનાજના ખેતરમાં ખસખસનો છોડ ઊગી નીકળે તેનું શું? મેઘધનુષનો ઉપયોગ શો? મૂર્ખા તારોય શો ઉપયોગ છટ્! મારે પણ આત્મા છે મારે છત્રી જોઈએ, બસ એ સુંદર ચીજ મારી હોવી જોઈએ!'

રાજારામે કીટલી સગડી પર મૂકી, કાઉન્ટર સાફ કરવા લાગ્યો અને તેમ કરતાં બબડતો રહ્યોઃ 'હું ય છત્રી જેટલો જ ઉપયોગી છું' અને પછી થોડી વારે ઊંડા વિચાર કરતાં બોલ્યો : 'બાબુજી, હું તમને એ છત્રી લાવી આપું તો તમે મને શું આપશો?'

આ વૃદ્ધ માણસે કહ્યુંઃ 'એટલે તું શું કહે છે?' 'હું એ જ કહું છું કે હું લાવી આપું તો મને શું આપશો?'

'અલ્યા, તું એ ચોરી લાવવાની વાત કરે છે, એમ જ ને? તું ય મજાનો કિશોર છે હં! મને એનો આનંદ છે કે તું મારો દીકરો ય નથી કે મારો દુશ્મને ય નથી. પણ જો સાંભળ બધાંને ખબર પડી જ જવાની કે એ તું ચોરી લાવ્યો છે, તો પછી હું એ બધાને બતાવી કેમ શકીશ ?'

રાજારામ લુચ્ચુ હસીને બોલ્યોઃ 'તમારે એકાંતમાં એને જોયા કરવાની અથવા તો ટેહરી લઈ જઈને એને લાલ રંગે રંગાવી લેવાની! એ પ્રશ્ન તમારો છે. પણ બાબુજી મને એ કહો કે તમને જોઈતી જ હોય તો હું ચોરી કરતાં પકડાઉ નહિ એટલે મને ત્રણ રૂપિયા આપવા તૈયાર છો?'

રામભરોસા એ છોકરા તરફ વ્યથિત નજરે જોઈ રહ્યો પછી કહ્યું; 'તું બહુ ચાલાક લાગે છે એમાં તું કંઈ બહુ ફાવીશ નહિ, ચાલ હું તમે બે રૂપિયા આપીશ.'

છોકરાએ કહ્યુંઃ 'ના ત્રણ' વૃદ્ધજને કહ્યું : 'ના બે'

કિશોરે કહ્યુ : 'મને લાગે છે કે તમારે એ જોઈતી નથી લાગતી.'

વૃદ્ધજને કહ્યુંઃ 'છટ્, તું નક્કામો છે તને તો દૂર રાખવો જ સારો! સારું મને છત્રી લાવી આપજે. તને એના ત્રણ રૂપિયા આપીશ.'

(ક્રમશઃ)

## ૦૬ પ્રૂફ-રીડરની આવડતો

**મુનિ દવે**

પ્રૂફ-રીડિંગની જરૂર શું કામ પડે?

આપણે જે કોઈ કામ કરીએ તે પહેલી જ વારમાં એકદમ સાચું જ હોય, બરાબર જ હોય, સંતોષજનક હોય તેવું સામાન્ય રીતે બનતું નથી. આ કામમાં વિવિધ આવડતો અને ચોકસાઈનો આગ્રહ ધરાવતા એક કરતા વધુ લોકો સંકળાયેલા હોય. આથી કામ પૂરું થયા બાદ એક નજર તો ફેરવવી પડે, જેથી આપણને વિશ્વાસ બેસે કે આપણે જે વાત અભિવ્યક્ત કરવા માગીએ છીએ તે યોગ્ય રીતે વ્યક્ત થઈ છે. તે માટે આપણે જે કંઈ લખ્યું, કે ટાઈપ કર્યું/થયું કે છપાવવા જઈ રહ્યું છે તે બરાબર છે કે નહીં તે ચોક્કસ કરવું પડે. મોટાભાગના વાચકોને ખોટી જોડણી કે અનુસ્વારની ભૂલો નડતી નથી. આપણે જે વાત કહેવી છે તે તેના સુધી બરાબર પહોંચે છે, પણ જો એકાદ લીટી કે શબ્દ ગપચાવી દીધાં હોય, કે ખોટી જગ્યાએ પૂર્ણવિરામ મૂક્યાં હોય તો તેને વાત પકડાતી નથી.

હમણાં ગુજરાતીમાં એક પુસ્તક હાથમાં આવ્યું. તેમાં હું માત્ર અનુવાદક તરીકે સંકળાયેલો છું. તેને છપાયેલું પુસ્તક બનાવવાની બધી જ પ્રક્રિયાઓ અન્ય લોકો દ્વારા બીજા શહેરમાં થઈ. પુસ્તક જોવાનું શરૂ કરતાં જ દેખાયું કે તેમાં પ્રૂફ-રીડિંગની અઢળક ભૂલો છે - જેવી કે : મોટે ભાગે 'ઘ' નો 'ધ' છે, ક્યાંક કોઈ જુદો જ શબ્દ ('પારણા' ને બદલે પાણા, 'પરિમાણ'ને બદલે પરિણામ) છે, ક્યાંક બે શબ્દો વચ્ચે જગ્યા નથી છોડી, નામ(સીક્રેટીસ) ખોટું લખ્યું છે અથવા એકાદ અક્ષર વધારે જોડાઈ ગયો છે, ક્યાંક પૂર્ણવિરામ કે કોમા નથી, ક્યાંક એક લીટી કે શબ્દો ગપચાવી દીધાં છે, વગેરે. આમાંની ઘણી એવી ભૂલો કે જેને વાંચતા વાચક ગૂંચવાઈ જાય કે આ વાક્યનો અર્થ શું થાય! હું વીસેક વર્ષ સામાયિકનો સંપાદક રહ્યો હોવાથી આનાથી આઘાત તો ન લાગ્યો પણ દુઃખ જરૂર થયું. મેં પણ અગાઉ કેટલીક ભૂલો કરી છે. ત્રણ વાર પ્રૂફ-રીડિંગ કર્યું હોવા છતાં જ્યારે અંક છપાઈને હાથમાં આવે ત્યારે ભૂલો નજરમાં આવે. ભલે આખા પુસ્તક કે અંકમાં પાંચ-છ જ હોય પણ એ બહુ કઠે. એવો પણ અનુભવ છે કે ચાર વ્યક્તિએ પ્રૂફ-રીડિંગ કર્યું હોય, તેમાં ચારે જણાએ અંગત રીતે ૨૫% જેટલી નવી જ ભૂલો કાઢી હોય, અને તેમ છતાંયે કેટલીક ભૂલો રહી ગઈ હોય.

આવું શું કામ થતું હશે? લાગે છે કે આવાં કોઈક કારણો હશે.

- આપણે એવું માનતા હોઈએ છીએ છે કે આપણું ભાષાજ્ઞાન (જોડણી અને વાક્યરચના) સારું છે. પણ હકીકત જુદી હોઈ શકે.
- સારું ભાષાજ્ઞાન હોવું તે પ્રૂફ-રીડર બનવા માટે અગત્યની શરત ખરી, પણ તેટલું પૂરતું નથી.
- સારું ભાષાજ્ઞાન હોવાના કારણે પ્રૂફ વાંચતી વખતે સહજપણે ખોટો લખાયેલો (અવરણ) શબ્દ સાચી રીતે (આવરણ) વંચાઈ જાય છે.
- પ્રૂફ વાંચતી વખતે રીડર લખાણના ભાવમાં તણાયા વગર, તટસ્થ રહીને વાંચી શકતા હોવા જોઈએ.
- મૂળ લખાણ સાથે સરખાવતા જવું, જોડણી બરાબર છે તે જોવું, અનુસ્વાર યોગ્ય જગ્યાએ છે, વાક્યરચના પર ધ્યાન આપવું, યોગ્ય જગ્યાએ વિરામચિહ્નો મૂકવાં, જરૂર હોય ત્યાં સંદર્ભ મૂકવો, બિનજરૂરી પુનરાવર્તન અટકાવવું, વાચકો માટે મહત્ત્વની બાબતોની સચ્ચાઈ ચોક્કસ કરવી, નક્કી કરેલા વાચકવર્ગને સમજાય તેવી ભાષાનો ઉપયોગ કરવો, વગેરે બાબતો એકસાથે થતી રહેવી જોઈએ. (હમણાં એક સામાયિક આવ્યું તેમાં દાતાનું નામ ખોટું લખ્યું છે અને લવાજમ ભરવા માટે એવી બેંકનું નામ અને માહિતી છે, જે બેંક બે વર્ષ પહેલાં અન્ય બેંક સાથે ભેળવી દેવાઈ છે.)
- ક્યારેક એવું થાય છે કે પુસ્તકનાં બધાં પાનાંનું પ્રૂફ

જોવાઈ જાય છે પણ મુખપૃષ્ઠ અને પ્રકરણનાં શીર્ષકો તપાસવાનું ધ્યાન બહાર રહી જાય છે. પુસ્તક હાથમાં આવતાં સૌથી પહેલાં તો મુખપૃષ્ઠ જ દેખાવાનું છે અને તેમાં જ મોટી ભૂલ રહી ગઈ હોય.

● ટાઈપિંગ કરનારને સમજાય તેવી સૂચનાઓ/સંજ્ઞાઓ મૂકવી, જેથી આપણે શોધેલી ભૂલો તે સુધારી શકે.

● એક વખત સુધારેલું પ્રૂફ આવે ત્યારે જૂની ભૂલો યોગ્ય રીતે સુધારી લેવાઈ છે કે નહીં અને કદાચ તેને કારણે થતી નવી ભૂલો થઈ હોય તે જોવી, અને ગયા વખતે નહીં પકડાયેલી નવી ભૂલો શોધવી.

આ બધા સાથે પ્રૂફ-રીડરે પૂરી એકાગ્રતા સાથે પ્રૂફ-રીડિંગ કરવું પડે, જે બહુ અઘરી બાબત છે. તે ન હોય તો તમારું ઉત્તમ કક્ષાનું ભાષાજ્ઞાન કામ નથી આવતું. ચંચળ મન સાથે પ્રૂફ-રીડિંગ બરાબર ન જ થાય. શારીરિક બીમારી સાથે પણ ભૂલો થવાની શક્યતા રહે.

વિનોબાજી કહેતા કે, ‘ધ્યાન એટલે માત્ર આંખો મીંચીને એકાદ કલાક બેસવું એમ નથી. પણ તમે જે કામ કરો છો તેમાં તમારી એકાગ્રતા કેટલી છે તે મહત્ત્વનું છે. આવી એકાગ્રતા એ ધ્યાનનો એક ભાગ છે. આ ઓક્સફર્ડની ડિક્શનરી જુઓ, તમને એકેય ભૂલો દેખાય છે? આ પૂરી એકાગ્રતા સાથે થયેલું કાર્ય છે.’

નેટફ્લિક્સ પર એક જાપાનીઝ સિરિયલ છેઃ Pretty Proofreader બહુ રસપ્રદ છે. જેમને પ્રૂફ-રીડિંગમાં રસ હોય તેમણે તો ખાસ જોવી જોઈએ. તેમાં ઉપર જણાવેલી આવડતો ઉપરાંત એ જરૂરિયાત પણ બતાવી છે કે તેણે મૂળ પ્રતમાં દર્શાવેલાં દરેક આંકડા કે હકીકતોને પ્રમાણિત કરવાં પડે. તેના યોગ્ય સંદર્ભો શોધવા પડે. તે માટે જરૂરી શોધખોળો કરવી પડે. બની શકે કે તેને કારણે પ્રકાશનમાં મોડું થાય.

મારો અનુભવ એવો છે કે ગમે તેટલું ધ્યાન રાખવા છતાંયે બે-ચાર ભૂલો રહી જાય છે અને તે જેવું પુસ્તક હાથમાં આવે કે તરત દેખાય અને આઘાત આપે. આપણે ત્યાં કેટલાક સામાયિકો છે, જેમાં બહુ નજીવી ભૂલો દેખાશે — જેવાં કે નિરીક્ષક, નવનીત સમર્પણ, ભૂમિપુત્ર.

ભૂલો ઓછી કરવા માટે મને કેટલાક ઉપાયો સૂઝ્યા છેઃ

૧. જે ગુજરાતી ટાઈપિંગ કરતા હોય તે તેના કામમાં કુશળ હોવા જોઈએ. પોતાના કામ પ્રત્યે જાગૃત હોવા જોઈએ. ગુજરાતી ભાષાનું સારું જ્ઞાન હોવું જોઈએ. માત્ર ગુજરાતી ટાઈપ કરતા આવડે તે પૂરતું નથી. તેની પાસે નક્કી કરેલો શબ્દકોશ હોવો જોઈએ, જેનો ઉપયોગ તે વારંવાર કરતા રહે. જેટલી વધારે ભૂલો તે ટાઈપિંગમાં કરશે તેમાંથી પ્રૂફ-રીડિંગ બાદ એકાદ ટકો રહી જવાની શક્યતા રહેશે.

૨. ટાઈપ કરનાર અને પ્રૂફ-રીડર એકમેકને જાણતા-સમજતા હોય તો સારું પડે. બન્નેએ સતત એકમેક પાસેથી શીખતા રહેવાનું છે, જેથી એકવાર બતાવેલી ભૂલ બીજી વાર ન થાય તેનું ધ્યાન રહે. બન્ને એક જ જગ્યાએ રહીને કામ કરતા હોય તે ઉત્તમ, પણ એવું નહીં હોય તો આ સંબંધ બંધાતા વાર લાગશે.

૩. બે પ્રૂફ જોવાયા બાદ ત્રીજું પ્રૂફ અન્ય વ્યક્તિ જુએ તો ભૂલો રહી જવાની શક્યતા બહુ ઓછી થઈ જાય છે.

૪. સોફ્ટ કોપીમાં કામ કરવાની હજુ ટેવ પડી ન હોવાને કારણે ભૂલો રહી જવાની શક્યતા વધી જાય છે. પણ હવે હાર્ડ કોપીને બદલે સોફ્ટ કોપીમાં (pdfમાં) જ પ્રૂફ-રીડિંગ કરવાની આદત પાડવી તો પડશે જ.

૫. એક દિવસમાં વધુ કલાક કામ કરવાથી વધુ કામ થશે તે આ કામ માટે સાચું નથી. મન થાકેલું હશે અથવા કોઈ બાબતે ચિંતાગ્રસ્ત હશે તો ભૂલો વધુ થશે.

૬. ટાઈપિંગ કરનાર વ્યક્તિને પોતાના આ કામ પ્રત્યે પ્રેમ હોવો જોઈએ અને પોતાની પ્રતિબદ્ધતા હોવી જોઈએ કે તે સતત વધુ સારું, ભૂલ વગરનું કામ કરે, સતત સભાનપણે વિકસે. તેણે માત્ર મૂળ પ્રત પ્રમાણે જ ટાઈપ નથી કરવાનું, પણ - જો કોઈ વિશેષ સૂચના ન હોય તો - સાચું (જોડણી અને વિરામચિહ્ન મુજબ) હોય તે ટાઈપ કરવાનું છે.

૭. કેટલાક વાક્યો મોટેથી વાંચવાથી વિરામચિહ્ન યોગ્ય જગ્યાએ મૂકવાની જરૂરિયાત સમજાશે.

## ૦૭ મોતને માત આપીને ૧૦૦ વર્ષ જીવનાર..પૃથ્વી પરનો સૌથી સુખી માણસ શું કહે છે?

**વિશાલ ભાદાણી**

---

૨૦૨૦માં પ્રકાશિત પુસ્તક 'The Happiest Man on Earth: The Beautiful Life of an Auschwitz Survivor' એક એવા માણસની સ્મૃતિકથા છે કે જે હિટલરનાં કોન્સન્ટ્રેશન કેમ્પમાંથી ભાગીને જીવી શક્યો. નાઝી જર્મનીની આ કથા અંદરથી હચમચાવી નાખે તેવી તો છે જ પણ સાથોસાથ આપણા જીવનના ઉતાર ચડાવમાં કેમ પ્રજ્ઞાને સ્થિર રાખીને ખુશ રહી શકાય તેની કેટલીક પાયાની અને માનવીય વાતો કરે છે.

જેમ કે,જે છે એનાં માટે ઈશ્વરનો આભાર માનીને કૃતજ્ઞ બનીએ કારણકે આપણે જે પ્રકારનું જીવન જીવીએ છીએ, જેવા લોકો સાથે રહીએ છીએ એવું કરોડો લોકોને મળ્યું જ નથી અને મળશે પણ નહીં. લેખક જાકુ કહે છે, 'Family first, family second, and family at the last.' જીવનને જો સુંદર બનાવીએ તો જ એ સુંદર છે. એટલે કે સુખ એ અકસ્માત નથી પણ આપણી વ્યક્તિગત પસંદગી છે. દરેકની અંદર, અરે અજાણ્યામાં પણ સારપ રહેલી છે એ શ્રદ્ધા ગુમાવવાની નથી. ગમે તેવો પીડાદાયક ભૂતકાળ હોય તેને ત્યજીને આજે - અહીં જ જીવવામાં મજા છે. આપણે આજે જીવતા છીએ એ કંઈ નાનીસુની વાત છે! લાખો લોકોને હિટલર ગળી ગયો; પણ આપણે છીએ. માટે મહત્તમ સદ્ભાવ, સેવા અને પ્રેમથી જીવીએ.

અને જીવનનો સાચો ધબકાર સાચુકલા સંબંધો છે. એ કહે છે કે 'એક સારો મિત્ર એટલે મારે મન આખું વિશ્વ.'ફોલોઅર્સ ગમે તેટલા હોય, વખાણ કરનારાના ભલે ટોળેટોળા હોય પણ જેની સામે છાતી ફાડીને રડી શકાય એવો મનેખ મળે એટલે એને ઈશ્વરકૃપા જ ગણવી. જેને તમે ચાહો છો એની સાથે વધુમાં વધુ રહો, સુંદર સંસ્મરણોથી મોટી કોઈ મૂડી નથી. ૧૦૦ વર્ષે પથારીમાં પડ્યાં પડ્યાં જે જીવાય છે એ તો સંસ્મરણો જ છે.' જાકુ કહે છે કે,

'દુઃખ વહેંચાય ત્યારે અડધું થાય અને સુખ વહેંચાય ત્યારે બમણું' માટે દોસ્ત,share & care!

એક બહુ જ પાયાની અને શીરાની જેમ ગળે ઊતરે એવી છતાં પણ ખૂબ અઘરી વાત કરતા જાકુ કહે છે કે જેવા છીએ એવા જ અસ્સલ પ્રગટ થઈએ. સમાજની અપેક્ષાઓ પ્રમાણે કે એના બીબામાં મન મારીને ફીટ થવામાં કંઈ સારાવાટ નથી. એ દુઃખને નોતરું આપે છે. આપણી મર્યાદાઓ છે તો છે. આપણે ભગવાન નથી. ટૂંકમાં આપણે આપણા તુંબડે તરવાનું છે. જીવનમાં કશોક હેતુ હોય - કંઈક સારું કરવાની ભાવના હોય તો મસ્ત જીવી જવાય છે. હેતુ વગરનું જીવન, સરનામાં વગરની ટપાલ બની જાય છે. સફળતાનું છીછરાપણું સમજવા માટે સાર્થકતાને ભેટીએ.

જીવનમાં જે કંઈ સિદ્ધ કરવું છે એ બધું જ તો જ થશે જો આપણે આપણું ધ્યાન રાખીએ. શરીર અને મનની તંદુરસ્તી આપણા જ હાથમાં હોય છે અને હોવી જોઈએ. આપણને ગમતી પ્રવૃત્તિઓ માટે સમય કાઢીને મન પરોવીએ તો બીમારીને દૂર રાખી શકીશું.

શાંત નદી જેવું આ પુસ્તક ઊંડું છે અને આપણને ઊંડે ઊંડે હાશકારો આપનારું છે! વાંચો! વહેંચો!

**મરમ**

ઝેન ગુરુને શિષ્યએ પૂછયું:
'બુદ્ધના ઉપદેશનો મર્મ શું ?'
ગુરુએ કહ્યું : 'શાશ્વત આકાશ સફેદ વાદળોની ગતિમાં રુકાવટ કરતું નથી.'

## ૦૮ ભારતમાં કેવા ગામડાં હોવા જોઇએ?

**ડૉ. નાનક ભટ્ટ**

---

ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીની શકયતાઓ વિકસે, વ્યસનમુકત અને સાક્ષર લોકો સંગઠિત બની કાર્યમાં સહભાગી થાય તથા સ્વાવલંબી સમાજનું ગ્રામસ્વપ્ન સાકાર થાય તે ભાવનાથી ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની ઉપસ્થિતિમાં તાજેતરમાં બે કાર્યક્રમ યોજાઈ ગયા.

પ્રથમ કાર્યક્રમ કમિશનર ગ્રામવિકાસ અને ડાયરેકટર કાપાર્ટ (દિલ્હી) દ્વારા યોજાયો, જેમાં તાલીમ અને ગ્રામ્યવિસ્તારમાં વિકાસનાં કાર્યો કરતી સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનાં આયોજકોએ જણાવ્યું કે Skill India Mission હેઠળ ગત વર્ષમાં ૧૩ ટકા વધુ ખર્ચ કરાયો છે. પરંતુ તાલીમનો પ્રત્યક્ષ ઉપયોગ કરનાર યુવકોનું પ્રમાણ ઘટયું છે. ઉપરાંત ગ્રામીણ તાલીમાર્થીઓ માટે અપેક્ષા મુજબ રોજગારીની તકો ઉપલબ્ધ ન થતાં ગામડાંમાંથી તાલીમ આપેલા યુવકોનું શહેર તરફ સ્થળાંતર વધ્યું છે. અહેવાલના પ્રતિભાવમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ જણાવ્યું કે ગ્રામીણ શિક્ષિત બેરોજગારીની સ્થિતિ પાછળ સરકારી અધિકારીઓની તુમારશાહી જવાબદાર છે. કાયદાઓમાં ઉપસ્થિત જિલ્લાસ્તરના અધિકારીઓએ પોતાના અનુભવોને ટાંકતાં જણાવ્યું કે પક્ષીય ભૂમિકામાંથી આવતી સંસ્થા અને એજન્ટો તાલીમ માટે ફાળવવામાં આવેલ ભંડોળને સમુદાય વિકાસના બદલે સંસ્થાગત વિકાસ માટે વધું ખર્ચે છે, તેવું જોવા મળ્યું છે.

બીજા એક કાર્યક્રમ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની ગ્રામીણ સંસ્થાઓની ઉપસ્થિતિમાં યોજાયો. જેમાં દેશની મૂળભૂત સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાયું નથી. તેમ જ વિકાસનો સ્વીકૃત ઢાંચો તૈયાર કરી શકાયો નથી તે બાબતે ચિંતા વ્યકત કરતા જણાવાયું કે ઉદારીકરણનાં નામે પરદેશી આર્થિક નીતિ અપનાવતા દેશનાં ૧૦ ટકા લોકોના હાથમાં રાષ્ટ્રના ૯૫ ટકા સાધનોનું સંચાલન જતું રહ્યું છે. પરિણામ સ્વરૂપે શહેરોમાં પ્રદૂષણ, કરચોરી, ક્રાઈમ અને કોમી વિખવાદ જેવી સમસ્યાઓ વ્યાપક બની રહી છે. ગામડાંઓમાં શોષણ, બેરોજગારી, ગરીબી અને સ્થળાંતર જેવી સમસ્યાઓ વ્યાપક બનતી જાય છે.

ગામડાંઓનાં સ્વાવલંબન માટેની કાર્યપદ્ધતિ અંગે વિચારાયું કે રાષ્ટ્રના વિકાસનો ઢાંચો ગામડાંઓને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવે અને ગામડાં પગભર બને તેવું આયોજન કરવામાં આવે. ગ્રામીણ ક્ષેત્રે પૈસાના સ્થાને શ્રમનું ઉચિત મૂલ્ય અંકાય તેમ જ વિકાસ યોજનાઓ રોજગારલક્ષી બને. વિકાસનાં કાર્યક્રમો ઉચ્ચ કક્ષાએથી લાદવાના બદલે ગામડાંના પર્યાવરણ તથા જરૂરિયાતને અનુરૂપ બને તેવી વાત સ્વીકારવામાં આવી. ગ્રામીણોને સંગઠિત કરી વિકાસનો વહીવટ સ્થાનિક પંચાયતી વ્યવસ્થા દ્વારા થાય તેમજ તમામ સ્તરે શિક્ષણના ભાગરૂપે કૃષિ, પશુપાલન, સ્વચ્છતા, આરોગ્ય, મહિલાવિકાસ અને ગ્રામોદ્યોગને સમાવી લેવામાં આવે. ગામડાંની ખેતી, ગ્રામોદ્યોગના વિકાસને મહત્ત્વ મળવું જોઈએ.

ઉપસ્થિત ગાંધીજનોનો મત હતો કે ભૌતિકવિકાસની સાથે માનવીની ચેતનાનો વિકાસ થવો ઘટે. વ્યકિતગત નહીં સમષ્ટિગત વિકાસ થવો જોઈએ. પશ્ચિમ ભારતનાં ગામડાંઓનાં વિકાસ માટે મહિલાઓની સહભાગિતા વધારવા માટેના કાર્યક્રમો નકકી કરવા પણ વિચારાયું. ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમની કાર્યશકિત માટે જાણીતી છે. જે સંદભમાં ઉપરોક્ત બંને કાર્યક્રમોની અપેક્ષાઓ બર આવે તો આપણાં ગામડાંઓ સ્માર્ટ ગ્રામ બને અને રાષ્ટ્રનિર્માણના મૂલ્યોનો જયજયકાર થાય. પરંતુ પ્રશ્ન એ છે કે આજે સમાજ બદલાયો છે, પરિમાણો બદલાઈ ચૂકયાં છે, ત્યારે આ જમીન ઉપર કલ્પનાનું સ્વર્ગ સંભવી શકે તેમ છે ?

આ તરફ આપણાં ગામડાંઓની સ્થિતિ જોઈએ તો ખેડૂતનો છોકરો બાપની મહેનતકશ ખેતી કરવા તૈયાર નથી.

તેઓ આકાશી ખેતી કે બજારમાં ઊભેલા કમિશન એજન્ટો દ્વારા નફો-નુકસાન નકકી થાય તેવી પરવશ સ્થિતિમાં રહી શાક-રોટલા અને છાશનાં હાંડલાં માટે જાત તોડી નાંખવા માગતા નથી. બદલાતી પરિસ્થિતિ તો એ હદ સુધી પહોંચી છે કે ખેડા અને વડોદરા જિલ્લા જેવાં સિંચાઈના વિસ્તારોમાં ચાર-સાડા ચાર વીઘામાં ખેતી કરનાર યુવકને કોઈ છોકરી આપવા તૈયાર નથી. લોધિકા જેવા રાજકોટ જિલ્લાનાં સૂકી ખેતીનાં ગામોમાં યુવકો માટે લગ્ન પસંદગી મેળાવડા યોજાય છે. તે પહેલાં છોકરાઓ ઓળખાણ-પિછાણ આગળ કરીને ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિઓમાં નોકરીઓ લઈ લે છે. કારણ કે માબાપ પોતાની દીકરીને ખેડમાં સોંપવા રાજી નથી. શહેરી જીવનની સુંવાળપે ગામડાંમાં પરિશ્રમી જીવનને હલકું પાડયું છે. આથી સુરતમાં હીરાનું કામ કરતા યુવકો ચોમાસું ખેતી માટે દેશમાં પૈસા મોકલી આપે છે, પણ જાતે વતનમાં આવી ખેતી કરવા ખુશ નથી.

અમદાવાદ શહેરના લો ગાર્ડનની ફૂટપાથો પરથી ખરીદાતું, સૌરાષ્ટ્રનું હાથનું ભરતકામ શહેરી ઘરોમાં પીલો કવર કે બેડશીટની કોરમાં આવી વસ્યું છે. હવે ગામડાંની બહેનોમાં રંગીન ભાતનું શિફોન પ્રચલિત થયું છે. વડોદરા જિલ્લાનું તિલકવાડા ૬૯૯૯ માણસોની વસ્તીનું નાનું ગામ છે. હાઈવે ઉપરના આ ગામમાં આજે ૩૩૨ ઘરોમાં ગેસનાં સિલિંડરો છે. એક સમયે ગેસ-સિલિંડરો વડોદરા કે રાજપીપળામાં રહેતા સગાસંબંધીઓ પાસેથી તિલકવાડા પહોંચતાં. પુરુષ માટે આ સુવિધા વધુ ખર્ચાળ અને કષ્ટદાયી હોવા છતાં બાયોગેસના સ્થાને સ્ત્રીઓએ પોતાનો મોભો જમાવવા અને વધુ આરામદાયી જિંદગી જીવવા ગેસ-સિલિન્ડરોની રસોઈને અપનાવી લીધી. ગામડાંઓમાં દૂર સુધી આ સુધારાની હવાના કારણે પેઢી દર પેઢીથી જંગલો અને પહાડોમાં રહેતા આદિવાસીઓ આજે નર્મદાબંધ યોજનાની સગવડતા હાથ ધરવા મેદાની વિસ્તારમાં નિવાસી બન્યાં છે. એટલું જ નહીં પણ અસરગ્રસ્તોની નવી વસાહતોમાં સ્થાયી થઈ ચૂકેલા આદિવાસીઓની શૈલી બીજા આદિવાસીઓને પણ સ્થળાંતર કરવા ખેંચી લાવી છે.

આમ, રંગમંચના એક તખ્તા ઉપર સરકારમાં સ્માર્ટ સિટીના જોખમે અધિકારીઓનું હિત પોષાતું જોવા મળે છે, તો બીજા તખ્તા ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓ, ગરીબોની આશાનાં છાંયડે સંસ્થાકીય હિત સાધતી દેખાય છે. જયારે બદલાતી સ્થિતિનો ચિતાર જોઈ શકનાર વેપારી પેઢીઓએ સાબુ અને ટૂથપેસ્ટથી માંડી મોબાઈલ, બિસ્કીટ અને પીણાંઓનાં વેચાણકેન્દ્રોને ગ્રામકેન્દ્રો સુધી લંબાવ્યાં છે. ૨૯૩૯માં ગામડું લકઝરી ગુડઝનું બજાર બનશે તેવી બિઝનેસ ઈન્ડિયાની ભવિષ્યવાણી, જોતજોતામાં આકાર લઈ રહી છે. સ્વતંત્ર ભારતનાં નવરચના સમયે મળેલ સ્વાવલંબી સમૃદ્ધ ગામનો વિચાર અયોગ્ય નહોતો. પણ આજે માહોલ બદલાઈ ચૂકયો છે. મોર્ડન એજ તરફ ધસમસતી દુનિયાનાં ઘડતર અને ચણતરમાં હવે વ્યકિતના સ્થાને બનાવોનું પદાર્પણ વધી રહયું છે. આર્થિક મૂલ્યનાં માપદંડ પ્રચલિત બન્યાં છે. તે વેળાએ ભૂતકાળ તરફ પાછા ફરવાનું શકય નથી, જે તે સ્થિતિને નિખાલસતાથી સ્વીકારી લેવી પડશે. એટલું જ નહીં પણ મર્યાદિત જીવન-જરૂરિયાતવાળાં સ્વાવલંબી ગામડાંઓમાં મુકત જીવનના પ્રયોગો છોડી ગામડાંઓ વધુ સ્વાવલંબી અને શિક્ષિત બને તે પ્રકારે સ્વયંસંચાલિત કાર્યપ્રણાલીઓ ગોઠવવી પડશે.

સમૂહ-સંચારમાધ્યમોનાં કારણે લોકોનું પસંદગીક્ષેત્ર વ્યાપક બન્યું છે અને ગામડાંઓમાં પણ આર્થિક હેતુની સમાનતા ધરાવતાં જૂથો સંગઠિત થતાં જાય છે. આ તબકકે સ્વૈચ્છિક સંસ્થાઓને ગામડાંઓમાં ઉત્પન્ન થતી ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણના કામમાં મદદરૂપ થવું જરૂરી બને છે. ગામડાંઓમાં રહેતા યુવકને વધુ આર્થિક લાભ અંગેની વહીવટી અને તકનિકી તાલીમ મળે તેવા પ્રયત્નો કરવા પડશે. પરિવર્તનના વળાંકે સરકારે પોતાના સકંજામાં જકડી રાખેલ માળખાગત વિકાસ, વાહનવ્યવહાર, સંચારસેવા, વીજળી અને પાણી જેવાં વ્યવસ્થા તંત્રોને ક્રમશઃ પ્રજાના હાથમાં સોંપી લોકોને વધુ સારા જીવન માટે ઉત્સાહિત કરવા ઘટે છે. રાજકીય પક્ષો માટે લોકરંજનના સ્થાને આમપ્રજાને વિકાસના કાર્યક્રમોના અમલમાં ભાગીદાર બનવાનો સમય પાકી ગયો છે.

શહેરીકરણ સાથે જોડાયેલ કોરોના જેવી મહામારીનાં ભયસ્થાનની અવહેલના ન કરતાં ગામડાંને સ્માર્ટ-સિટી નહીં પણ જાગૃતગ્રામ તરીકે ઘડવાની જરૂર છે.

## ૦૯ આપણી તાળીનાં આંદોલનો આકાશગંગા સુધી પહોંચે છે : તિક નાટ હાન

**સોનલ પરીખ**

'સંવાદી રીતે ચાલવું કે બોલવું એ પણ ધર્મ છે. એનાથી સર્જાતા વાતાવરણની સુગંધ દૂર સુધી પહોંચે છે.' જેવી સૂક્ષ્મ અને 'આપણે એક તાળી પણ પાડીએ તો એનાં આંદોલનો છેક આકાશગંગાને સ્પર્શે છે.' જેવી વિરાટ અપીલ ધરાવતા વિયેતનામના બૌદ્ધ સાધુ ટિક નાટ હાનનું જીવન અત્યંત પ્રેરણાદાયક છે. એમનો જન્મ ૧૯૨૬માં. જીવનભર વિશ્વપ્રવાસી રહ્યા. ૧૬મા વર્ષે તુ-હ્યુ મંદિરમાં દીક્ષા લીધી હતી, ૮૮મા વર્ષે ત્યાં જ પાછા ફર્યા અને ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ના દિવસે ૯૫ વર્ષની વયે મૃત્યુ પામ્યા ત્યાં સુધી ત્યાં જ રહ્યા. સાયગોન યુનિવર્સિટીમાં બિનસાંપ્રદાયિક વિષયો ભણનારા અને સાયકલ પર ફરનારા તેઓ પહેલા સાધુ હતા. માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરે 'શાંતિ અને અહિંસાના દૂત' તરીકે નોબેલ શાંતિ ઈનામ માટે એમની ભલામણ કરી. વિયેતનામમાંથી ૪૦ વરસના દેશવટા દરમ્યાન એમણે પશ્ચિમને બૌદ્ધ ધર્મ અને ધ્યાન-એકાગ્રતાનો પરિચય આપ્યો હતો અને ૨૧ સદીના વિશ્વને 'એંગેજડ બુદ્ધિસ્ટ કૉમ્યુનિટી'ની ભેટ આપી.

વિયેતનામમાં યુદ્ધ થયું ત્યારે સાધુઓ-સાધ્વીઓ સમક્ષ સવાલ હતો કે ધ્યાન અને ચિંતનમનનમાં મગ્ન રહેવું કે પછી ઘવાયેલાઓની સેવા કરવી. તિક નાટ હાને બંને કર્યાં. આ જ હતું એમનું એંગેજડ બુદ્ધિઝમ - સક્રિય બુદ્ધત્વ. 'વિયેતનામઃ લોટસ ઈન અ સી ઑફ ફાયર' પુસ્તકમાં એમણે આ શબ્દ વાપર્યો છે. એ વખતથી તેઓ આંતરિક પરિવર્તનને વ્યક્તિ અને સમાજના કલ્યાણ માટે પ્રયોજતા રહ્યા છે.

પુષ્કળ કામ કર્યું છે એમણે. ૧૯૬૧માં તેમણે અમેરિકા જઈ 'કમ્પેરિટિવ રિલિજિયન'નો અભ્યાસ કર્યો, બુદ્ધિઝમ ભણાવ્યું, સંશોધન કર્યું. વિયેતનામમાં અહિંસા અને કરુણા માટે કામ કરતા ૧૦,૦૦૦ સ્વયંસેવકોવાળી 'સ્કૂલ ઑફ યુથ એન્ડ સર્વિસિઝ'ની સ્થાપના કરી. સાયગોનમાં બૌદ્ધ યુનિવર્સિટી સ્થાપી, પબ્લિશિંગ હાઉસ અને સામયિક શરૂ કર્યાં, યુ.કે. અને અમેરિકામાં પ્રવાસો કરી વિયેતનામમાં શાંતિ સ્થાપવાની અપીલ કરી. પણ જે શાંતિપ્રયાસો માટે માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરે નોબેલ કમિટીને એમની ભલામણ કરી હતી, એ જ શાંતિપ્રયાસો માટે યુદ્ધરત વિયેતનામે એમને દેશવટો આપ્યો.

ફ્રાંસમાં એમણે સ્થાપેલું નાનું એવું પ્લમ વિલેજ આજે પશ્ચિમનો સૌથી મોટો સક્રિય મઠ છે અને દુનિયાભરમાંથી હજારો લોકો જાગૃત જીવનની કલા શીખવા ત્યાં આવે છે. એમાં ખાવા, બેસવા, બોલવા, ચાલવા, કામ કરવા અને અટકવાનું ધ્યાન તેમ જ શ્વાસનું અને સ્મિતનું ધ્યાન શીખવવામાં આવે છે. એનાથી અનુભવાતી પૂર્ણ શાંતિ જિંદગીના પડકારોમાં સ્વસ્થ અને સ્થિર રહેવાની કલા શીખવે છે. એમની એક મૂવમેન્ટનું નામ 'વેક અપ' છે જેમાં યુરોપ, અમેરિકા અને એશિયાની શાળાઓનાં બાળકો અને શિક્ષકોને માઈન્ડફૂલનેસ શીખવાય છે.

તિક નાટ હાન કેલિગ્રાફી નિષ્ણાત હતા. તેમના આલેખેલા નાના સંદેશાઓનાં અનેક પ્રદર્શનો થયાં છે. 'નો લોટસ, નો મડ' પુસ્તકમાં એમણે પીડાનું રૂપાંતરણ શીખવતાં સૂત્રો આપ્યાં છે, જેનાથી માનવી પ્રેમ અને કરુણા વ્યક્ત કરી પીડાની બાદબાકી અને આનંદની પ્રાપ્તિનો અનુભવ કરે છે. તેઓ કહે છે, આ સૂત્રો જાદુઈ છે. બોલતાંની સાથે પરિવર્તન શરૂ થઈ જાય છે. બસ શીખી લો અને યોગ્ય સમયે યાદ કરો. જાગૃતિ જેટલી વધારે, તેટલી તેની અસર વધારે. કયાં સૂત્રો છે આ?

**હું તમારી સાથે છું:** પ્રેમ અર્થ જ સાથે હોવું. પણ સાચા અર્થમાં સાથે હોવું એ એક અભ્યાસ માગતી કલા છે. જે જાગ્રત કે એકાગ્ર ન હોય એ પોતાની કે અન્યની સાથે પૂર્ણપણે ન હોય. જાગ્રતપણે શ્વાસ લેવા, ચાલવા, બેસવાથી શરીર અને મન વચ્ચે એકતા સ્થપાય અને તો તમે સાચા અર્થમાં અને પૂર્ણપણે એ ક્ષણમાં હોઈ શકો. પહેલા પોતાની

સાથે હોવાનો અભ્યાસ કરો. શ્વાસ લેવા અને છોડવાની ક્રિયાથી સભાન થાઓ. મન અને શરીરના લયને સંવાદી બનવા દો. જે વ્યક્તિ પોતાની સાથે હોય, એની ઊર્જા અન્ય વ્યક્તિને પણ પોતાની સાથે હોવાનું શીખે છે. 'હું તમારી સાથે છું' કહેવું એટલે આ અર્થમાં સાથે હોવું.

**હું જાણું છું કે તમે મારી સાથે છોઃ** મને એનો ઘણો આનંદ છે. આ મંત્ર પણ ખૂબ શક્તિશાળી છે અને પોતાને તેમ જ બીજાને ઊર્જાથી ભરી દે છે. સાચા અર્થમાં સાથે હોય એ વ્યક્તિ એ જાણી શકવા સમર્થ હોય છે કે સામી વ્યક્તિ પણ સાચા અર્થમાં હાજર છે.

પણ પહેલું પગલું ભર્યા પહેલાં બીજું ભરી શકાતું નથી. 'હું સાથે છું' એ 'તમે સાથે છો'ની પૂર્વશરત છે. ગમે તેટલો ખર્ચ કરો, પ્રિય વ્યક્તિને તમારી સાચી હાજરીથી વધારે કિંમતી ચીજ તમે નહીં આપી શકો. માઈન્ડફૂલ પ્રેઝન્સ - જાગૃતિ સાથેની હાજરી વધુ તાજગીપૂર્ણ, વધુ આનંદપૂર્ણ, વધુ પ્રેમપૂર્ણ હોય જ છે.

**હું જાણું છું કે તમને તકલીફ થાય છે. હું એટલે જ તમારી સાથે છુંઃ** પ્રિય વ્યક્તિ તકલીફમાં હોય ત્યારે આ જાદુઈ શબ્દો તેની તકલીફને તત્ક્ષણ ઓછી કરે છે. આ શબ્દોનો ઉચ્ચારમાત્ર રાહતનો અનુભવ આપે છે. પ્રિયજન પીડાને સમજે ને પીડાની ક્ષણોમાં સાચા અર્થમાં હાજર રહે ત્યારે પીડા ઘટી જાય એ કુદરતી છે. એટલે આ મંત્ર સમજપૂર્વક, જાગૃતિપૂર્વક બોલાય ત્યારે એની અસરકારકતા ખૂબ વધી જાય છે.

**મને પીડા થાય છે. મદદ કરો, પ્લીઝઃ** આ મંત્ર થોડો અઘરો છે. દરેક માણસમાં ઓછોવત્તો અહમ તો હોય જ છે. આ મંત્ર બોલવા માટે અહમને ઓગાળવો પડે. તમે પીડામાં હો અને એ પીડા જે પ્રિયજને આપી છે એને જ આ શબ્દો કહી શકો એ ક્ષણથી આ સૂત્રની અસર શરૂ થાય છે. થાય છે શું કે આપણે ઊંધું જ કહીએ છીએ, 'મારી પીડાનું કારણ તું છે. પણ મને ય તારા વિના ચાલશે.' જો ખરેખર તેમ હોત એટલે કે તમને એના વિના ચાલતું હોત તો પીડા ન થાત.

પણ, સંબંધની શરૂઆત સુખદુઃખમાં સાથે હોવાના જે ભાવથી થઈ હતી, એ ભાવને યાદ કરો અને પ્રિયપાત્રને યાદ કરાવો. અધિકારથી કહો કે 'મને પીડા થાય છે. મદદ કર.' સરળ છે ને? પણ એટલું જ અઘરું પણ છે.

**આ સુખની ક્ષણ છે :** આ કોઈ ઓટોસજેશન કે વિશફૂલ થિંકિંગ નથી. જાગ્રત મનને પ્રસન્ન ક્ષણો મળતી જ રહે છે. આ સૂત્ર એની કદર માટે છે. એકલા ચાલતા હો ને સુંદર પુષ્પો દેખાય, તો પોતાને આ કહો. પ્રિયજનની સાથે ચાલતા હો ત્યારે તેને આ કહો. ભૂતભવિષ્યના અકળામણ-અજંપાઓ લઈને ચાલતા મનને સુખની ઢગલો ક્ષણો પણ દેખાય નહીં, પણ એકાગ્ર અને જાગ્રત મન હવાની આછી લહેરને પણ સુખની ક્ષણની જેમ માણે છે. આ મંત્ર ભરપૂર સર્જનાત્મકતા આપે છે.

**તમે થોડા સાચા છોઃ** કોઈ તમારી સિદ્ધિ માટે અભિનંદન આપે અને ઢગલો વખાણ કરે. કોઈ ગુસ્સે થઈને આવે. કોઈ વળી આક્ષેપો પણ મૂકે. હવે રાજી થવું, ગુસ્સે થવું કે દુઃખી થવું નકામું છે કેમ કે વખાણ કે ટીકા પૂરેપૂરાં સાચાં ભાગ્યે જ હોય છે. કોઈ વખાણ કરે ત્યારે કહો, 'તમે થોડા સાચા છો, પણ મારામાં દોષો પણ છે.' અને કોઈ ટીકા કરે તેને પણ કહો, 'તમે થોડા સાચા છો, પણ મારામાં ગુણો પણ છે.' બન્ને સ્થિતિમાં તમારી નમ્રતા અને સ્થિરતા બરકરાર રહે છે અને આમ પણ સારા હોવું, ખરાબ હોવું વગેરે સાપેક્ષ બાબતો છે, નિર્ણાયક નહીં.

દુનિયાના દસ દેશોમાં એમના મઠો છે. એમણે ૧૦૦થી વધારે પુસ્તકો લખ્યાં છે. એમણે કહ્યું છેઃ

'પ્રત્યેક સંવેદના ઊર્જાથી ભરપૂર હોય છે. આનંદની લાગણી પોષણ આપતી ઊર્જા છે તો દુઃખની લાગણી વિનાશ કરતી ઊર્જા છે. જાગૃતિના શાંત પ્રકાશમાં વિનાશક ઊર્જાને પોષક ઊર્જામાં ફેરવવાની તાકાત રહેલી છે.'

'મૌન અનિવાર્ય છે. જેમ શ્વાસને હવાની, જેમ છોડને સૂર્યપ્રકાશની, તેમ મનને મૌનની જરૂર હોય છે. શબ્દો અને વિચારોથી ભરેલા મનમાં પોતાના માટે જ જગ્યા બચતી નથી.'

'ધ્યાન એટલે જાગૃત હોવું. પોતાના શરીરમાં, પોતાના મનમાં, પોતાની બહાર અને વિશ્વમાં જે પણ ચાલી રહ્યું છે તેના પ્રતિ જાગ્રત હોવું.' આ વ્યાખ્યાઓ જેટલી સાદી-સરળ છે તેટલી જ ગહન અને વિસ્તૃત છે.

## ૧૦ ગાડરિયા પ્રવાહથી દિવ્યતા તરફ

હા. શ. ભટ્ટ

---

મેં એક વિદ્વાન પાસેથી સાંભળેલું કે આ દુનિયામાં ત્રણ પ્રકારના લોકો રહે છે અને આગળ પણ આવા પ્રકારના લોકો રહેવાના. કુલ સો ટકા લોકોમાંથી પહેલા પંદર ટકા જેટલા દિવ્ય માણસો છે, જે સ્વ અને લોકકલ્યાણ માટે જનમ્યા છે. બીજા પંદર ટકા જેટલા પોતાનું અને બીજાનું નુકસાન કરવા જ જનમ્યા છે. અને બાકીના સિત્તેર ટકા જેટલા લોકો 'ઘેટાં બકરા' છે, જે માત્ર બીજાને અનુસરવા અને ડોકા ડોલાવતા ભક્ત બનવા જ જન્મયા છે!

હવે વાત કરીએ માત્ર આ સિત્તેર ટકા લોકો વિશેની, તો તેમની કોઈ પોતીકી વિચારસરણી હોતી નથી. એ લોકો માત્ર બીજાના પ્રભાવમાં જીવે છે. તેથી તે હંમેશા 'જીવન'ના અભાવમાં પણ જીવે છે. કારણકે પ્રભાવ પારકો હોય તેથી વ્યક્તિમાં પોતાનું કઈ ના હોવાથી વ્યક્તિગત વિચારસરણીનો અભાવ હોય. જીવનમાં એમની પાસે પોતીકા વિચાર ના હોવાથી પોતાનું કંઈ નથી હોતું, તેમની પાસે પોતીકું જીવન નથી હોતું. તે હંમેશા બીજાના જીવનને જોઈને નક્કી કરે છે કે જીવન આમ જીવાય કે આમ ના જીવાય, અને વળી પાછા જો ત્રીજા વ્યક્તિના સંપર્કમાં આવે અને તેનું જીવન પ્રભાવી લાગે તો તેના જેવું જીવવા મથે છે. છેવટે તેઓ અલગ અલગ લોકોનું જીવન જોઈને ગૂંચવાઈ જાય છે અને થાકી જાય છે. પરંતુ તે ગુરુતાગ્રંથિથી થાક દેખાવા નથી દેતા હોતા.

આવા ગાડરિયા પ્રવાહમાં જીવતા વ્યક્તિઓમાં સપષ્ટતાની ખૂબ ખામી હોય છે. તેથી તે પોતે ગૂંચવણમાં જીવે અને તેની સાથે રહેનારાઓને પણ ભ્રમમાં અને ગૂંચવણમાં જીવવાનો આગ્રહ કર્યા કરે. આવા લોકોની એક મોટી તકલીફ એ હોય છે કે તેઓ વિચારોનાં વમળોમાં ફસાયેલા હોવાથી અને અસ્પષ્ટતાથી બહુ થાકેલા હોવાથી તેઓ છેવટે કોઈ એકના આશરે જઈ સ્થિર થઈ જવા ઈચ્છતા હોય છે. અને ભ્રામિક રીતે પણ જો આવું તેમને મળે તો તેઓ શાંતિ મળ્યાનો અહેસાસ ગણતા હોય છે.

પરંતુ એ શાંતિ મૂળ કુદરતી શાંતિ નહીં થાકની શાંતિ હોય છે, અને એ 'શાંતિ' હોય છે કે નહીં એ પણ એક પ્રશ્ન છે! આવી શાંતિ માટેની જગ્યા અને વ્યક્તિ ગુરુ સ્વરૂપે એમને મળે તો ગુરુઓના કટ્ટર ભક્ત બની જાય છે . એ કટ્ટરતા આપણને કેટલાય મોટા બાબાઓના ભક્તોમાં જોવા મળતી હોય છે. દયા ખાવા જેવી વાત તો એ છે કે તેઓ આ કટ્ટરતાને પ્રેમ કે સેવા ગણે છે. અરે! એમ કહું કે કહેવાતા મોટા માણસો કે ગુરુઓ તેમના ભક્તોને એ ઠસાવી દે છે કે એ કટ્ટરતા જ સેવા છે. એ કોઈ પુણ્યશાળી જ કરી શકે અને કેટલાય પુણ્યોના કારણે જ તેઓ તેમની પાસે મહાન ભક્તિ કરવા પહોંચ્યા છે. મોટા માણસો દ્વારા આવું કરવાનું કારણ પોતાના ભક્તોની સંખ્યા વધી રહે અને ખાસ કરીને ટકી રહે તે હોય છે. ભક્તો બનનાર અને બનાવનાર માટે તેના ટોળાની સંખ્યા કેટલી વધુ છે તે ખૂબ અગત્યનું છે. પરંતુ આ વાત અનુકરણ કરવાવાળા લોકોને સમજાતી નથી હોતી. તેમને તો બસ એક ભટકવામાંથી બહાર નીકળી સ્થિરતાના નશાનો આનંદ માણી ભક્તિ ચાલુ રાખવી હોય છે.

ઉપરોક્ત લક્ષણો ધરાવતા ગાડરિયા વ્યક્તિઓ સરવાળે કોઈના ગુલામ હોય છે. શારીરિક રીતે મુક્ત હોવાથી વૈચારિક ગુલામીને અવગણી શકાતી નથી. ગુલામ માણસ પાસે કેવું અને કેટલું જીવન હોઈ શકે, એ વિચારવા જેવું છે! એ જીવન ગર્વ કરવા યોગ્ય કે દયા ખાવા યોગ્ય એ સમજવું રહ્યું! માણસનું મૂળભૂત લક્ષ જ સ્વતંત્રતા છે, મુકતતા છે. પરંતુ જેમ ખીલે બંધાઈ જવા ટેવ મુજબ ગયેલું પશુ, મુક્તતા જીવી કે માણી શકતું નથી, તેમ માણસનું પણ એમ જ છે. એક વખત વૈચારિક અને સંવેદનાની ગુલામીની

આદત પડી જાય પછી તેમાંથી છૂટવું અશક્ય જેટલું અઘરું છે. વૈચારિક ગુલામી વારસાગત પણ હોય છે.

મુક્તતાને ઈશ્વરની તુલનામાં મૂકવામાં આવે છે. મહાવીરે તો ઈશ્વર કે પરમાત્મા શબ્દનો ઉપયોગ જ ટાળ્યો છે, સીધો 'મોક્ષ' શબ્દ જ તેની જગ્યાએ મૂક્યો છે. મોક્ષનો એક સુંદર અર્થ એટલે સ્વતંત્રતા! સ્વતંત્રતા વગરનું જીવન, જીવન જ કઈ રીતે હોઈ શકે તે કલ્પવા જેવું પણ નથી! જીવનમાં સુંદરમાં સુંદર અને તાકાતવર અભિવ્યક્તિ સ્વતંત્રતામાંથી આવે. માનસિક કે શારીરિક ગુલામીમાંથી નહિ. 'ટોળાનું મનોવિજ્ઞાન' નામનો એક અગત્યનો વિષય છે. જે કોઈ લોકો આ સિત્તેર ટકાના ગાડરિયા પ્રવાહમાં જીવે છે તેમને આ વિષયને જાણવો-સમજાવો રહ્યો. આપણે કોઈને તાત્કાલિક મહાનતા અનુભવવાની જરૂર નથી કારણ કે જ્યાં સુધી આપણે પૂર્ણ રીતે સ્વતંત્ર અને સ્વ-જવાબદાર થયા નથી ત્યાં સુધી આપણે પણ ગાડરિયા પ્રવાહમાં છીએ.

આ ગાડરિયા પ્રવાહમાંથી બહાર નીકળવાનો રસ્તો શું? ક્યાં સુધી બીજાના શ્વાસે આપણાં ફેફસાં ભરી શકાશે? તો આનો જવાબ છે; 'પોતાને ગમે તેમ જીવો.' જયારે તમે તમારી પસંદગી પ્રમાણે બીજું કંઈ પણ ગણકાર્યા વગર જીવવાનું શરુ કરી દેશો ત્યારે તમે આ ગાડરિયા પ્રવાહમાંથી ધીરે ધીરે બહાર નીકળી જશો. બાહ્ય રીતે સામાજિક અને કૌટુંબિક બંધનોથી શરૂ કરી મનની આઝાદી સુધીની સફર આપણે કરવાની છે. બીજાની ફિલસૂફીથી જીવવામાં લોકોને સલામતીનો અનુભવ થાય છે, સર્વસામાન્ય ફિલસૂફીથી જીવવામાં કોઈ રોકતું-ટોકતું નથી. જેમ ચાલ્યું આવે છે તેમ આ વ્યક્તિ પણ ચાલે છે તો તેને શાબાશી અપાય છે. માટે સ્વછબી બાબતે કોઈ ખરાબ કહી જશે તેવો ભય નથી રહેતો. પોતાની રીતે પોતાને ગમે તેમ જીવવામાં સ્વછબીને નુકસાન પહોંચવાનું ઘણું જોખમ છે તેમ માનવામાં આવે છે. તેથી માણસ પોતાના વિચારોને મહત્ત્વ આપતો નથી અને અવગણે છે . તે અવગણેલાં વિચારોમાંથી પોતાના માટે ઉત્તમ વિચારો હોય તો પણ તે ત્યજી દે છે. જેથી પોતાની કોઈ વિચારસરણી જ કેળવાતી નથી. સ્વતંત્ર રીતે કેળવાયેલી વિચારસરણી જ પોતાનું જીવન જીવવા માટેની ઉત્તમ ફિલસૂફી બનતી હોય છે. જેની પ્રક્રિયામાંથી વ્યક્તિ પસાર થતો નથી, માટે તે હંમેશા 'બિચારો' અને ઓશિયાળો બની રહેતો હોય છે.

પ્રભાવિત થવાનું છોડો. આપણું મન કચરા પેટી નથી કે કોઈ પણ વિચારો તેમાં નાખતું રહે અને તેનાથી જીવતાં રહેવું. પસંદગીથી જીવવું એ જ સર્વસ્વ છે. પસંદગી વગરનું જીવવું એ 'જીવવું' નહિ પણ 'વિતાવવું' છે . પોતાની જાતને જોવાનું રાખો. ધર્મમાં તેને 'ધ્યાન' કહેવાયું છે. 'ધ્યાન'નો મૂળ અર્થ સમજાઈ જશે તો કોઈ ગુરુની શોધમાં નીકળવાની જરૂર નહીં રહે. તમારી પોતાની જાત બધું સમજાવવા અને અનુભવવા કાફી છે.

પોતાની જાતને વૈચારિક રીતે જોશો તો ખ્યાલ આવશે કે તમે અને બીજા લોકો પણ તમારા વિશે કેટલા ખોટા અભિપ્રાયો ધરાવે છે. કેટલીય બાબતો અને માન્યતાઓને જીવનમાં આપણે ખોટી રીતે પાળીને રાખી છે. જે આપણને હરહંમેશ મૂંઝવે છે. જે આપણને ગાડરિયા પ્રવાહમાં રાખે છે, દિવ્યતા તરફ નથી જવા દેતી. આપણી વાડ આપણે જ તોડવી પડશે અને નવી વાડમાં ના ફસાવું પડે તેનું ધ્યાન રાખવું પડશે. દરેક વિચાર કાયમી અને અંતિમ નથી, માટે વિચારોને નહિ અનુભૂતિને મહત્ત્વ આપવું. અને ખાસ જ્યારે વાત વ્યક્તિગત વિકાસની હોય ત્યારે વ્યક્તિગત અનુભૂતિના આધારે જીવનને જોવું, નહીં કે અન્યની સલાહો માગી માગીને!

વ્યક્તિએ પોતાએ વિચારતા શીખવું. બીજાના તૈયાર વિચાર સાથે જોડાઈ ના જવું. અસહમતીનો ગુણ વિકસાવાય તે પણ જરૂરી છે. વ્યક્તિગત વિકાસ પોતાની જવાબદારીએ પોતે જ કરવો, પોતાનો હાથ પકડવા કોઈ તૈયાર હોય તો પણ શક્ય હોય ત્યાં સુધી પોતાની રીતે જ ચાલવું. જીવનનો આધાર અનુભૂતિને બનાવવો. અનુભૂતિને ઓળખતા અને સાચવતા શીખવું. તમારી અનુભૂતિ એ જ તમારા માટેનું સત્ય. જેવું હોય તેવું પણ એ સત્ય સાથે પ્રયોગો અને તેના અનુભવ કરી કરીને જીવવું, જેથી કરીને વહેલી તકે વ્યક્તિ મૌલિક બની જાય છે અને મૌલિક માણસ ગુલામ ના હોય અને જે ગુલામ ના હોય તે દિવ્ય કેવી રીતે ના હોઈ શકે !

## ૧૧ વિકાસના વેગવાન પ્રવાહની વચ્ચે ઘસારો અને નવસર્જનની પ્રક્રિયા

**માવજી મહેશ્વરી**

ગતાંકથી આગળ

**સામાજિક બદલાવ અને પરિણામોઃ**

કચ્છ સામાન્ય રીતે ઉદાર, શાંત અને સમરસતાનો વારસો ધરાવતો પ્રદેશ છે. અહીં સામાજિક તનાવોની જૂજ ઘટનાઓ બની છે. જ્યારે સમાજ નાત-જાતની વાડાબંધી વચ્ચે જીવતો હતો ત્યારે પણ કચ્છ હિન્દુ-મુસ્લિમ કે દલિત-સવર્ણ વચ્ચે ઝાઝી દૂરી રહી નથી. જોકે એનું એક કારણ કચ્છની ભૌગોલિક સ્થિતિ અને વાતાવરણ હતું. માનવજાતનો ઈતિહાસ રહ્યો છે કે જ્યાં રોટલો એકબીજા ઉપર આધારિત હોય ત્યાં સુધી વિસંવાદિતાને અવકાશ ઓછો હોય છે. પરંતુ જ્યારે વિવિધ સમુદાયો આર્થિક રીતે પગભર બને છે ત્યારે ચિત્તમાં પડેલી વૃતિઓ બહાર આવવા માંડે છે. જે વિસંવાદિતાને જન્મ આપે છે. કચ્છમાં છેલ્લાં પંદર વર્ષમાં જે આર્થિક વિકાસ થયો છે તે આ પૂર્વે કદી થયો નથી. આ આર્થિક વિકાસને કારણે સમાજ જીવનમાં આંતરબાહ્ય ફેરફારો આવ્યા છે. એમાં હકરાત્મક ફેરફારો પણ છે અને નકારાત્મક ફેરફારો પણ છે. સબળ આર્થિક પાસાએ વિવિધ જ્ઞાતિઓ કરતાં પોતપોતાની જ્ઞાતિ અને પરિવારો વચ્ચે ન દેખાતી દીવાલો ઊભી કરી દીધી છે. કચ્છમાં આજે પણ વિવિધ જ્ઞાતિઓ વચ્ચેની ભાવાત્મક એકતા સચવાઈ રહી છે. વીતેલા દોઢ દાયકાએ કચ્છની તમામ જ્ઞાતિઓને સ્વમાન આપ્યું છે તે નકારી શકાય તેમ નથી. તળિયે રહેલી જ્ઞાતિઓએ પણ આર્થિક અને સામાજિક સ્થાન મેળવ્યું છે. દરેક જ્ઞાતિનો અવાજ સંભળાતો થયો છે.

**નાત-જાતની વાડો તૂટી રહી છેઃ**

કચ્છમાં એક સમય એવો પણ હતો કે લગ્નો તેમજ અન્ય સામાજિક પ્રસંગોમાં જે તે જ્ઞાતિના વ્યક્તિઓ જ સામેલ થતા. તેમને જ આમંત્રણો અપાતાં. હવે એ બાબત ભૂતકાળ બની ગઈ છે. હવે સામાજિક પ્રસંગોમાં જે તે જ્ઞાતિ ઉપરાંત અન્ય જ્ઞાતિના લોકોની સંખ્યા વધી રહી છે. દરેક જ્ઞાતિના વ્યવસાયિક માળખું બદલી જતાં જ્ઞાતિ કરતાં વ્યવસાયિક સંબંધોનું મહત્ત્વ પણ વધવા માંડ્યું છે. પરિણામે વિવિધ જ્ઞાતિઓ પરસ્પર જોડાઈ રહી છે. લોકો અન્ય જ્ઞાતિઓનાં સારાં પાસાં અપનાવી રહ્યા છે. એકબીજાનાં રીતરિવાજોથી પરિચિત થઈ રહ્યા છે. આ એક બહુ જ સારી નિશાની છે.

**આર્થિકઃ**

કચ્છની પ્રજાનો મોટો હિસ્સો સદીઓથી આર્થિક અભાવમાં જીવ્યો છે. ભૂકંપ પછી કચ્છમાં રીતસર નાણું ઠલવાયું એમ કહીએ તોય ખોટું નથી. અચાનક આવેલા નાણાએ પ્રજાની મનોવૃત્તિ પર અવળી અસર કરી છે. જેમની પાસે જૂજ બચત રહેતી હોય તેવા લોકોને money making process ની ખબર ન હોય. તેમજ નાણાંનું આર્થિક મૂલ્યાંકન કરવાનું પણ જ્ઞાન પણ ન હોય. આવી સ્થિતિમાં જ્યારે વધારે નાણાં આવી જાય ત્યારે નાણાંનો પ્રભાવ પાડવાની માનવસહજ વૃત્તિ જાગૃત થાય. કચ્છમાં છેલ્લાં પંદર વર્ષમાં વિવિધ સ્તરે નાણાંનો પ્રભાવ પાડવાની ઈચ્છાને કારણે સામાજિક પ્રસંગો અને વિવિધ ખરીદીમાં દેખાડાવૃત્તિ વધી રહી છે. પૈસાનો રુઆબ બતાવવાની વૃત્તિ પણ દેખાઈ રહી છે. કચ્છના લોકોનું જીવનધોરણ ઊંચું ગયું છે એમાં કોઈ શંકા નથી. પરંતુ જે લોકો નાણાકીય તકનું યોગ્ય રોકાણ કરી શક્યા નથી તેમનાં વળતાં પાણી તેમને અનેક મુશ્કેલીઓની ભેટ ધરી જશે એમાં પણ કોઈ શંકા નથી.

**જમીનોના વધેલા ભાવોએ સમીકરણો બદલી નાખ્યાંઃ**

આમ તો કચ્છમાં ઉદ્યોગોનાં પગરણ ૧૯૯૮થી શરુ થયાં. એની શરુઆત મુન્દ્રાથી થઈ હતી. મુન્દ્રામાં અદાણી

પોર્ટ શરુ થયાના પ્રાથમિક તબક્કે અનેક પરિવારોએ પોતાની જમીન સાવ સસ્તામાં વેચી નાખી છે. આજે એ જમીનોના ભાવ કરોડોમાં બોલાય છે ત્યારે પોતાની જમીન ઉપર જ શરુ થયેલા ઉદ્યોગોમાં મૂળ જમીનમાલિકો કામદાર તરીકે કામ કરી રહ્યા છે. આવું અનેક સ્થળે થયું છે. જે લોકોએ થોડી રાહ જોઈ તેમને બહુ મોટો આર્થિક લાભ થયો છે. આવા લોકોમાં જે નાણાંનું મૂલ્ય સમજતા હતા તેમણે અન્ય ઠેકાણે જમીન ખરીદી અથવા અન્ય ધંધામાં રોકાણ કર્યું. કચ્છમાં ૨૦૦૧થી ૨૦૧૦ વચ્ચે જમીનોના ભાવ આસમાને ગયા. કચ્છ એક રિયલ એસ્ટેટ હબ બની ગયું. આખાય કચ્છમાં જમીન વેચવાનો અને ખરીદવાનો રીતસર પવન ફૂંકાયો. જેની અસર બીજાં અનેક ક્ષેત્રો ઉપર પડી. કોઈ સમયે કચ્છનો કંઠીપટ હરિયાળી વાડીઓથી શોભતો હતો. આજે માંડવી અને મુંદ્રાને જોડતા પટ્ટામાંથી ખેતી ગાયબ થઈ ગઈ છે. તો જમીનના કારોબારમાં કમાયેલા લોકોએ કચ્છના અન્ય વિસ્તારોમાં બાગાયતી ખેતી શરુ કરી. અંજાર અને ભુજને જોડતા ઉત્તરીય ભાગમાં હજુ બે દાયકા પહેલા વરસાદી ખેતી થતી. આજે એ વિસ્તારની હજારો એકર જમીન વિવિધ ફળાઉ વૃક્ષો અને શાકભાજીથી લચી પડે છે. કોર્પોરેટ ફાર્મિંગનો ઉદય કચ્છમાં ભૂકંપ પછી જ થયો છે.

**કચ્છની વસ્તી અને સમાચારપત્રોની સંખ્યાઃ**

છેલ્લા દાયકામાં કચ્છમાં અચાનક સમાચારપત્રો અને વિવિધ કદના સામયિકોની સંખ્યા વધી ગઈ છે. કચ્છમાં ઝડપભેર આવેલા આર્થિક ફેરફાર તથા ઔદ્યોગિક વિકાસને કારણે સમાચાર-માધ્યમોનો વિસ્તાર અને વિકાસ થયો છે. એટલું જ નહીં, લોકો સમાચાર-માધ્યમોનું મહત્ત્વ સમજવા લાગ્યા છે. જેના સારા અને ખરાબ બેય પાસાં પ્રગટી આવ્યાં છે. અત્યારે કચ્છમાં દસેક જેટલા પૂર્ણ કદના વર્તમાનપત્રો પ્રસિધ્ધ થાય છે. જેના પ્રતિનિધિઓ મારફત કચ્છના ખૂણામાં બનતા બનાવોની જાણ લોકોને થાય છે. સમાચારપત્રોએ લોકજાગૃતિ ફેલાવવાનું કામ પણ કર્યું છે. પરિણામે પત્રકાર જગતનું એક ચોક્કસ મહત્ત્વ વધ્યું છે. સરકારી તંત્ર આને પરિણામે સતર્ક રહેવા લાગ્યું છે. પરંતુ કચ્છની વસ્તીના પ્રમાણમાં જેટલાં વર્તમાનપત્રો અને સામયિકો નીકળે છે એ સમાચારપત્રો તેમજ સામયિકોએ કચ્છના બુદ્ધિજીવી સર્જકવર્ગને વિચારો મૂકવાની અને યુવાનોને કારકીર્દી ઘડવાની એક મોટી તક પૂરી પાડી છે. સાથે સમાજમાં છવાઈ જવાની ઘેલછાને પણ જન્મ આપ્યો છે.

**વૃદ્ધોની વિમાસણ :**

જે લોકોની ઉંમર સિત્તેર કે તેથી વધારે છે તેવા લોકો સમાજમાં થઈ રહેલી ઊથલપાથલથી વ્યથિત છે. તેઓ એક ચોક્કસ જીવનશૈલીમાં મોટા થયા છે. તેમને નવી પેઢીનાં વર્તન અને વ્યવહારો અકળાવે છે. તેમણે જે જીવનમૂલ્યોને સાચવ્યાં હતાં એનો છેદ ઊડતો જોઈ મન મારીને બેસી રહે છે. શહેરોમાં રહેતા વૃદ્ધોની સ્થિતિ વિચિત્ર છે. તેમણે જે શહેરોમાં આયખું પસાર કર્યું છે તે શહેરો રહ્યાં જ નથી. વાહનો અને માનવભીડથી ઊભરાતા રસ્તાઓ, ઘોંઘાટ, આધુનિક જીવનશૈલી વૃદ્ધોને અકળાવે રહે છે. ખાસ કરીને ફ્લેટમાં ઊપરના માળે રહેતા અને શારીરિક રીતે અશક્ત એવા વૃદ્ધ લોકો પોતાના ફ્લેટની બારીમાંથી રસ્તા પર દોડતી દુનિયાને જોઈ રહેવા સિવાય કશું કરી શકે તેમ નથી. જોકે આજની તારીખે પણ આપણી કુટુંબવ્યવસ્થા જળવાઈ રહી છે તેથી સ્થિતિ વણસી નથી. તેમ છતાં સપાટી પર જેટલું સારું દેખાઈ રહ્યું છે એટલું સારું પણ નથી. સરકારે સિનિયર સિટીઝન્સ માટે વિશેષ સુવિધાઓ જાહેર કરી છે, તેની અમલવારી પણ થાય છે તે છતાં સ્નેહ અને સ્પર્શ તો પરિવાર જ આપી શકે છે.

**આવનારા સમયની શક્યતાઓઃ**

વીતેલા પંદરવીસ વર્ષમાં કચ્છમાં આવેલા ફેરફારો અને ભૌતિક વિકાસ જોતાં આવનારા સમયમાં કચ્છ ઘણું બદલાઈ ગયું હશે તેમાં શંકા નથી. આવનારા સમયમાં કચ્છ વિશેનાં ભૂતકાલીન સમીકરણો બદલાઈ ગયાં હશે અથવા ભૂંસાવાની અણી પર હશે. જે રીતે કચ્છમાં ટૅક્નૉલૉજી અને શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે તે જોતાં હવે પછીનું કચ્છ વધુ આધુનિક અને સુવિધાપૂર્ણ હશે. આવનારા સમયમાં આવી

શક્યતાઓ દેખાઈ રહી છે. કચ્છમાં માર્ગ, વાહન વ્યવહાર, વીજળી પાણીની સુવિધાઓ સંદર્ભની મુશ્કેલીઓ નહિવત હશે. માળખાકીય સુવિધાઓ હશે.

આજે કચ્છની જે ઓળખ છે તે લોકજીવન અને પરંપરાઓ સમાપ્તિને આરે હશે. લોકજીવનમાં આધુનિકતાનો પૂર્ણ સ્વીકાર થઈ ચૂક્યો હશે. લોકો ભૂકંપને ભૂલી ચૂક્યા હશે. વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના સંબંધો વધુ મજબૂત અને પ્રામાણિક બનશે. સમાજમાં બૌદ્ધિક વર્ગની નોંધ લેવાશે. કચ્છની પરંપરાગત ખેતી અને પશુપાલનની વ્યાખ્યાઓ બદલી જવાની છે. કચ્છના મૂળ કસબ સમાપ્ત થઈ ગયા હશે અથવા તે નવા રુપરંગ ધારણ કરશે. આ બદલાવ પશ્ચિમ કચ્છ કરતાં પૂર્વ કચ્છમાં ઝડપથી આવશે. કચ્છમાં જે રીતે ભુજ અને ગાંધીધામ વિસ્તરી રહ્યાં છે તે જોતાં આવનારા દસ વર્ષમાં કચ્છમાં બે મહાનગરપાલિકાઓની સંભાવના નકારી શકાય તેમ નથી. ઉપરાંત કચ્છના બે જિલ્લા બનાવવાની માગ આવનારા સમયમાં ઊઠશે. કચ્છમાં બિનગુજરાતી લોકોનું મહત્ત્વ વધશે. કચ્છમાં શિક્ષણનો વ્યાપ વધવાનો છે પરિણામે વિવિધ સમુદાયો પોતાના હક માટે વધુ જાગૃત બનવાના છે. કચ્છની ઓળખ એવી કચ્છી ભાષાનું વૈજ્ઞાનિક ઢબે સંવર્ધન નહીં થાય તો તેના મૂળ સ્વરૂપ અને વ્યાપને ઘસારો લાગવાની શક્યતાઓ દેખાઈ રહી છે. આવનારા સમયમાં કચ્છમાં હિન્દી તેમજ અંગ્રેજી ભાષાનું ચલણ અને મહત્ત્વ વધશે. તંત્રે હિન્દી માધ્યમની નવી શાળાઓ શરુ કરવી પડશે.

આ બધી શક્યતાઓ છે કોઈ આગાહી કે આયોજન નથી. દેશ અને દુનિયામાં જે રીતે ટૅક્નૉલૉજી આગળ વધી રહી છે, જીવન સુવિધાપૂર્ણ પરંતુ અટપટું બનતું જાય છે તેની સારી-માઠી અસરોથી કચ્છ પણ બાકાત નહીં હોય. તેમ છતાં આવનારો સમય વીતેલા સમય કરતાં સારો જ હશે. એને સારો કે ખરાબ કહેવો એ પોતપોતાની દૃષ્ટિ ઉપર આધાર રાખે છે.

(મો. ૯૦૫૪૦૧૨૯૫૭)

**જીવનનું વિસ્મય**

સ્વર્ગમાં યુધિષ્ઠિરને લઈ જતા યક્ષે એમને એક સવાલ પૂછયો હતોઃ 'રાજન, જીવનનું સૌથી મોટું વિસ્મય કયું છે?'

યુધિષ્ઠિરઃ 'માણસ સ્મશાનમાં સ્વજનની અંતિમ વિધિ કરીને ઘરે પાછો આવે એ સાથે એ રીતે જીવવા માંડે છે કે જાણે મૃત્યુનું અસ્તિત્વ જ નથી. એ જીવનનું સૌથી મોટું વિસ્મય છે.'

---

**સફળતાનો મંત્ર**

એન્ડ્રુ કાર્નેગીને એક ઈન્ટરવ્યૂમાં પોતાની સફળતાના શ્રેય વિશે પૂછવામાં આવ્યું ત્યારે :

એન્ડ્રુ કાર્નેગી : 'મારી સફળતા માટે મારી કંપનીના લોકોની સ્કિલ અને યોગ્ય કામ અને રાઈટ લોકોની મારાથી થયેલી પસંદગીને આપું છું. જે માણસ જાતે જ બધાં જ કામ કરવા ઈચ્છે છે અથવા સઘળી વાહ વાહ સ્વયં મેળવવા માંગે છે તેવો બિઝનેસમેન કયારેય બિઝનેસને સફળતાની ઊંચાઈ સુધી નથી લઈ જઈ શકતો.'

બીજો સવાલ એન્ડ્રુ કાર્નેગીને પૂછાયો હતોઃ 'તમે કાબેલ માણસોને માર્ગદર્શન આપતા રહો છો?'

એન્ડ્રુ કાર્નેગીઃ 'મને મારા કરતા તેજવાન-દક્ષ માણસો ગોતવા ગમે છે. એવા માણસોને હું હાયર કરી કંપનીમાં ભેળવું છું. હું કયારેય તેમને કામ કેવી રીતે કરવું તેના સૂચનો નથી આપતો, બસ મારે જે કંપની માટે જોઈએ છે, તે તેમને જણાવી દઉં છું એ પછી બાકીનું કામ, અધિક સારી રીતે મારા કરતાયે ઉત્તમ કામ તેઓ કરી આપે છે. આ છે મારી સફળતાના પાયામાં બસ...'

## ૧૨ શ્રેષ્ઠ ધર્મ કયો છે?

### ડો. યોગેશ એસ. ત્રિવેદી

ધર્મની બાબતમાં ઘણી વિસંગતતા અને વિવાદ જોવા મળે છે. ધર્મ આપણને વારસાગત જન્મથી જ મળે છે. આપણા વડીલો, વિદ્વાનો, ગુરુજનો વગેરે દ્વારા એવું જ શીખવી દેવામાં આવે છે કે આપણો જ ધર્મ શ્રેષ્ઠ છે. એટલે આપણે પણ આવનારી પેઢીને એવું જ શીખવીએ છીએ કે આપણો ધર્મ શ્રેષ્ઠ છે. તો શું કોઈ ધર્મ શ્રેષ્ઠ હોઈ શકે ? ધર્મ તો એક જ છે, તેથી શ્રેષ્ઠની પસંદગી તો પ્રશ્ન જ નથી. એકથી વધારે ધર્મ હોય તો તેમાંથી શ્રેષ્ઠની પસંદગી થઈ શકે, પણ ધર્મ એટલે ધર્મ- બાકીના બધા સંપ્રદાયો છે. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે. મુખ્ય સંપ્રદાયો ઉપરાંતના પેટા સંપ્રદાયો ત્રણસોથી વધુ છે. જેમ ગણિત વિશ્વનું એક છે, તેમ ધર્મ પણ વિશ્વમાં એક જ હોઈ શકે. જે દિવસે આપણે પરમાત્માના સંબંધે બુદ્ધિયુક્ત, વિચારયુક્ત અને વિજ્ઞાનયુક્ત દૃષ્ટિકોણથી વિચારીશું પછી પૃથ્વી પર અલગ અલગ મંદિર અને અલગ અલગ ધર્મશાસ્ત્રોની કોઈ જરૂરિયાત નહીં રહેવાની.

ધાર્મિક માણસ ના હિંદુ હોઈ શકે, ના મુસ્લિમ, ના ખ્રિસ્તી. ધાર્મિક માણસ તો ધાર્મિક જ હોય છે. ધાર્મિક માણસની લડાઈ ધર્મ સામે નથી પણ અધર્મ સામે છે. ધાર્મિક માણસ અસત્ય, ઘૃણા, ક્રોધ સામે લડે છે, ધર્મ સામે લડાઈ નથી કરતો. તેથી શ્રેષ્ઠ ધર્મ ક્યો છે તે પ્રશ્ન જ નથી. ધાર્મિક માણસ શાંતિ, સંતોષ અને આનંદની તલાશમાં રહે છે. ધર્મ હંમેશા અધર્મ કરતા શ્રેષ્ઠ છે. ધાર્મિકતા હંમેશા અધાર્મિકતા કરતા શ્રેષ્ઠ છે. એવું પણ બની શકે છે કે પૃથ્વી પર જેટલા માણસો એટલા ધર્મ સંભવ છે. સૌભાગ્યનો દિવસ ત્યારે આવશે જ્યારે દુનિયાના બધા ધર્મ મટી જાય. ધાર્મિકતા જ રહે. અનામ ધાર્મિકતા રહી જાય. વિશેષણ કે સંપ્રદાય વગરની ધાર્મિકતા શ્રેષ્ઠ છે. ધર્મ ભલે નાશ પામે, ધાર્મિકતા બચી જવી જોઈએ. શું કોઈ બીમારી શ્રેષ્ઠ હોઈ શકે? જુદા જુદા સંપ્રદાયો અને કહેવાતા ધર્મ એ જગતની બીમારી છે. તંદુરસ્તી શ્રેષ્ઠ સ્થિતિ છે. ધાર્મિક બનવા માટે બધા ધર્મોમાંથી મુક્તિ મેળવવી પડશે. આજ સુધી આવું નથી બની શક્યું એટલે પૃથ્વી ધાર્મિક નથી બની શકી. કેમકે દરેક વ્યક્તિ કોઈને કોઈ ધર્મને વળગેલો રહે છે. ધાર્મિક માણસ જ એકબીજાને કાપે છે, હરીફાઈ કરે છે. અધર્મનો કોઈ સંપ્રદાય કે સંગઠન નથી. અધર્મનું કોઈ મંદિર નથી,કોઈ ધર્મસ્થાન નથી. ધાર્મિક બીજા ધાર્મિક સાથે લડીને તેને શક્તિ ગુમાવે છે. તેથી ધર્મ હંમેશા અધર્મ સામે હારી જાય છે. ધર્મ પાસે અધર્મ સામે લડવાની શક્તિ જ ક્ષીણ થઈ ગઈ છે. અધર્મ રોજ પ્રગતિ કરી રહ્યો છે કેમ કે ધાર્મિક અંદરોઅંદર લડાઈમાંથી જ મુક્ત નથી થઈ શકતા. અધર્મને જીતાડવા અરસપરસ લડનારા ધાર્મિક લોકો જ છે. કોઈ હિન્દુ ધર્મથી કંટાળીને બૌદ્ધ બને, કોઈ ખ્રિસ્તી ધર્મ પાળનાર મુસલમાન બને એ બધું બીમારી બદલવા જેવું છે. આ કોઈ ધાર્મિક બનવાનો રસ્તો કે ઉપાય નથી. ધર્મોમાંથી કયો શ્રેષ્ઠ ધર્મ એવી પસંદગી નથી કરવાની. બધા ધર્મોની વિદાય કરી આપવામાં આવશે તો પ્રથમ વાર એ સ્વતંત્રતા પ્રાપ્ત થશે કે જ્યાંથી ધર્મની યાત્રા શરૂ થાય છે. કારણ કે ત્યારબાદ ધર્મ વચ્ચે લડાઈ નહીં રહે, લડાઈ માત્ર અધર્મ સામે જ રહેશે. અધર્મ અને ધર્મ વચ્ચે પસંદગી કરો. ધર્મો વચ્ચે કોઈ પસંદગી નથી કરવાની. વિશ્વમાં એક જ ધર્મ છે અને એક જ અધર્મ છે. તેમાંથી એક પસંદ કરો

સાચા ધર્મની શોધ માટે સત્યને જાણવું પડશે. આપણે બધા કોઈ એક ધર્મને, એક શાસ્ત્રને, એક સંપ્રદાયને સમર્પિત છીએ, સત્યની ત્યારે જ ખબર પડશે જ્યારે મન અન્યના વિચારોને સીધેસીધા સ્વીકાર કરવાની ઘાતક પ્રવૃત્તિમાંથી મુક્ત બને. આપણને આત્મા, પરમાત્મા, પરલોક, સંસાર અસાર છે, મોક્ષની પ્રાપ્તિ કરવાની વગેરે શાસ્ત્ર દ્વારા રસ્તા મળી જાય છે. જે ખોટા છે. આ ઈલાજ અંતઃકરણથી નથી આવતા, શાસ્ત્ર દ્વારા લદાયેલા અને સમાજમાં જોવા મળેલા

પ્રચાર અને સંસ્કાર પ્રાપ્તિ હોય છે. ધર્મનું શિક્ષણ ના હોય, ધર્મની સાધના હોય છે. જો ધર્મનું શિક્ષણ શીખવામાં આવશે તો સાધના મુશ્કેલ બની જશે અને શીખેલી બાબતો મનમાં રહી જશે અને સત્યને જાણવાની શક્તિ મરી જશે. ધર્મની શીખવાડેલી શાસ્ત્ર-આધારિત બાબતો ભયજનક છે. ધર્મના શાસ્ત્રોક્ત સિદ્ધાંતો શીખવી દેવાથી માણસના જીવનમાં જ્યારે પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે શીખેલી બાબતો જવાબ આપી દેશે અને માણસ તેનાથી સંતોષ માનશે. ભયસ્થાન એ છે કે જવાબ અંતઃકરણથી નહીં આવે શાસ્ત્રોથી આવશે. જે શીખેલું સત્ય છે. શીખવાડેલો જવાબ એ સાચો જવાબ નથી. જીવન જાણવા માટે છે, શીખવા માટે નથી. શીખેલા ઉત્તરો ગણિતમાં બરાબર છે, જીવનમાં ના ચાલે. કોઈ પૂછે કે ઈશ્વર છે? આપણે કહીએ હા તો આ શીખેલો જવાબ તો નથી ને? આસ્તિકતા પણ શીખી શકાય છે અને નાસ્તિકતા પણ શીખી શકાય છે. ના આસ્તિક જીવનને જાણી શકે છે, ના નાસ્તિક જીવનને જાણી શકે છે. જીવનને જાણવાનો માર્ગ જુદો જ છે. આપણે સૌ ગોખેલા, તૈયાર જવાબથી પરેશાન છીએ. જવાબ જાણવાનો માણસને આનંદ છે અને જ્ઞાની હોવાનો દંભ તેને મજા કરાવે છે. શાસ્ત્રો જાણી લેવાથી જીવનની સમસ્યા ઉકેલાતી નથી. જીવનની સમસ્યા હલ થતી નથી. જીવનમાં પ્રવેશ કરવાથી હલ થાય છે. Learningની દિશા અલગ છે. Knowingની દિશા અલગ છે. વિજ્ઞાન શીખી શકાય છે, ધર્મ શીખી નથી શકાતો. વિજ્ઞાનના વિદ્યાલય હોય છે, ધર્મના વિદ્યાલયો નથી હોતા. વિજ્ઞાનનો ગ્રંથ છે. ધર્મનો કોઈ ગ્રંથ નથી. વિજ્ઞાનમાં ડિગ્રી કે પરીક્ષા હોય છે, ધર્મની કોઈ ડિગ્રી કે પરીક્ષા નથી હોતી. કોઈ ધર્મની પરીક્ષા પાસ કરી લે અને પોતાને ધાર્મિક માની લે તો એ મોટી ગેરસમજ છે. વાંચીને પરિચય અને જાણકારી માત્ર મળે છે, જ્ઞાન તો આંતરખોજથી જ મળી શકે છે. રમણ મહર્ષિને એક જર્મન વિચારકે આવીને પૂછ્યું કે, ‘મેં બહુ જ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. હવે કયું શાસ્ત્ર વાચું કે મને જ્ઞાન મળે ?’ તો રમણ મહર્ષિએ કહ્યું: ‘કૃપા કરો, જે વાંચેલું છે તે ભૂલી જાવ.’ સ્વયંને ઓળખવો છે તો શાસ્ત્રોને છોડો. કેમ કે શાસ્ત્રોથી જાણકારી મળશે. જાણકારી મનને પરતંત્ર કરે છે, બાંધે છે, માન્યતા ઉત્પન્ન કરે છે. માન્યતા સ્વયંની ખોજમાં બાધારૂપ બને છે. વાંચેલું જ્ઞાન ઉધાર જ્ઞાન છે. એ જ્ઞાનથી આપણે તૃપ્ત બનીએ છીએ. જેમ બીજાની આંખને આપણે આપણી આંખ માની લઈએ છીએ. બીજાનું મેળવેલું જ્ઞાન આપણું જ્ઞાન હોવાની ભ્રાંતિ પેદા કરે છે. કેમકે જાણવાની જિજ્ઞાસા ખતમ થઈ ગઈ હોય છે. માટે Learning કરતા Knowingની દિશામાં જવું ઉત્તમ છે. શીખેલો વ્યક્તિ કોઈને કોઈ આદર્શનું આચરણ કે અનુકરણ કે નકલ કરશે. શ્રી મહાવીર નગ્ન દશામાં રહેતા હતા એટલે તેના શિષ્યોએ પણ તેમ કરવાનું ઉચિત છે? અનુકરણમાં દંભ અને અભિનય હોય છે. આ એક મોટી સાધના છે જેનું કોઈ મૂલ્ય નથી હોતું. ધર્મનું પતન બાહ્ય અનુકરણથી થાય છે. આટલા બધા સાધુ, સંન્યાસી, પાદરી, મંદિર ઉપદેશકો હોવા છતાં ધર્મની જ્યોતિ ઝાંખી થતી જાય છે. વાસ્તવિક ધાર્મિકતા અંદરથી પ્રગટે છે અને વહ્યા કરે છે. માટે અનુકરણ ઘાતક છે અને સત્યની શોધમાં બાધક છે. તેથી શીખવા કરતા જાણવું જરૂરી છે. અનુકરણ સહેલું છે, અંતઃકરણ મુશ્કેલ છે. સત્યને જાણવું છે તો અંતઃકરણને બદલો, આચરણ નહીં. આચરણ કોઈનું ઉધાર લીધેલું છે. અંતઃકરણ બદલવાનો માર્ગ યોગ, ધ્યાન અને આંતરનિરીક્ષણ છે. આ સાચો ધર્મ છે. જીવન અને ચેતનાને જોડવાથી અંતઃપ્રવેશ થાય છે.

ઉપસંહાર રૂપ એટલું કહી શકાય કે ધર્મો અને સંપ્રદાયો, આશ્રમો, ધર્મસ્થાનો, ધર્મગુરુઓ, ધર્મશાસ્ત્રો વગેરેના મૃગજળ પાછળ દોડવા જેવું નથી. આંતર-નિરીક્ષણ, આત્માની ઓળખથી પરમાત્મા સુધી પહોંચી શકાય છે. તમે પણ બુદ્ધ, મહમ્મદ કે મહાવીર બની શકો એટલી ચેતના પરમાત્માએ સૌને આપી છે. બ્રાન્ડેડ ધર્મ અને બ્રાન્ડેડ ધાર્મિકતા સમાજ માટે જોખમી છે. માટે કોઈ વિશેષણ વગરનો ધર્મ કે ધાર્મિકતા જ વિશ્વને શાંતિ આપશે.

સંદર્ભઃ ‘ઓશો પ્રવચન સાર’

(લોકભારતી, લોકસેવા મહાવિદ્યાલય -સણોસરા.
મો.૯૭૨૩૫૫૩૧૬૫૪)




## માહ્યલાનો ટેકો ધરાવતી બુદ્ધિ

નિત્ય-નૂતન ગાંધીજીનું જીવન એટલે ભકિતયોગ અને કર્મયોગનો સંગમ. અલખને ઓટલે બિરાજવાની પાત્રતા જીવનસાધના દ્વારા ગાંધીએ પ્રાપ્ત કરી હતી. શ્વેતવસ્ત્ર-પોતડી ધારણ કરતો ગાંધી ભીતરથી સંપૂર્ણ ગેરુઆ રંગે રંગાયેલો ફકીર માણસ હતો. ભીતરના સૂરને સાંભળીને એ અંતરાત્માના અવાજને લોકકાર્યોમાં પ્રયોજતો. રચનાત્મક, કર્મશીલ સેવક ગણો તો ચાલે. ગાંધીજીનું યુગકાર્ય પ્રલંબ હતું. એ માટે સ્વયંની પાત્રતા કેળવવા સજાગ હતા. પ્રાર્થના એમના માટે આત્માનો ખોરાક તેથી નિત્ય પ્રભુ-પ્રાર્થના એમનામાં ઓતપ્રોત-સહજ હતી. અસ્તિત્વ તરફનો અનુરાગ અનહદ હતો. જાત સાથેની સચ્ચાઈથી અંતરાત્મા સભર હતો. એટલે જ ગાંધીજી અહિંસક રીતે સત્યના મારગે ચાલી ભારતને આઝાદી અપાવી શકયા હતા. આવા તન-મનથી નિરામય બાપુના અનોખા પ્રદાનને બિરદાવતા **ગુણવંત શાહ** કહે છે કે:**'સ્વસ્થ મનુષ્ય એટલે એવો મનુષ્ય જેને કારણે ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયા એક ડગલું આગળ વધે. ગાંધીના ઉત્ક્રાંત માનવ્યને આવી દષ્ટિએ બિરદાવું છું.'**

● ગાંધીજી એટલે ડાયનેમિક સ્ટેબિલિટી - ડાયનેમિઝમ - સમય પ્રમાણે પરિવર્તનો સ્વીકારી આગળ વધતો માણસ. સમયને ઓળખી જનારો જણ. વિશ્વશાંતિના કવિ ઉમાશંકર જોશીએ ગાંધીજીને 'માનવજાતિના શિક્ષક' કહ્યા છે.

● બાપુ પોતાના કાર્યમાં ધ્યાનમય બની જતા. ગાંધીજીનું યજ્ઞકાર્ય એટલે જે કંઈ કામ કરીએ તેમાં ઓગળી જવું.

● કોઈ માણસને બે મિનિટ મળવાનો સમય આપેલ હોય પરંતુ બે મિનિટ મળીને આવેલો માણસ ગાંધીજીને આખો મળી આવતો, એ સમયે ગાંધી અને મુલાકાતી વચ્ચે માનસિક તાદાત્મ્ય સર્જાતું.

● ગાંધીજીનો કર્મયોગ એટલે જ પરમેશ્વરે સર્જેલી સૃષ્ટિમાં જે કંઈ આપણે પામ્યા તેનું ઋણ અદા કરવાની ભાવનાથી થતું કર્મ.

● ગાંધીજીમાં જીવનના સકારાત્મક પાસાને ઉજાગર કરવાની લગની હતી. માણસને બેઠો કેમ કરવો, માનવીય કેમ બનાવવો એ બાબતે સજાગ હતા.

● બાપુનું ધ્યાન એટલે જળસંપત્તિનું જતન કરવું, વૃક્ષોનું રક્ષણ કરવું, પક્ષી અને પશુધનનું આરક્ષણ રચવું. સ્વચ્છતાને અગ્રીમતા આપવી.

● ગાંધીવિચાર એ કે છેવાડે શ્વસતા લોકો સુધી પ્રથમ હરોળના લોકો જઈ સંવાદ રચે, એમની સમસ્યાઓ જાણી એને પોતાની સાથે લઈ લે એવી જીવનશૈલી.

● ભીતરની શકયતાને પ્રયોગોથી ચકાસતા રહેતા પ્રાણવાન માણસ ગાંધીજી હતા.

● પોતાનાં આદરેલાં કામોમાં ખોવાઈ જવું બાપુ માટે સહજ રહેતું એવી માનસિક સમુદ્ધિ એમની હતી. કર્મ તરફની વફાદારીએ બાપુનાં રચનાત્મક કાર્યોને વૈશ્વિક કર્યાં છે.

●સૃષ્ટિના સાદને વફાદાર રહેનાર માણસ ભીતરમાં સત્ય, પ્રેમ કરુણાને સેવી શકે છે. ગાંધીજીએ ભલે ગેરુઆ રંગનાં વસ્ત્રો ધારણ ન કર્યાં, સંસારી હોવા છતાં એ તો શ્વેતવસ્ત્ર, પોતડીધારી સંન્યાસીનું જીવન જીવતાં. જાણે કે કોઈ હિમાલયનો સાધક સંસારમાં રમણ કરતો, અસંખ્ય લોકોને અંધારાથી મુકત કરી અજવાળા તરફ દોરી જતો હોય એવું જીવતાં હતા.

● ગાંધીજી ભોજન આરોગતા તો સમગ્રતા અન્નમય બની જતા. પૂરતો સમય ભોજનને આપતા, સાદુ ભોજન પણ છપ્પનભોગ જમતા હોય તેમ પ્રત્યેક કોળિયાને પાચક બનાવી સ્વાદ લેતા. ગાંધીજીના આલોચક એવા આચાર્ય

રજનીશે એમની તરુણવયે ગાંધીબાપુને જમતા જોયા હતા. એ સમયને વર્ષો પછી પોતાના એક વકતવ્યમાં-પ્રસંગને પ્રગટ કરતા કહેલું: 'બાપુ ખા રહે હૈ ઔર દુનિયા થમ સી ગઈ હો. બાપુ ઔર ભોજન એક હો ગયે ઐસા લગે.'

● ગાંધીજીના કાર્યો એટલે ઘસાઈને ઊજળા થવાની ક્રિયા. દરેક કાર્યમાં તલ્લીન થઈ જતા બાપુ. ગાંધીજી જયારે સાવરણો હાથમાં લઈ સફાઈ કરતા ત્યારે માત્ર સફાઈ જ કેન્દ્રમાં હોય, સાવરણો સ્વયં ગાંધીમય બની જતો હશે! અનાજ સાફ કરતા, ઘંટીએ દળણું દળતા બાપુ અનાજમય બની જતા. રેંટિયે બેસતા, કાંતતા, વાસણ માંજતા, પત્ર લખતા કે કાગળનો જવાબ આપતા બાપુ અંતરના અવાજને સાંભળવાનું ચૂકતા નહીં. બાપુ ભગવદ્‌ગીતાના કર્મયોગને જીવતા હતા. ફળની અપેક્ષા નહીં, કાર્ય તરફની નિષ્ઠા ગાંધીજીમાં બેમિસાલ હતી.

● ગાંધીજીની કરુણાનો પાયો એટલે માનવ-માનવને જોડતો સ્નેહનો સેતુ. જયાં કોઈપણ માનવનું શોષણ થતું હોય તેને દૂર કરવા ગાંધીજી પ્રયત્ન આદરે જ,ઈતિહાસ એની સાક્ષી આપે છે.

● ભારતના બહુધા લોકોને પેટ ભરાય એટલું ભોજન ના મળે તો બાપુ પણ પોતાની જમવાની થાળીમાં વાનગીઓ ઘટાડી દે.

● બાપુની જીવનશૈલીનો એક સંવાદ છેઃ તા. ૨૯/૦૧/૧૯૪૭ - બપોરે ગાંધીજીને મનુબહેને ખાંસી માટે પેનેસિલિનની ગોળી લેવા કહ્યું તે સમયે ગાંધીજીએ કહ્યું હતુંઃ 'જો મનુ, હું એક ફોડકીથી મરું તો પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. જો બંદૂકની ગોળીએ મરું તો જાણજે કે સાચો મહાત્મા હતો.'

● જગતના રાજકીય પ્રવાહોથી વાકેફ રહેતા છતાં રાજકારણી નહીં. રાજકીય કિન્નાખોરી ગેરહાજર હોય એવા રાજપુરુષ હતા.

● આ મહામાનવની આત્મકથાએ ગુજરાતી ભાષા-સાહિત્યને અદકેરું માન અપાવ્યું છે. અત્યાર સુધીમાં જગતની અનેક ભાષાઓમાં એનો અનુવાદ થઈ ચૂકયો છે. 'સત્યના પ્રયોગો' વિશ્વસાહિત્યની અનન્ય આત્મકથા ગણાઈ તેના કારણમાં સત્યની માવજત અને પ્રામાણિક નિખાલસતા રહેલી દેખાય. ગાંધીજીની એક કેફિયતમાં એમના આત્માનો નાદ સાંભળી શકાય છે કે, 'હું 'મહાત્મા' ગણાઉં તેથી મારું વચન સાચું જ એમ માની કોઈ ન વર્તે. 'મહાત્મા' કોણ તે આપણે જાણતા નથી. સારો માર્ગ એ છે કે 'મહાત્મા'ના વચનને પણ બુદ્ધિની કસોટીએ ચડાવવું તે, તેમાં કસ ન ઊતરે તો તે વચનનો ત્યાગ કરવો.'

ગાંધીદ્રઢતાના આ પ્રયોગોનું પરિણામ એટલે આત્મમંથન, આત્મદર્શનમાંથી પસાર થઈ સત્યને પામવું. ગાંધીજી બીજાઓના સત્યને જોવા માટે પોતાના મનની બારી અહર્નિશ ઉઘાડી રાખે છે. બાપુ માટે સત્ય લક્ષ્ય અને અહિંસા સાધન હતી. સમય જતા એ બંનેમાં અભેદ જોતા થઈ ગયા, માટે તેમની સાધના સત્ય-અહિંસાના અદ્વૈતની બની ગઈ હતી. આ સાધનાને ગાંધીજી 'સત્યાગ્રહ' નામ આપી કેડીને રાજમાર્ગ બનાવી વિશ્વને એક દિવ્યપંથ કંડારી આપે છે.

● બાળક સાથે બાળક બની જતા, અગત્યની મિટિંગ ચાલતી હોય તે સમયે બકરીને ચારો નાખવા ઊભા થઈ જતા. આ સંવેદના ગાંધીજીના જીવનના પાયામાં હતી. **ગુણવંત શાહ** બાપુના જીવનને સમજી કહે છેઃ

**'મહાત્મા ગાંધી આ પૃથ્વી પર પાંગરેલી નાદાન માનવજાતના ખોળામાં થોડાક વહેલા આવી પડયા! સદીઓ વીતે તેમ મહાત્માની વાતો સમજાતી જશે. કદાચ પચીસમી સદીમાં એક ભવ્ય ફિલ્મનું નિર્માણ થશે. જેનું શીર્ષક હશેઃ**

**'એક હતી પૃથ્વી, એક હતો માણસ અને એક હતો ગાંધી.'**

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્કઃ ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

# ૧૩. સંસ્થા સમાચાર (જુલાઈ, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૦૩ના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે ભાવનગરની સંઘવી શિક્ષણ મહાવિદ્યાલયના પૂર્વ આચાર્ય શ્રી મનહરભાઈ ઠાકરે, ભારતીય પરંપરાનાં મૂલ્યોને આધારે રાખી ગુરુપૂર્ણિમાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિઓ તથા કાર્યકર પ્રતિનિધિએ દક્ષિણામૂર્તિદેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.
- તા.૭ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં વર્ષા-મંગલ કાર્યક્રમ યોજાયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૧ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ–૨૪૭ના સમાપન કાર્યક્રમમાં શ્રી કાંતિભાઇ ગોઠીએ શુભેચ્છા પ્રવચન આપ્યું તેમજ તેમના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું.
- લોકભારતીના દાતા એવી પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ-મુંબઈના દસેક ચીફ એક્ઝિક્યૂટીઝની એક ટીમ લવિના ફર્નાન્ડીઝના નેતૃત્વ તળે તા.૧૨ અને ૧૩ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયાં. તેઓ તા. ૧૨મીએ સાયંપ્રાર્થનામાં પણ ઉપસ્થિત રહ્યા, લોકભારતી પરિસરની પ્રવૃત્તિઓ ઉપરાંત લોકભારતી અને પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે ચાલતાં કાર્યો/પ્રોજેક્ટ્સ જોઈને સંતોષ વ્યક્ત કર્યો.
- તા.૧૨ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં ડૉ. દિનુભાઈ ચુડાસમાએ ‘શિક્ષકની પ્રતિબદ્ધતા અને ગુણવત્તા’ વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું.
- તા.૧૨ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષની પ્રવેશ કામગીરી અર્થે શ્રી જગદીશગિરિ ગોસાઈ, શ્રી અમિતભાઈ અને શ્રી કવિતાબહેન ગાંધીનગર જઈ આવ્યા.
- તા. ૧૮ના રોજ કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આઈ.સી.એ.આર. ફાઉન્ડેશન દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં કુલ ૫૦ મહિલા ખેડૂતોએ ભાગ લીધો.
- તા.૧૮ના રોજ અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો. ૩૦ ભાઈઓ અને ૬૦ બહેનો મળીને કુલ ૯૦ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવ્યો
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર તા.૧૯ના રોજ ગ્રામપંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ – ૨૪૮ નો વર્ગ પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, મોરબી અને રાજકોટ એમ ચાર જિલ્લાના ૨૪ તાલીમાર્થીઓએ તાલીમ લીધી.
- તા.૨૦ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૮ના વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઇ દેવમુરારિએ ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો
- તા. ૨૦ના રોજ અધ્યાપનમંદિરમાં સત્રારંભ અન્વયે શ્રી હસમુખભાઈ દેવમુરારિએ વિદ્યાર્થીઓને આવકાર્યા.
- તા. ૨૧ના અધ્યાપનમંદિરમાં સત્રારંભ નિમિત્તે શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ પ્રાસંગિક વાત કરી.

- નવજીવન પ્રકાશન દ્વારા મનુભાઈ પંચોળી 'દર્શક'નાં ત્રણ પુસ્તકોની નવી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છેઃ
  (૧)'રામાયણનો મર્મ' (૨) 'ઈતિહાસ અને કેળવણી'-સંવર્ધિત આવૃત્તિ (૩) 'મહાભારતનો મર્મ અને ગીતાની શીખ' સંયુકત
- લોકભારતી યુનિવર્સિટી અને લોકભારતી કૃષિવિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે પ્રારંભ થનારા પ્રાકૃતિકકૃષિ પ્રશિક્ષણ કેન્દ્રના પ્રારંભ કાર્યક્રમમાં તા.૨૪ના રોજ માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પધારવાના હતા, તેને અનુલક્ષીને અનેક બેઠકો, ઉચ્ચ અધિકારીશ્રીઓની અનેક મુલાકાતો અને તૈયારીઓ કરવામાં આવી. પરંતુ અતિ વરસાદને કારણે એમનો કાર્યક્રમ રદ થયો.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨૭ના રોજ સણોસરા ખાતે માનનીય પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમનું વેબ કાસ્ટીંગ કરવામાં આવ્યું. જેમાં મા.પ્રધાનમંત્રી દ્વારા પી.એમ.કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૪મો હપ્તો છોડવામાં આવ્યો. આ કાર્યક્રમ ૯૦ જેટલા ખેડૂતો અને વિદ્યાર્થીઓએ નિહાળ્યો.
- તા.૨૮ના રોજ શ્રી અરુણભાઈ દવેએ સત્રારંભ નિમિત્તે સાયંપ્રાર્થનાના અનુસંધાને લોકભારતીનાં શૈક્ષણિકમૂલ્યોને કેન્દ્રમાં રાખતું ઉદબોધન કર્યું.
- તા.૨૮ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૮ના તાલીમાર્થીઓએ ડુંગરદર્શન માણ્યું.
- ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૮માં શ્રી સોનલબહેન પરીખે 'પોતાની જાતથી ઉપર ઊઠતાં શીખવનાર' બે પુસ્તકો અને ડૉ. દિનુભાઈ ચુડાસમાએ 'પર્યાવરણને પોષક જીવનધારા'વિષય ઉપર વ્યાખ્યાન આપ્યાં.
- તા.૨૯ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ અને વિશ્વગ્રામના સંયુક્ત ઉપક્રમે લોકગાયિકા શ્રી મેઘા ડાલ્ટન દ્વારા ગાંધીગાનનો કાર્યક્રમ પ્રસ્તુત થયો. શ્રી વિશાલભાઈ ભાદાણીએ વિશ્વગ્રામ અને તેના વડા સંજયભાઈનો પરિચય આપ્યો, સંજયભાઈએ ગાંધીગાન મેઘા ડાલ્ટન અને કાર્યક્રમના પ્રયોજનની માહિતી આપી. મેઘા ડાલ્ટને ઝારખંડના લોકગીતો અને આદિવાસી સંગીતમાં વણાયેલા ગાંધીગાનને આગવી શૈલીમાં રજૂ કરી વિદ્યાર્થીઓનાં દિલ જીતી લીધાં. આભારદર્શન શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કર્યું. કાર્યક્રમનું આયોજન ગાંધીભારતી કેન્દ્ર દ્વારા થયું.
- તા. ૨૯ના રોજ અંગ્રેજી ખાસ વિષય સેમ.પાંચમાં શ્રી ધ્વનિબહેન વૈષ્ણવ, શાંતિલાલ શાહ એન્જિનિયરીંગ કૉલેજ-ભાવનગરના અંગ્રેજી વિષયના તજજ્ઞનુંએક ગેસ્ટ લેક્ચર યોજાઈ ગયું.
- તા.૩૦ના રોજ સર્વોદય સહકારી પ્રકાશન સંઘની સામાન્ય સભા શ્રી રામચન્દ્રભાઈ પંચોળીના અધ્યક્ષસ્થાને યોજાઈ ગઈ.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન પ્રાકૃતિકકૃષિ વિષય પર બે દિવસીય કુલ ૧૨ તાલીમ યોજાઈ ગઈ જેમાં ૩૦૧ સરકારી અધિકારી તેમજ ખેડૂતોએ ભાગ લીધો.
- તા.૩૦ના રોજ લોકભારતીના રસોડાની રસોઈમાં જીવાત નીકળવાની દુઃખદ ઘટના ઘટી. સોશિયલ મીડિયાએ તેને વરવું સ્વરૂપ આપ્યું. લોકભારતીના સર્વે હોદ્દેદારો અને કાર્યકરો અતિ દુઃખી થઈ ગયા અને એ બે-ત્રણ દિવસ તો કસોટીના રહ્યા. થોડાએક વાલીઓ પણ લોકભારતીની રૂબરૂ મુલાકાતે આવ્યા, તેમની રજૂઆતોને સંસ્થાના વડા શ્રી અરુણભાઈ, નિયામક શ્રી હસમુખભાઈ સહિત સંસ્થાના વરિષ્ઠ કાર્યકરોએ ધીરજપૂર્વક અને શાંતિથી સાંભળી અને સંસ્થાનો અભિગમ પણ સમજાવ્યો. સંસ્થાના કાર્યકરો તેમજ વિદ્યાર્થીઓ સજાગ થઈ આ આકરી કસોટીમાંથી પાઠ શીખી

ચોકસાઈપૂર્વક પુનઃકાર્યરત થયા.

- જુલાઈ માસના દર બુધવાર અને શનિવારના યોજાયેલ સમૂહસંમેલનમાં વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી. આ ઉપરાંત ભૂતિયા ગામના ખેડૂત આગેવાન શ્રી માવજીભાઈએ વડસક ગામડાંના પ્રશ્નો અને ભવિષ્યનાં પરિવર્તનો પર પોતાના અનુભવો રજૂ કર્યા.

**આંબલા સમાચાર**

- તા. ૨ના રોજ સાંસ્કૃતિક પરંપરા મુજબ ગુરુપૂર્ણિમાના મહિમાનું ગાન કરવામાં આવ્યું. ગુરુપૂજન કર્યા બાદ આ દિવસે શિહોરના ગોતમેશ્વર મહાદેવના મહંત પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીએ વ્યાખ્યાન આપ્યું અને તેમના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીને પાંચ-પાંચ વૃક્ષો એક વર્ષ માટે દત્તક આપવામાં આવ્યાં.
- આંબલામાં ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ સાયંપ્રાર્થનામાં જાણીતા શિક્ષકવિદ ડૉ.મનહરભાઈ ઠાકરનું પ્રસંગોચિત વકતવ્ય યોજાયું.
- તા.૦૨ના રોજ વર્ષાસ્નાનનો એક મજાનો કર્યક્રમ યોજાઈ ગયો. વરસાદમાં ભીંજાતાં-ભીંજાતા ગીતો ગાતાં, મસ્તી કરતાં, ન્હાવાની મોજ-મઝા માણતાં સૌએ વરસાદ અને કુદરતની લીલાની અનુભૂતિ કરી.
- તા. ૭ના રોજ જયાપાર્વતીના વ્રત નિમિત્તે થયેલા જાગરણમાં સંગીતસંધ્યા રાખેલ. જાણીતા લોકગાયક શ્રી જિતુભાઈ ઉપાધ્યાય તેમના સાથી કલાકારો શ્રી દીપકભાઈ, શ્રી નિખિલભાઈ તેમજ શ્રી ઋત્વિકભાઈ સાથે આવ્યાં અને વિદ્યાર્થીઓ સાથે સંગીતની મોજ માણી
- તા.૦૯ના રોજ વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના સંયુક્ત ઉપક્રમે ભાવવંદના, પરિસંવાદ તથા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ઋષિઓએ પ્રબોધેલાં મૂલ્યો, વર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતા સંદર્ભે પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી ચૈતન્ય ભટ્ટ, શ્રી મુસ્તુખાન સુખ, શ્રી માવજી બારૈયા, શ્રી રવજી ગાબાણી, શ્રી રાઘવજી ડાભી, શ્રી ઋત્વિક મકવાણા, શ્રી બિંદુબા ઝાલા, શ્રી અમરસિંહ ગોહિલ તથા શ્રી વાસ્યાંગ ડાંગર દ્વારા ભાવસભર રજૂઆત કરવામાં આવી. પ્રારંભે સંસ્થાના શ્રી વાઘજીભાઈ કરમટિયાએ સ્વાગત ઉદબોધન સાથે અહીં થયેલ આયોજન માટે હરખ વ્યક્ત કરેલ. શ્રી પ્રવીણભાઈ ઠક્કરે પ્રાસંગિક વક્તવ્ય તેમજ શ્રી અરુણભાઈ દવેએ અધ્યક્ષીય સમાપન કરેલ.
- તા.૧૨ના રોજ શ્રી લવિનાબહેનની આગેવાની નીચે પિડિલાઇટની ૧૨ વ્યક્તિઓની ટીમે આંબલા સંસ્થાની મુલાકાત લીધી.
- તા.૧૩ના રોજ NCC કોચ દ્વારા આંબલાના NCCના વિદ્યાર્થીઓની પરેડ ગોઠવાઈ. શ્રી નરેન્દ્રભાઈએ માર્ગદર્શન આપ્યું.
- તા.૧૪ના રોજ ઇસરો દ્વારા ચંદ્રયાન-૦૩ને લોન્ચ કરાયો, આ મિશન અંગે શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ વિદ્યાર્થીઓને માહિતી આપી અને વાર્તાલાપ કર્યો.
- તા.૧૬ના રોજ રસોડા-વ્યવસ્થાપક શ્રી મહર્ષિભાઈના દાદા શ્રી જસમતભાઈ સોલંકીનું જૈફ વયે નિધન થયું, તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.
- તા.૧૮ના રોજ ભૂતપૂર્વ કાર્યકર અને વર્ષો સુધી ગૌશાળા વ્યવસ્થાપક રહી ચૂકેલા શ્રી શાંતિભાઈ હઠીલાના દીકરા અને પૂર્વવિદ્યાર્થી શ્રી સૂર્યકાંતભાઈ શાંતિભાઈ હઠીલાને

માન.રાષ્ટ્રપતિ મહોદયાના હસ્તે ભૂમિસન્માન એવોર્ડ પ્રાપ્ત થયો. અભિનંદન.

- તા.૨૨ના રોજ GCERT-ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ભાવનગરના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ ઈન્સપાયર એવાર્ડ, સાઈન્સ, મેથ્સ અન્ડ એન્લિવેંમેંટ એક્સિબિશન નેશનલ ચિલ્ડ્રન સાઈન્સ કોંગ્રેસ વર્કશોપમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા ભાવનગર જઈ આવ્યાં.
- તા.૨૨ના રોજ મોજીલા પ્રોજેકટના કાર્યકર શ્રી કેતનભાઈ મકવાણાના મોટાભાઈ શ્રી કિશનભાઈનું ૩૨ વર્ષની વયે આકસ્માતમાં દુઃખદ નિધન થયું. તેમને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.
- તા.૨૯ના રોજ વિશ્વગ્રામ અને ગાંધીભારતી કેન્દ્ર-લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરાના ઉપક્રમે યોજવામાં આવેલ લોકગાયિકા શ્રી મેઘા ડાલ્ટનના ગાંધીગાન કાર્યક્રમમાં કાર્યકરો જઈ આવ્યા.
- તા.૩૦ના રોજ લોકભારતી ખાતે શ્રી સર્વોદય સહાકારી પ્રકાશન સંઘની મિટિંગમાં સભ્ય કાર્યકરો જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- ગુરુપૂર્ણિમાની ઊજવણી ઉત્સાહ અને ભાવથી કરવામાં આવી. શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓની કક્ષાને ધ્યાને લઈ સરસ ઉપયોગી વાતો કરી.
- ગુરુપૂર્ણિમા નિમિતે યજ્ઞાર્થે શ્રમકાર્ય ગોઠવવામાં આવ્યું. જેમાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા કાર્યકરોએ ગાયો માટેના ઘાસના પ્લોટમાં ૧૦ વીઘામાં હાઈબ્રીડ નેપીયર ઘાસની રોપણી કરી.
- રાત્રી કાર્યક્રમમાં શ્રી લાલુદાન ગઢવીએ લોકસાહિત્યમાં દુહા, છંદ, લોકગીત તથા લોકવાર્તાની રમઝટ બોલાવી અને વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ મોજ માણી.
- શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ સોનગઢમાં ગુરુજી સન્માન કાર્યક્રમમાં ગુરુજી એવા શ્રી ડાયાભાઈ ડાંગરનું સન્માન કરવામાં આવ્યું.
- આ વર્ષના કલાઉત્સવ જી-૨૦ અંતર્ગત 'વસુધૈવ કુટુંબકમ' વિષય ઉપર ધોરણ ૯ થી ૧૨ના છાત્રોએ ગીતગાન, ગીતવાદન, બાળકવિ, ચિત્રસ્પર્ધામાં ભાગ લઈ દરેકમાં પ્રથમ નંબર મેળવ્યો. સૌ સ્પર્ધકોને અભિનંદન પાઠવવામાં આવ્યા. પ્રત્યેકને રોકડ ઈનામ મળ્યાં.
- તળાજા તાલુકાનો યુવાઉત્સવ દિહોર મુકામે યોજાઈ ગયો. જેમાં સમૂહગીત, લગ્નગીત, હળવું કંઠ્યસંગીત અને તબલાંવાદનમાં આપણાં છાત્રો પ્રથમ પસંદગી પામ્યા. આ છાત્રો હવે જિલ્લાકક્ષાની પ્રતિયોગિતામાં ભાગ લેવા જશે.
- તા. ૧૧ના રોજ ગુજરાત નેવલ એન.સી.સી. ભાવનગર ખાતેથી તેમનો સ્ટાફ પ્રથમ વર્ષના એન.સી.સી.ના એનરોલમેન્ટ માટે સંસ્થામાં આવી ગયા.
- તા.૧૪ના રોજ પિડિલાઈટ મુંબઈના અધિકારીઓની એક ટીમ શ્રી લવિનાબહેનના નેતૃત્વ નીચે શુભેચ્છા મુલાકાતે આવી ગઈ. અહીંના વાતાવરણથી પ્રભાવિત થયા અને આનંદ વ્યક્ત કર્યો.
- તા. ૨૬ અને ૨૭ના રોજ 'મૃદુવડ' ની ટેકરી તથા આસપાસની પડતર જમીન ઉપર 'મેગા વૃક્ષારોપણ કાર્યક્રમ' યોજવામાં આવ્યો. જેમાં એન.એસ.એસ. અને એન.સી.સી.ના કેડેટોએ નેતૃત્વની જવાબદારી લઈ સરસ રીતે કાર્યક્રમ સંપન્ન કર્યો.
- શાળાની વન ડે ટુર તારીખ-૨૯ના રોજ યોજવામાં આવી. જેમાં હસ્તગિરિ, શેત્રુંજી-ડેમ, બગદાણાધામ અને ભગુડાધામની મુલાકાત લીધી.

સૌએ વન ડે ટૂરનો આનંદ માણ્યો.

- આ વિસ્તારમાં કામ કરતી 'મીરડા' નામની એન.જી.ઓ.એ આપણા કામથી પ્રભાવિત થઈ વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિકાસ માટે રૂપિયા ૧,૬૦,૦૦૦/- (એક લાખ અને સાઠ હજાર)ની કિંમતનું સ્માર્ટ ડિજિટલ બોર્ડ આપ્યું.
- 'મોજીલું શિક્ષણ' પ્રોજેક્ટ અંતર્ગત તળાજાની કુલ ૧૩ પ્રાથમિક શાળાઓમાં કૃષિ-બાગાયત વિકાસકેન્દ્ર મણારના આર્થિક સહયોગથી વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ૩ હજાર કરતાં વધારે વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી અરવિંદ ત્રિવેદી લિખિત 'સફળતાના વિચાર બીજ' પુસ્તકના વિમોચનમાં ભાવનગર મુકામે શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.
- વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ-બગસરા દ્વારા આયોજિત 'ભાવવંદના પરિસંવાદ' ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના યજમાન પદે તારીખ-૦૯ના રોજ યોજાઈ ગયો. આ પ્રેરક કાર્યક્રમમાં શ્રી વિશાલભાઈ ભાદાણી તથા શ્રી અરુણભાઈ દવેએ પ્રેરક વ્યાખ્યાનો આપ્યાં. આ કાર્યક્રમમાં ગ્રામદક્ષિણામૂર્તિઆંબલા,લોકભારતીના ૯ જેટલા પૂર્વવિદ્યાર્થીઓ જે વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે તેમણે પોતાના કાર્યોની પ્રસ્તુતિ કરી. શ્રી પ્રવીણભાઈ ઠક્કરે કાર્યક્રમની પ્રાસંગિકતા વ્યક્ત કરી. શ્રી સુરસંગભાઈ સતત બે દિવસ આ કાર્યકર્મમાં રોકાયા.
- લોકભારતીના ૧૯૭૦ના વિદ્યાર્થી શ્રી શંકરભાઈ રાઠોડ જેઓ શ્રી સુરસંગભાઈના સહાધ્યાયી હતા, તેમણે પ્રેરક આર્થિક સહાય રૂપિયા ૧,૧૧,૧૧૧,/- (એક લાખ અગિયાર હજાર એક સો અગિયાર) જેવી માતબર સહાય આપી. જેમાંથી મણાર લોકશાળાની છાત્રાઓ માટે સુઘડ સ્નાનઘાટ તથા કપડાં સૂકવવાના શેડનું નવનિર્માણ કરવામાં આવ્યું. સંસ્થા તેમની આભારી છે.

**માઈધાર સમાચાર**

- તા. ૨-૩ના રોજ ગુરુપૂર્ણિમા - ગુરુવંદના કાર્યક્રમ નિમિત્તે શ્રી મનસુખભાઈ સલ્લા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેઓએ પ્રાર્થના અનુસંધાને વાર્તાનો રસાસ્વાદ, ગુરુવંદના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સમક્ષ રસપ્રદ શૈલીમાં વાતો કરી. બપોર બાદ ૧૧-૧૨ ના વિધાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી - સંવાદ કર્યો હતો. માઈધાર કેન્દ્રના કાર્યકરો સાથે વાર્તાલાપ કરીને કેન્દ્ર દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય મેળવીને રાજીપો વ્યક્ત કર્યો હતો.
- તા. ૪ થી ૮ દરમિયાન લોકભારતી પરિવારની દીકરીઓ સુધાબેન ભલાણી અને નીરુબેન ગુંદરણીયા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવ્યા હતા. શ્રી સુધાબહેને વિદ્યાર્થીઓ સાથે પક્ષી-પરિચય ગોષ્ઠિ યોજી હતી. સાથે બંને બહેનોએ વિદ્યાર્થિની બહેનો સાથે સંવાદ - પ્રશ્નોત્તરી કર્યા હતા.
- તા. ૧૩ના રોજ પિડિલાઇટ - મુંબઈની ટીમ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગઈ.
- તા. ૩૦ના રોજ 'ખજાનાની શોધ' કાર્યક્રમની બધા વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ મજા માણી. ગણેશઆશ્રમ અગીયાળીમાં પ્રસાદ લીધો.
- કૃષિ-બાગાયત માઈધાર કેન્દ્ર દ્વારા આસપાસના ગામના ખેડૂતોને અને શાળાના બાળકોને વૃક્ષઉછેરની સમજણ આપીને આઠ હજાર રોપનું વિતરણ કરવામાં આવ્યું. મહિપાલભાઈ, સાગરભાઈ સાથે 'મોજીલું શિક્ષણ' તથા આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરો જાગૃતિ કાર્યક્રમમાં જોડાયા હતા.

પૂજન- અર્ચન સાથે નવા નીરનાં વધામણાં કરતાં લોકભારતી પરિવારજન



પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે શ્રી મનસુખભાઈ સલ્લાનું પ્રેરક ઉદ્‌બોધન





લોકગાયિકા અને પાર્શ્વગાયિકા શ્રી મેઘા ડાલ્ટન દ્વારા ગાંધીગાનની મોજસભર રજૂઆત








TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-